
# ઇતિહાસ અને નાગરિકશાસ્ત્ર


## ધોરણ - છઠ્ઠું













# ભારતનું સંવિધાન

## ભાગ ૪ ક

## નાગરિકોના મૂળભૂત કર્તવ્યો

**અનુચ્છેદ ૫૧ ક**

**મૂળભૂત કર્તવ્ય - ભારતના પ્રત્યેક નાગરિકનું એ કર્તવ્ય છે કે તેણે -**

(ક) દરેક નાગરિકે સંવિધાનનું પાલન કરવું. સંવિધાનના આદર્શો, રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનો આદર કરવો.

(ખ) સ્વાતંત્ર્ય ચળવળની પ્રેરણા આપનારા આદર્શોનું પાલન કરવું.

(ગ) દેશના સાર્વભૌમત્વ, એકતા અને અખંડતા સુરક્ષિત રાખવા પ્રયત્નશીલ રહેવું.

(ઘ) આપણા દેશનું રક્ષણ કરવું, દેશની સેવા કરવી.

(ઙ) દરેક પ્રકારના ભેદભાવને ભૂલીને એકતા અને બંધુત્વની ભાવના વિકસાવવી. સ્ત્રીઓના સન્માનને ઠેસ પહોંચાડનારી પ્રથાઓનો ત્યાગ કરવો.

(ચ) આપણી સંમિશ્ર સંસ્કૃતિના વારસાનું જતન કરવું.

(છ) નૈસર્ગિક પર્યાવરણનું જતન કરવું. સજીવ પ્રાણીઓ પ્રત્યે દયાભાવ રાખવો.

(જ) વૈજ્ઞાનિક દષ્ટિ, માનવતાવાદ અને જિજ્ઞાસાવૃત્તિ કેળવવી.

(ઝ) સાર્વજનિક માલમત્તાનું જતન કરવું. હિંસાનો ત્યાગ કરવો.

(ઞ) દેશની ઉત્તરોત્તર પ્રગતિ માટે વ્યક્તિગત તેમજ સામૂહિક કાર્યમાં ઉત્તમતા-શ્રેષ્ઠતાનું સ્તર જાળવી રાખવાનો પ્રયત્ન કરવો.

(ટ) ૬થી ૧૪ વય જૂથના બાળકોને તેમના વાલીએ શિક્ષણની તક પૂરી પાડવી.

મંજૂરી ક્રમાંક : મરાશૈસંપ્રપ/અવિવિ/શિપ્ર/૨૦૧૫-૧૬/૧૬૭૩ દિનાંક ૬.૪.૨૦૧૬

# ઇતિહાસ અને નાગરિકશાસ્ત્ર

## ધોરણ - છઠ્ઠું

મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે.

3C4RPZ

તમારાં સ્માર્ટફોનમાં DIKSHA App દ્વારા પાઠ્યપુસ્તકનાં પહેલા પાનાં પરનાં Q.R. Codeથી ડિઝીટલ પાઠ્યપુસ્તક અને દરેક પાઠમાં આપેલા Q.R. Codeથી તે સંબંધિત પાઠનાં અધ્યયન – અધ્યાપન માટે ઉપયોગી દૃશ્ય-શ્રાવ્ય સાહિત્ય ઉપલબ્ધ થશે.

પ્રથમાવૃત્તિ : ૨૦૧૬

પુનર્મુદ્રણ : નવેમ્બર ૨૦૨૦

© મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે - ૪૧૧ ૦૦૪.

મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ પાસે આ પુસ્તકના બધા હક્ક રહેશે. આ પુસ્તકનો કોઈ પણ ભાગ સંચાલક, મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળની લેખિત પરવાનગી વગર છાપી શકાશે નહિ.

**ઇતિહાસ વિષય સમિતિ :**

ડૉ. સદાનંદ મોરે, અધ્યક્ષ
શ્રી. મોહન શેટે, સદસ્ય
શ્રી. પાંડુરંગ બલકવડે, સદસ્ય
ઍડ. વિક્રમ ઐડકે, સદસ્ય
ડૉ. અભિરામ દિક્ષિત, સદસ્ય
શ્રી. બાપુસાહિબ શિંદે, સદસ્ય
શ્રી. બાળકૃષ્ણ ચોપડે, સદસ્ય
શ્રી. પ્રશાંત સરૂડકર, સદસ્ય
શ્રી. મોગલ જાધવ, સદસ્ય-સચિવ

**નાગરિકશાસ્ત્ર વિષય સમિતિ :**

ડૉ. શ્રીકાંત પરાંજપે, અધ્યક્ષ
પ્રા. સાધના કુલકર્ણી, સદસ્ય
ડૉ. મોહન કાશીકર, સદસ્ય
શ્રી. વૈજનાથ કાળે, સદસ્ય
શ્રી. મોગલ જાધવ, સદસ્ય-સચિવ

**ઇતિહાસ અને નાગરિકશાસ્ત્ર વિષય વિષયજૂથ :**

શ્રી. રાહુલ પ્રભુ
શ્રી. સંજય વઝરેકર
શ્રી. સુભાષ રાઠોડ
સૌ. સુનીતા દળવી
ડૉ. શિવાની લિમયે
શ્રી. ભાઉસાહેબ ઉમાટે
ડૉ. નાગનાથ યેવલે
શ્રી. સદાનંદ ડોંગરે
શ્રી. રવીંદ્ર પાટીલ
શ્રી. વિક્રમ અડસૂળ
સૌ. રૂપાલી ગિરકર
સૌ. મીનાક્ષી ઉપાધ્યાય
સૌ. કાંચન કેતકર
સૌ. શિવકન્યા પટવે
ડૉ. અનિલ સિંગારે
ડૉ. રાવસાહેબ શેળકે
શ્રી. મરીબા ચંદનશિવે
શ્રી. સંતોષ શિંદે
ડૉ. સતીશ ચાપલે
શ્રી. વિશાલ કુલકર્ણી
શ્રી. શેખર પાટીલ
શ્રી. સંજય મેહતા
શ્રી. રામદાસ ઠાકર

**ભાષાંતરકાર :** શ્રીમતી કલ્પના ટી. મેહતા

**ભાષાંતર સંયોજન :** કેતકી નિતેશ જાની, વિશેષાધિકારી ગુજરાતી, પાઠ્યપુસ્તક મંડળ, પુણે-૪

**લેખિકા :** ડૉ. શુભાંગના અત્રે, પ્રા. સાધના કુલકર્ણી

**મુખપૃષ્ઠ અને સજાવટ :** પ્રા. દિલિપ કદમ, શ્રી. રવીન્દ્ર મોકાટે

**નકાશાકાર :** શ્રી. રવિકિરણ જાધવ

**સંયોજક :**

**શ્રી. મોગલ જાધવ**
વિશેષાધિકારી, ઇતિહાસ અને નાગરિકશાસ્ત્ર
**શ્રીમતી વર્ષા સરોદે**
વિષય સહાયક, ઇતિહાસ અને નાગરિકશાસ્ત્ર
પાઠ્યપુસ્તક મંડળ, પુણે-૪.

**નિર્મિતિ :**

**શ્રી. સચ્ચિદાનંદ આફળે,**
મુખ્ય નિર્મિતિ અધિકારી
**શ્રી. પ્રભાકર પરબ,**
નિર્મિતિ અધિકારી
**શ્રી. શશાંક કણિકદળે,**
સહાયક નિર્મિતિ અધિકારી

**અક્ષરાંકન :**
ગુજરાતી વિભાગ, પાઠ્યપુસ્તક મંડળ, પુણે-૪.

**કાગળ :**
૭૦ જી. એસ. એમ. ક્રિમવોવ

**મુદ્રણાદેશ :** N/PB/2021-22/1,000

**મુદ્રક :** SHARP INDUSTRIES , RAIGAD

**પ્રકાશક :**

શ્રી. વિવેક ગોસાવી, નિયંત્રક,
પાઠ્યપુસ્તક નિર્મિતિ મંડળ,
પ્રભાદેવી, મુંબઈ - ૨૫.

# ભારતનું સંવિધાન

## આમુખ

અમે ભારતના લોકો ભારતને એક સાર્વભૌમ સમાજવાદી બિનસાંપ્રદાયિક લોકતંત્રાત્મક પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત કરવાનો

તથા તેના સર્વ નાગરિકોને :

સામાજિક, આર્થિક અને રાજકીય ......................ન્યાય

વિચાર, અભિવ્યક્તિ, માન્યતા,

ધર્મ અને ઉપાસનાની ...............................સ્વતંત્રતા

દરજ્જા અને તકની ..................................સમાનતા

પ્રાપ્ત થાય તેમ કરવાનો

અને તેઓ સર્વમાં

વ્યક્તિનું ગૌરવ અને રાષ્ટ્રની

એકતા અને અખંડતા સુદૃઢ કરે એવી ................બંધુતા

વિકસાવવાનો

ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને

અમારી સંવિધાનસભામાં ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ આથી આ સંવિધાન અપનાવી, તેને અધિનિયમિત કરી અમને પોતાને અર્પિત કરીએ છીએ.

## રાષ્ટ્રગીત

જનગણમન – અધિનાયક જય હે
ભારત – ભાગ્યવિધાતા.
પંજાબ, સિંધુ, ગુજરાત, મરાઠા,
દ્રાવિડ, ઉત્કલ, બંગ,
વિંધ્ય, હિમાચલ, યમુના, ગંગા,
ઉચ્છલ જલધિતરંગ,
તવ શુભ નામે જાગે, તવ શુભ આશિષ માગે,
ગાહે તવ જયગાથા.
જનગણ મંગલદાયક જય હે,
ભારત – ભાગ્યવિધાતા.
જય હે, જય હે, જય હે,
જય જય જય, જય હે.

## પ્રતિજ્ઞા

ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈબહેન છે.

હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે. હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.

હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.

હું મારા દેશ અને દેશબાંધવો પ્રત્યે વફાદારી રાખવાની પ્રતિજ્ઞા લઉં છું. તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ સમાયેલું છે.

# પ્રસ્તાવના

'રાષ્ટ્રીય અભ્યાસક્રમ રૂપરેખા –૨૦૦૫' અને 'બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણનો હક્ક અધિનિયમ – ૨૦૦૯' અનુસાર મહારાષ્ટ્ર રાજ્યમાં 'પ્રાથમિક શિક્ષણ અભ્યાસક્રમ–૨૦૧૨' તૈયાર કરવામાં આવ્યો. આ સરકાર માન્ય અભ્યાસક્રમની કાર્યવાહી ૨૦૧૩–૨૦૧૪ના શાલેય વર્ષથી ક્રમશઃ શરૂ થઈ ગઈ છે. આ અભ્યાસક્રમમાં ધોરણ ત્રીજાથી પાંચમા સુધી ઇતિહાસ અને નાગરિકશાસ્ત્ર વિષયનો સમાવેશ 'પરિસર અભ્યાસ ભાગ–૧' અને 'પરિસર અભ્યાસ ભાગ–૨'માં કરવામાં આવ્યો છે. ધોરણ છઠ્ઠાથી આગળના અભ્યાસક્રમમાં ઇતિહાસ અને નાગરિકશાસ્ત્ર સ્વતંત્ર વિષય છે. આ પહેલાં આ વિષય માટે બે સ્વતંત્ર પાઠ્યપુસ્તકો હતાં. હવે આ બંને વિષયોનો સમાવેશ આ મોટા કદના અનેક પાઠ્યપુસ્તકમાં કરવામાં આવ્યો છે. આ પાઠ્યપુસ્તક આપના હાથમાં મૂકતાં અમને આનંદ થાય છે.

અધ્યયન–અધ્યાપન પ્રક્રિયા બાલકેંદ્રી બની રહે, સ્વયં અધ્યયન ઉપર ભાર આપવામાં આવે, અધ્યયન અને અધ્યાપન પ્રક્રિયા આનંદદાયી બની રહે એવો વ્યાપક દૃષ્ટિકોણ રાખીને આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. પ્રાથમિક શિક્ષણના વિવિધ તબક્કે વિદ્યાર્થીઓએ ચોક્કસ કઈ ક્ષમતા પ્રાપ્ત કરવી તે અધ્યયન–અધ્યાપન કરતી વખતે સ્પષ્ટ હોવી જોઈએ. તે માટે આ પાઠ્યપુસ્તકમાં ઇતિહાસ અને નાગરિકશાસ્ત્ર વિભાગની શરૂઆતમાં તે તે વિષયોની અપેક્ષિત ક્ષમતા દર્શાવેલ છે. આ ક્ષમતાના અનુષંગે પાઠ્યપુસ્તકના આશયની નવીનતા સભર રજૂઆત કરવામાં આવી છે.

ઇતિહાસમાં 'પ્રાચીન ભારતનો ઇતિહાસ' આપેલો છે. તેના દ્વારા વિદ્યાર્થીઓ પોતાની સંસ્કૃતિ અને પરંપરાની સર્વાંગી માહિતી મેળવે તેમજ આ દ્વારા તેમની સામાજિક એકાત્મતા સંબંધી સમજ વિકસે તે ઉદ્દેશ છે. હડપ્પા સંસ્કૃતિના સમયથી જ ભારતનો પરદેશીઓ સાથે સ્થપાયેલો વેપારી સંબંધ પ્રાચીન ભારતની સમૃદ્ધિના મૂળમાં હતો. આ વેપારી સંબંધ વિશ્વબંધુત્ત્વ અને આંતરરાષ્ટ્રીય સામંજસ્ય સિવાય શક્ય નથી તેના ઉપર ભાર આપવામાં આવ્યો છે.

નાગરિકશાસ્ત્રમાં 'સ્થાનિક શાસન સંસ્થા' વિશેની માહિતી મેળવતી વખતે વિકાસની યોજનાઓમાં સ્થાનિક જનતાનો સહભાગ, મહિલાઓનો સહભાગ અને તેમના સહભાગથી થયેલા ફેરફારનો હેતુપૂર્વક ઉલ્લેખ કરેલો છે. આપણા દેશનો કારભાર સંવિધાન, કાયદા અને નિયમાનુસાર ચાલુ છે તે વિદ્યાર્થીઓને સરળ ભાષામાં સમજાવ્યું છે. પાઠમાં ચોરસમાં આપેલી માહિતી વિદ્યાર્થીઓના અધ્યયનને વધારે અસરકારક બનાવી શકશે. શિક્ષકો માટે જુદી સૂચનાઓ આપેલી છે. અધ્યાપન વધારેમાં વધારે કૃતિપ્રધાન બની રહે, તે માટે ઉપક્રમો આપવામાં આવ્યા છે.

પાઠ્યપુસ્તક ક્ષતિરહિત અને ગુણવત્તાસભર બને, તે માટે મહારાષ્ટ્રના બધા વિસ્તારોમાંથી પસંદ કરેલા શિક્ષક, તેમજ કેટલાંક શિક્ષણતજ્જ્ઞો અને વિષયતજ્જ્ઞો પાસે આ પુસ્તકનું સમીક્ષણ કરવામાં આવ્યું છે. આવેલી સૂચના અને અભિપ્રાયોનો કાળજીપૂર્વક વિચાર કરીને આ પુસ્તકને અંતિમ સ્વરૂપ આપ્યું છે. ગુજરાતી ભાષાંતરનું શ્રી. ઇલેશકુમાર આર. ગાંધીએ ગુણવત્તા પરીક્ષણ કર્યું છે. મંડળની ઇતિહાસ વિષય સિમિતિ અને નાગરિકશાસ્ત્ર વિષય સમિતિ, અભ્યાસજૂથનાં સદસ્યો, લેખક અને ચિત્રકારે ખૂબજ નિષ્ઠાથી આ પુસ્તક તૈયાર કર્યું છે. મંડળ આ દરેકનું અંતઃકરણપૂર્વક આભારી છે.

વિદ્યાર્થી, શિક્ષક અને વાલી આ પુસ્તકનું સ્વાગત કરશે, તેવી આશા છે.

(ડૉ. સુનિલ મગર)
**સંચાલક**
મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ
અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે–૪.

પુણે
તારીખ : ૯ મે, ૨૦૧૬, અખાત્રીજ
ભારતીય સૌર : ૧૯, વૈશાખ, ૧૯૩૮

## – શિક્ષકો માટે –

- પ્રાચીન ભારતનો ઈતિહાસ વિદ્યાર્થીઓને શીખવવાનું પ્રયોજન એ છે કે વિદ્યાર્થીઓને આપણી સંસ્કૃતિ અને પરંપરાની સર્વાંગી માહિતી મળે અને તે દ્વારા તેમની સામાજિક અને રાષ્ટ્રીય એકાત્મતા બાબતની સમજ વધે. શિક્ષકોએ પ્રાચીન ભારતનો ઈતિહાસ શીખવતી વખતે આ પ્રયોજન ધ્યાનમાં રાખીને અધ્યાપન પદ્ધતિનું આયોજન કરવું.
- રોજિંદા જીવનમાં અનુભવાતી અનેક સાંસ્કૃતિક પ્રથા–પરંપરા બાબત વિદ્યાર્થીઓના મનમાં અનેક પ્રશ્નો હોય છે. તે પ્રશ્નો કયા હોઈ શકે તે સ્વાનુભવના આધારે શિક્ષકોને જાણ હોવી અપેક્ષિત હોય છે. આવા પ્રશ્નો વિદ્યાર્થીઓ નિર્ભયતાથી પૂછી શકે, તે દૃષ્ટિએ શિક્ષકે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવું.
- આપણા સાંસ્કૃતિક વારસાની સમજ પ્રાચીન ભારતના ઈતિહાસના અભ્યાસ દ્વારા વિકસિત થાય તે માટે જુદાજુદા પ્રકારની પ્રાચીન વસ્તુ, સિક્કા, પ્રાચીન સ્થાપત્યના નમૂના વિશે વધારેમાં વધારે માહિતી મેળવવાનાં સાધનો ક્યાં, તેનું વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવું. પાઠ્યપુસ્તકની માહિતી ઉપરાંત વધારાની માહિતીનું સંકલન કરવા માટે તેમને પ્રોત્સાહન આપવું.
- હડપ્પા સંસ્કૃતિના સમયથી જ ભારતનો દૂરના દેશો સાથે સ્થપાયેલો વેપારી સંબંધ પ્રાચીન ભારતની સમૃદ્ધિના કારણે હતો. તે ધ્યાનમાં રાખીને આંતરરાષ્ટ્રીય વેપારનું સ્વરૂપ વિદ્યાર્થીઓને ટૂંકમાં સમજાવવું. આવો વેપાર વિશ્વબંધુત્વ અને આંતરરાષ્ટ્રીય સામંજસ્ય વગર શક્ય બનતો નથી, તે વિદ્યાર્થીઓના ધ્યાનમાં લાવવું.
- રામાયણ અને મહાભારત જેવાં મહાકાવ્યોને નૃત્યનાટિકાના સ્વરૂપે રજૂ કરવાની પરંપરા અગ્નિ એશિયાના ઈંડોનેશિયા, કંબોડિયા જેવા દેશોમાં આજસુધી ટકી રહી છે. ત્યાંના પ્રાચીન શિલ્પોમાં પણ તેમાંની કથાનો સમાવેશ થયેલો જોવા મળે છે. તે બાબતની વધુ માહિતી મેળવીને વર્ગમાં રજૂ કરી શકાય, તે માટે વિદ્યાર્થીઓને પ્રકલ્પ આપવા.
- ‘પાણિનિ’, ‘સ્મૃતિ’ જેવા હ્રસ્વ ‘ઈ’કારાન્ત શબ્દ અને ‘સિંધુ’ જેવા હ્રસ્વ ‘ઉ’કારાન્ત શબ્દ સંસ્કૃતમાંથી ગુજરાતીમાં આવેલા તત્સમ શબ્દો છે. આવા શબ્દો વિશેષનામના સ્વરૂપે પુસ્તકમાં આવ્યા હશે, તો તેનો જ્યારે પહેલી વખત ઉલ્લેખ થયો હશે. ત્યારે તે શબ્દો અનુક્રમે હ્રસ્વ ઇકારાન્ત અને હ્રસ્વ ઉકારાન્ત મૂક્યા છે. આ શબ્દોનું મૂળરૂપ સમજાય માટે આમ કરેલ છે. પરંતુ આવા શબ્દોનો જ્યારે પછીથી ઉલ્લેખ થતો હશે, ત્યારે તે શબ્દ ગુજરાતી પ્રમાણલેખનના નિયમાનુસાર દીર્ઘ ‘ઈ’કારાન્ત અને દીર્ઘ ‘ઊ’કારાન્ત લખેલા છે. આવા તત્સમ શબ્દો સમાસમાં પૂર્વપદ તરીકે આવ્યા હશે, તો માત્ર પ્રમાણલેખનના નિયમાનુસાર તેનું મૂળરૂપ સર્વત્ર કાયમ રાખ્યું છે.
- નાગરિકશાસ્ત્ર વિષયની શરૂઆત કરતાં પહેલાં આપણા દેશની શાસનરચના સ્પષ્ટ કરવી. કેંદ્રશાસન, ઘટક રાજ્ય શાસન અને સ્થાનિક શાસનનું સ્વરૂપ ટૂંકમાં સ્પષ્ટ કરવું.
- સ્થાનિક કારભાર માટે રાજ્યશાસનના સ્વતંત્ર કાયદા છે. વિદ્યાર્થીઓને તે કાયદાની વિસ્તૃત માહિતી આપવી અપેક્ષિત નથી. પરંતુ આપણા દેશનો કારભાર સંવિધાન (બંધારણ) કાયદા અને નિયમોને અનુસરીને ચાલે છે તે તેમને ન ભૂલતાં જરૂરથી કહેવું. કાયદાનું અધિરાજ્ય હોવાના ફાયદા તેમને જુદાંજુદાં ઉદાહરણો દ્વારા બતાવવાં.
- તોતેરમા અને ચુમોતેરમા સંવિધાન સુધારાનો અહીં સંક્ષિપ્ત ઉલ્લેખ છે. સંવિધાનના આ સુધારાને કારણે સ્થાનિક શાસન સંસ્થાનું સબળીકરણ થયું છે, તે બાબત ધ્યાનમાં રાખી સ્થાનિક શાસન સંસ્થામાં થયેલાં પરિવર્તન વિદ્યાર્થીઓને કહેવાં.
- સ્થાનિક શાસન સંસ્થામાં મહિલાઓના સહભાગનો અને તેમના સહભાગ દ્વારા આવેલા પરિવર્તનનો અવશ્ય ઉલ્લેખ કરવો.
- બ્રિટિશ રાજ્યવહીવટમાં ‘સ્થાનિક સ્વરાજ્ય સંસ્થા’ સ્થાનિક શાસનને કહેતા. સ્વતંત્રતા પછી દરેક સ્તરે સ્વરાજ્ય હોવાથી હવે ‘સ્થાનિક શાસન સંસ્થા’ કહેવાય છે.
- ચોકઠામાં આપેલી માહિતી ઉપર વિદ્યાર્થીઓને પ્રશ્નો પૂછવા નહિ.

# પ્રાચીન ભારતનો ઇતિહાસ

## અનુક્રમણિકા


| પાઠનું નામ | પૃષ્ઠ ક્ર. |
|---|---|
| ૧. ભારતીય ઉપખંડ અને ઇતિહાસ | ૧ |
| ૨. ઇતિહાસનાં સાધનો | ૬ |
| ૩. હડપ્પા સંસ્કૃતિ | ૧૦ |
| ૪. વૈદિક સંસ્કૃતિ | ૧૫ |
| ૫. પ્રાચીન ભારતનો ધાર્મિક પ્રવાહ | ૨૦ |
| ૬. જનપદો અને મહાજનપદો | ૨૬ |
| ૭. મૌર્યકાલીન ભારત | ૩૦ |
| ૮. મૌર્ય સામ્રાજ્ય પછીના રાજ્યો | ૩૬ |
| ૯. દક્ષિણ ભારતનાં પ્રાચીન રાજ્યો | ૪૨ |
| ૧૦. પ્રાચીન ભારત : સાંસ્કૃતિક | ૪૮ |
| ૧૧. પ્રાચીન ભારત અને જગત | ૫૪ |



**S.O.I. Note :** The following foot notes are applicable : (1) © Government of India, Copyright : 2016. (2) The responsibility for the correctness of internal details rests with the publisher. (3) The territorial waters of India extend into the sea to a distance of twelve nautical miles measured from the appropriate base line. (4) The administrative headquarters of Chandigarh, Haryana and Punjab are at Chandigarh. (5) The interstate boundaries amongst Arunachal Pradesh, Assam and Meghalaya shown on this map are as interpreted from the "North-Eastern Areas (Reorganisation) Act. 1971," but have yet to be verified. (6) The external boundaries and coastlines of India agree with the Record/Master Copy certified by Survey of India. (7) The state boundaries between Uttarakhand & Uttar Pradesh, Bihar & Jharkhand and Chattisgarh & Madhya Pradesh have not been verified by the Governments concerned. (8) The spellings of names in this map, have been taken from various sources.

## ઈતિહાસ અધ્યયન નિષ્પત્તિ : ધોરણ છઠ્ઠું

| સૂચવેલી શૈક્ષણિક પ્રક્રિયા | અધ્યયન નિષ્પત્તિ |
|---|---|
| **વિદ્યાર્થીને જોડીમાં/સમૂહમાં/વ્યક્તિગત અધ્યયનની તક આપવી અને તેને નીચેની બાબતો માટે પ્રવૃત્ત કરવા**<br>• ઈતિહાસનું ઘડતર અને ભૌગોલિક વિશિષ્ટતા વિશે માહિતી મેળવવી.<br>• ચિત્રો, વિવિધ પ્રકારના ઈતિહાસના સાધનોના રેખાંકનોનું વાંચન, વિશ્લેષણ, તેના વિશે ચર્ચા કરીને ઈતિહાસતજ્જ્ઞોએ ભારતના પ્રાચીન ઈતિહાસની પુનર્બાંધણી કેવી રીતે કરી તેની માહિતી મેળવવી.<br>• નકશાવિષયક કૃતિઃ મહત્વના સ્થાનો શોધવા, શિકારી અને અન્ન મેળવવાના સ્થાનો, અન્ન ઉત્પાદક, હડપ્પા સંસ્કૃતિ, જનપદો, મહાજનપદો, સામ્રાજ્યો, બુદ્ધ અને મહાવીરના જીવનમાં ઘટેલી ઘટનાઓ સંબંધિત સ્થળો, ભારત બહારની કળા અને સ્થાપત્યના કેન્દ્ર અને તેમનો ભારત સાથેનો સંબંધ.<br>• મહાકાવ્યો, રામાયણ, મહાભારત, સિલપ્પધિકરમ, મણીમેખલાઈ અથવા કાલિદાસના મહત્વના સાહિત્યની શોધ કરવી.<br>• ચર્ચા કરવીઃ બૌદ્ધ અને જૈન ધર્મના તત્વો અને ઈત્તર વિચાર પ્રવાહની મૂળભૂત સંકલ્પના અને મધ્યવર્તી મૂલ્યો, તેમના ઉપદેશની આજના સમયમાં ઉપયોગીતા, પ્રાચીન ભારતની કળા અને સ્થાપત્ય શાસ્ત્રનો અભ્યાસ, ભારતનું સંસ્કૃતિ અને વિજ્ઞાન ક્ષેત્રમાં યોગદાન.<br>• ભૂમિકા પાલનઃ અનેક ઐતિહાસિક મધ્યવર્તી કલ્પનાઓ પર આધારિત. દા.ત. કલિંગ યુદ્ધ પછી સમ્રાટ અશોકમાં આવેલું પરિવર્તન. તે સમયના લેખિત સાધનોમાં અંતર્ભૂત એકાદ વિષય પર આધારિત.<br>• પ્રકલ્પ પદ્ધતિઃ રાજ્યોની ઉત્ક્રાંતિ, ગણ અને સંઘની કાર્યપદ્ધતિ – વિવિધ રાજ્યોનું, રાજવંશોનું યોગદાન, ભારતના ભારત બહારના ક્ષેત્રો સાથેનો સંપર્ક અને આ સંપર્કના થયેલાં વિશેષ પરિણામ જેવા પ્રકલ્પો પર આધારિત વર્ગચર્ચા.<br>• વસ્તુ સંગ્રહાલયની મુલાકાતઃ આદિ માનવ વસાહતોના ભૌતિક અવશેષો જોવા માટે – હડપ્પાકાલીન, તેમની સંસ્કૃતિનું સાતત્ય અને પરિવર્તન વિશે ચર્ચા કરવી. | **વિદ્યાર્થી**<br>06.73H.01 ઈતિહાસ અને ભૂગોળ વચ્ચેનો સહસંબંધ ઓળખે છે.<br>06.73H.02 ઈતિહાસના વિવિધ સાધનો ઓળખે છે અને તેમનો આ કાળના ઈતિહાસના પુનર્લેખન માટે ઉપયોગ સ્પષ્ટ કરે છે.<br>06.73H.03 ભારતના નકશાપર મહત્વના ઐતિહાસિક સ્થળોનું સ્થાન દર્શાવે છે.<br>06.73H.04 મહત્વના રાજ્યો, રાજવંશોનું નોંધપાત્ર યોગદાન સ્પષ્ટ કરે છે. દા. ત. અશોકના શિલાલેખ, ગુપ્તકાલીન નાણાં, પલ્લવોના રથ મંદિરો વગેરે<br>06.73H.05 પ્રાચીન કાળની વ્યાપક ઘટનાઓ સ્પષ્ટ કરે છે. દા. ત. શિકારી અને અન્ન ભેગા કરનારા મનુષ્ય અને ખેતીની શરૂઆત, સિંધુ સંસ્કૃતિના પહેલા અક્ષરો વગેરે. એક સ્થળની ઘટનાનો બીજા સ્થળ સાથે સંબંધ જોડે છે.<br>06.73H.06 તે કાળના લેખિત સાધનોમાં દર્શાવેલી બાબતો, ઘટના, વ્યક્તિનું વર્ણન કરે છે.<br>06.73H.07 ભારતના ભારત બહારના ક્ષેત્રો સાથેના સંપર્કના ધર્મ, કળા, સ્થાપત્યશાસ્ત્ર વગેરે ક્ષેત્રો પર થયેલા પરિણામ સ્પષ્ટ કરે છે.<br>06.73H.08 ભારતનું સાંસ્કૃતિક અને વૈજ્ઞાનિક ક્ષેત્રે યોગદાન સ્પષ્ટ કરે છે. દા.ત. ખગોળશાસ્ત્ર, વૈદકશાસ્ત્ર, ગણિત, ધાતુશાસ્ત્ર વગેરે.<br>06.73H.09 વિવિધ ઐતિહાસિક ઘટનાઓ સંબંધી માહિતીનું વિશ્લેષણ કરે છે.<br>06.73H.10 પ્રાચીન કાળના વિવિધ ધર્મ અને વિચારપદ્ધતિના મૂળભૂત તત્વો અને મૂલ્યોનું વિશ્લેષણ કરે છે.<br>06.73H.11 માનવતા અને ધર્મનિરપેક્ષતા એ સર્વશ્રેષ્ઠ વિચાર છે એ સ્પષ્ટ કરે છે.<br>06.73H.12 વૈચારિક અને સાંસ્કૃતિક આદાન–પ્રદાનથી માનવનું જ્ઞાન વધુ સમૃદ્ધ થાય છે તે સમજે છે. |

# ૧. ભારતીય ઉપખંડ અને ઇતિહાસ

૧.૧ ઇતિહાસનું ઘડતર અને ભૌગોલિક વિશિષ્ટતા
૧.૨ ભારતની ભૌગોલિક વિશિષ્ટતા
૧.૩ ભારતીય ઉપખંડ

## ૧.૧ ઇતિહાસનું ઘડતર અને ભૌગોલિક વિશિષ્ટતા

ધોરણ પાંચમામાં આપણે માનવ અને તેની આસપાસના પરિસરનો પરસ્પર કેવો ઘનિષ્ઠ સંબંધ હોય છે, તે વિસ્તારપૂર્વક જોયું છે. આદિમાનવની રહેણીકરણીમાં અને તંત્રજ્ઞાનમાં થયેલા પરિવર્તનથી તેના પરિસરમાં થયેલા ફેરફાર સાથે કેવી રીતે સંકળાયેલા છે, તે જોયું. અશ્મયુગીન સંસ્કૃતિથી નદીકિનારાની ખેતીપ્રધાન સંસ્કૃતિએ માનવ સંસ્કૃતિના ઇતિહાસનો પ્રવાસ કેવી રીતે ઘડ્યો, તેની આપણે સમીક્ષા કરી.

ઇતિહાસ એટલે માનવ સંસ્કૃતિના પ્રવાસમાં બનેલી દરેક પ્રકારની ભૂતકાળની ઘટનાઓની સુસંગત માંડણી. સ્થળ, કાળ, વ્યક્તિ અને સમાજ ઇતિહાસના મુખ્ય ચાર આધારસ્તંભ છે. આ ચાર ઘટકો સિવાય ઇતિહાસ લખી શકાતો નથી. આમાંથી સ્થળ ઘટક ભૂગોળ સાથે એટલે કે ભૌગોલિક પરિસ્થિતિ સાથે સંબંધિત છે. ઇતિહાસ અને ભૂગોળનો સંબંધ અતૂટ છે. ભૌગોલિક પરિસ્થિતિ ઇતિહાસ પર અનેક રીતે અસર કરતી હોય છે.

**ચાલો, ચર્ચા કરીએ.**

- તમારા પરિસરમાં ક્યા ક્યા વ્યવસાયો છે ?
- તમારા પરિસરમાં ક્યા ક્યા પાક લેવામાં આવે છે ?

ખોરાક, પહેરવેશ, ઘરબાંધણી, વ્યવસાય વગેરે બાબતો ઘણા અંશે આપણે રહેતા હોઈએ તે પરિસરની ભૌગોલિક વિશિષ્ટતા પર આધારિત હોય છે.



ઘરના પ્રકાર

સમાજજીવન પણ તેના પર આધારિત હોય છે. દાખલા તરીકે, ડુંગરાળ પ્રદેશમાં રહેતા લોકોનું જીવન મેદાન પ્રદેશમાં રહેતા લોકોના જીવન કરતાં વધારે કષ્ટદાયક હોય છે. ડુંગરાળ પ્રદેશમાં ખેતી માટે ફળદ્રુપ જમીનની ઉપલબ્ધતા ખૂબ જ થોડી, તો મેદાન પ્રદેશમાં ફળદ્રુપ જમીન મોટા પ્રમાણમાં ઉપલબ્ધ હોય છે. તેને લીધે ડુંગરાળ પ્રદેશના લોકોને તૃણધાન્યો અને શાકભાજી ઓછા પ્રમાણમાં મળે છે, તેની તુલનામાં મેદાન પ્રદેશના લોકોને આ વસ્તુઓ પર્યાપ્ત મળે છે. તેની અસર ખાવાપીવા ઉપર થતી જણાય છે. ડુંગરાળ પ્રદેશમાં રહેતા લોકોને ખોરાક માટે શિકાર ઉપર અને જંગલમાંથી ભેગા કરેલા પદાર્થો ઉપર વધારે આધાર રાખવો પડે છે. આવી જ રીતે ડુંગરાળ પ્રદેશમાં રહેનારા અને મેદાન પ્રદેશમાં રહેતા લોકોના જીવનની

રહેણીકરણીની અન્ય બાબતોમાં પણ તફાવત જોવા મળે છે.

આપણે રહેતા હોઈએ તે પ્રદેશના હવામાન, વરસાદ, ખેતી દ્વારા મળતાં પાક, વનસ્પતિ અને પ્રાણી વગેરે બાબતો આપણા જીવવાનાં સાધનો હોય છે. તેના આધારે જ તે તે પ્રદેશની જીવનપદ્ધતિ અને સંસ્કૃતિ વિકસિત થતી હોય છે. જીવવાનાં સાધનોની મબલકતા જ્યાં હોય, ત્યાં માનવસમાજ દીર્ઘકાળ માટે વસવાટ કરે છે. કાળાંતરે આ વસ્તીઓ ગ્રામ–વસાહત અને નગરમાં રૂપાંતર પામે છે. પર્યાવરણનો નાશ, દુકાળ, આક્રમણો અથવા અન્ય કારણોને લીધે જીવવાનાં સાધનોની અછત વર્તાવા માંડે, કે લોકોને ગામ છોડીને જવાની ફરજ પડે છે. ગ્રામ વસાહતો, નગરો વેરાન બની જાય છે. આવી અનેક ઘટનાઓ ઈતિહાસમાં બનેલી જણાય છે. તેના ઉપરથી ઈતિહાસ અને ભૂગોળનો સંબંધ અતૂટ હોય છે, તે સ્પષ્ટ થાય છે.

## ૧.૨ ભારતની ભૌગોલિક વિશિષ્ટતા

આપણો ભારત દેશ વિસ્તારમાં મોટો છે. તેની ઉત્તરે હિમાલય, પૂર્વમાં બંગાળનો ઉપસાગર, પશ્ચિમે અરબી સમુદ્ર અને દક્ષિણે હિંદી મહાસાગર છે. ભારતના આંદામાન–નિકોબાર અને લક્ષદ્વીપ ટાપુઓ સિવાયનો બાકીનો બધો પ્રદેશ ભૌગોલિક દૃષ્ટિએ સળંગ છે.

પ્રાચીન ભારતનો ઈતિહાસ શીખતી વખતે આપણે આ ભૂપ્રદેશને ધ્યાનમાં રાખવો પડે છે. તેનો જ ઉલ્લેખ આપણે 'પ્રાચીન ભારત' તરીકે કરવાના છીએ. આજનાં પાકિસ્તાન અને બાંગલાદેશ ઈ.સ. ૧૯૪૭ પૂર્વે ભારતના ભાગ હતાં.

ભારતીય ઈતિહાસની રચના અને સંકલનનો વિચાર કરીએ તો નીચેના છ ભૂપ્રદેશ મહત્ત્વના ઠરે છે.

૧. હિમાલય
૨. સિંધુ–ગંગા–બ્રહ્મપુત્રા નદીઓના મેદાન પ્રદેશ
૩. થરનું રણ
૪. દખ્ખણ (દક્ષિણ)નો ઉચ્ચપ્રદેશ
૫. સમુદ્રકિનારાના પ્રદેશ
૬. સમુદ્રમાંના ટાપુઓ



**હિમાલય પર્વત**

**૧. હિમાલય :** હિંદુકુશ અને હિમાલય પર્વતને લીધે ભારતીય ઉપખંડની ઉત્તરે જાણે એક અભેદ્ય દીવાલ જ ઊભી રહેલી છે. આ દીવાલને લીધે ભારતીય ઉપખંડ મધ્ય એશિયાના રણથી જુદો પડે છે. પણ હિંદુકુશ પર્વતના ખૈબર, બોલન આ ખીણમાંથી જતો ખુશકીનો વેપારી માર્ગ છે. મધ્ય એશિયામાંથી જતા પ્રાચીન વેપારી માર્ગો સાથે તે જોડાયેલો હતો. ચીનમાંથી નીકળી મધ્ય એશિયામાં થઈને અરબી પ્રદેશ સુધી જતો આ વેપારી માર્ગ 'રેશમ ભાગ' તરીકે ઓળખાય છે. કારણકે આ માર્ગે પશ્ચિમના દેશોમાં મોકલવામાં આવતા માલમાં રેશમ મુખ્ય હતું. આ જ ખીણના માર્ગે અનેક પરદેશી આક્રમણખોરોએ પ્રાચીન ભારતમાં પ્રવેશ કર્યો હતો. અનેક પરદેશી પ્રવાસીઓ આ માર્ગે ભારતમાં આવ્યા.



**ખૈબર ખીણ**

**૨. સિંધુ – ગંગા – બ્રહ્મપુત્રા નદીઓના મેદાન પ્રદેશ :** સિંધુ, ગંગા અને બ્રહ્મપુત્રા આ ત્રણેય મોટી નદીઓ તથા તેની ઉપનદીઓનો આ ખીણપ્રદેશ છે. આ પ્રદેશ પશ્ચિમમાં સિંધ–પંજાબથી પૂર્વમાં હાલના બાંગલાદેશ



ગંગા નદી

સુધી ફેલાયેલો છે. ભારતની સૌથી વધારે પ્રાચીન નાગરી હડપ્પા સંસ્કૃતિ અને ત્યાર પછીનાં પ્રાચીન ગણરાજ્યો અને સામ્રાજ્યો આ પ્રદેશમાં ઉદય પામ્યાં.

**તમે જાણો છો કે ?**

આફ્રિકા ખંડના સહારાનું રણ વિશ્વનું સૌથી મોટું રણ છે.



થરનું રણ


**૩. થરનું રણ :** થરનું રણ રાજસ્થાન, હરિયાણા અને ગુજરાત રાજ્યના કેટલાક વિસ્તારમાં ફેલાયેલું છે. તેનો કેટલોક ભાગ આજના પાકિસ્તાનમાં પણ છે. ઉત્તરે સતલજ નદી, પૂર્વે અરવલ્લી પર્વતની હારમાળા, દક્ષિણે કચ્છનું રણ અને પશ્ચિમે સિંધુ નદી છે. હિમાચલ પ્રદેશમાં નીકળતી ઘગ્ગર નદી થરના રણમાં પહોંચે છે. પાકિસ્તાનમાં તેને હાક્રા નામે ઓળખવામાં આવે છે. રાજસ્થાન અને પાકિસ્તાનમાં તેનો પટ હવે સૂકો થઈ ગયો છે. તે સૂકા થઈ ગયેલા પ્રદેશમાં હડપ્પા સંસ્કૃતિના અનેક સ્થળો વિખરાયેલાં છે.

**૪. દખ્ખણનો (દક્ષિણનો) ઉચ્ચપ્રદેશ :** એક બાજુ પૂર્વ કિનારા અને બીજી બાજુ પશ્ચિમ કિનારાની વચ્ચેનો ભારતનો ભૂપ્રદેશ દક્ષિણ તરફ સાંકડો થતો જાય છે. તેની પશ્ચિમ બાજુએ અરબી સમુદ્ર, દક્ષિણે હિંદી મહાસાગર અને પૂર્વે બંગાળનો ઉપસાગર છે. ત્રણે બાજુ પાણીથી ઘેરાયેલો આ જમીનનો ભાગ સમુદ્રમાં ઘૂસેલા એકાદ ત્રિકોણ આકારના ભાલા જેવો દેખાય છે. આવા ભૂપ્રદેશને 'દ્વીપકલ્પ' કહેવાય છે. ભારતીય દ્વીપકલ્પનો બહુતાંશ ભાગ દક્ષિણના ઉચ્ચપ્રદેશથી ફેલાયેલો છે.

દખ્ખણના ઉચ્ચપ્રદેશની ઉત્તર તરફ સાતપુડા અને વિંધ્યપર્વતની હારમાળા ફેલાયેલી છે. તેની પશ્ચિમે સહ્યાદ્રિ પર્વતની હારમાળા છે તેને 'પશ્ચિમઘાટ' પણ કહેવાય છે. સહ્યાદ્રિની પશ્ચિમ તળેટીમાં કોંકણ અને મલબારની કિનારાપટ્ટીનો પ્રદેશ છે. દક્ષિણના ઉચ્ચપ્રદેશની પૂર્વ તરફના ડુંગરને 'પૂર્વઘાટ' કહેવામાં આવે છે. આ ઉચ્ચપ્રદેશની જમીન ફળદ્રુપ હોવાથી ત્યાં હડપ્પા સંસ્કૃતિ પછીના સમયમાં અનેક ખેતીપ્રધાન સંસ્કૃતિ ઊછરેલી હતી. મૌર્ય સામ્રાજ્ય પ્રાચીન ભારતનું સૌથી મોટું સામ્રાજ્ય હતું અને દક્ષિણના ઉચ્ચપ્રદેશનો સમાવેશ આ સામ્રાજ્યમાં થયેલો હતો. મૌર્ય સામ્રાજ્ય પછી પણ અહીં અનેક નાનાં-મોટાં સામ્રાજ્યો થઈ ગયાં.

**૫. સમુદ્રકિનારાનો પ્રદેશ :** પ્રાચીન ભારતમાં હડપ્પા સંસ્કૃતિના સમયથી પશ્ચિમના દેશો સાથે વેપાર ચાલતો હતો. આ વેપાર દરિયાઈ માર્ગે ચાલતો હતો. તેને લીધે ભારતના સમુદ્રકિનારાના બંદરેથી પરદેશી સંસ્કૃતિ સાથે અને લોકો સાથે ભારતનો સંપર્ક અને લેવડદેવડ (આપ-લે) થતી હતી. પછીના સમયમાં ખુશકીના માર્ગે પણ એટલે જ જમીનના માર્ગે પણ વેપાર અને વ્યવહાર શરૂ થયા. તો પણ દરિયાઈ માર્ગનું મહત્ત્વ કાયમ રહ્યું.

**૬. સમુદ્રમાંના ટાપુઓ :** આંદામાન અને નિકોબાર બંગાળના ઉપસાગરમાં આવેલા ભારતીય બેટો છે. તેવી રીતે લક્ષદ્વીપ ભારતીય ટાપુનો સમૂહ અરબી સમુદ્રમાં છે. પ્રાચીન સમયના દરિયાઈ વેપારમાં આ ટાપુઓનું સ્થાન મહત્ત્વનું હોવું જોઈએ. 'પેરિપ્લસ ઑફ ધ એરિથ્રિયન સી' એટલે 'રાતા સમુદ્રનું માહિતીપુસ્તક'. આ પુસ્તકમાં ભારતીય બેટોનો ઉલ્લેખ છે. આ પુસ્તક એક અનામી ગ્રીક ખલાસીએ લખેલું છે.




## ૧.૩ ભારતીય ઉપખંડ

હડપ્પા અને મોહેંજોદડો શહેરો આજના પાકિસ્તાનમાં છે. અફઘાનિસ્તાન, પાકિસ્તાન, નેપાળ,

**કરીને જુઓ.**

ભારતના રૂપરેખાવાળા નકશામાં નીચેનાં સ્થળોની નોંધ કરો.

૧. હિમાલય પર્વત

૨. થરનું રણ

૩. પૂર્વ કિનારપટ્ટી



અંદામાન ટાપુ

ભૂતાન, બાંગલાદેશ, શ્રીલંકા અને આપણો ભારત દેશ મળીને તૈયાર થતો ભૂભાગ ‘દક્ષિણ એશિયા’ના નામે

ઓળખાય છે. આ જ ભૂભાગમાંના ભારત દેશનો વિસ્તાર અને મહત્ત્વ ધ્યાનમાં લઈને આ પ્રદેશને 'ભારતીય ઉપખંડ' પણ કહેવાય છે. હડપ્પા સંસ્કૃતિનો વિસ્તાર મુખ્યત્વે ભારતીય ઉપખંડના વાયવ્ય ભાગમાં થયેલો હતો.

ચીન અને મ્યાનમાર આપણા પાડોશી દેશ દક્ષિણ એશિયાના અથવા ભારતીય ઉપખંડના હિસ્સા નથી. તો પણ પ્રાચીન ભારત સાથે તેનો ઐતિહાસિક સંબંધ હતો. પ્રાચીન ભારતના ઇતિહાસના અભ્યાસમાં તેઓનું મહત્ત્વનું સ્થાન છે.

3CDHRH

## સ્વાધ્યાય

### ૧. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.

(૧) ઇતિહાસ એટલે શું ?
(૨) માનવસમાજ દીર્ઘકાળ માટે ક્યાં વસવાટ કરે છે?
(૩) ડુંગરાળ પ્રદેશમાં રહેતા લોકોને ખોરાક માટે મુખ્યત્વે શેના પર આધારિત રહેવું પડતું ?
(૪) ભારતની સૌથી પ્રાચીન નાગરી સંસ્કૃતિ કઈ ?

### ૨. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો.

(૧) માનવીનું સમાજજીવન કઈ બાબતો પર આધારિત હોય છે ?
(૨) આપણે રહેતા હોઈએ તે પ્રદેશની કઈ બાબતો આપણા જીવવાનાં સાધનો હોય છે ?
(૩) 'ભારતીય ઉપખંડ' ક્યા પ્રદેશને કહેવાય છે ?

### ૩. કારણો લખો.

(૧) ઇતિહાસ અને ભૂગોળનો સંબંધ અતૂટ હોય છે.
(૨) લોકોને ગામ છોડી જવાની ફરજ પડતી.

### ૪. ડુંગરાળ પ્રદેશ અને મેદાનપ્રદેશના લોકજીવન વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

### ૫. પાઠ્યપુસ્તકમાં આપેલા ભારતના પ્રાકૃતિક નકશાનું નિરીક્ષણ કરીને તેને આધારિત પ્રશ્નોના ઉત્તર લખો.

(૧) ભારતની ઉત્તરે ક્યા પર્વતની હારમાળા છે ?
(૨) ભારતની ઉત્તરેથી આવતા માર્ગો ક્યા ક્યા ?
(૩) ગંગા–બ્રહ્મપુત્રા નદીઓનો સંગમ ક્યાં થાય છે?
(૪) ભારતની પૂર્વમાં ક્યા ક્યા બેટો છે ?
(૫) થરનું રણ ભારતની કઈ દિશામાં છે ?

### ઉપક્રમ :

(૧) તમારા પરિસરમાં જોવા મળતા જલાશયો વિશે માહિતી મેળવો.
(૨) દુનિયાના નકશામાં નીચેની બાબતો/ઘટક દર્શાવો.
૧. હિમાચલ પર્વત
૨. રેશમ માર્ગ
૩. અરબી પ્રદેશ / અરબસ્તાન

* * *



વિવિધ વેશભૂષા

# ૨. ઇતિહાસનાં સાધનો

૨.૧ ભૌતિક સાધનો

૨.૨ લેખિત સાધનો

૨.૩ મૌખિક સાધનો

૨.૪ પ્રાચીન ભારતના ઇતિહાસનાં સાધનો

૨.૫ ઇતિહાસના લેખન બાબત લેવાની કાળજી

**કરીને જુઓ.**

- તમારા ઘરમાં દાદા–દાદીના સમયની હોય તેવી વસ્તુઓની યાદી બનાવો.
- તમારા પરિસરમાંની / ગામની કોઈ એક જૂની ઇમારતની માહિતી ભેગી કરો.

આપણા પૂર્વજોએ વાપરેલી અનેક વસ્તુ આજે પણ અસ્તિત્વમાં છે. તેમને કોતરીને સાચવેલા વિવિધ લેખો આપણને મળ્યા છે. આ સાધનોની મદદથી આપણે ઇતિહાસ જાણી શકીએ. એ ઉપરાંત રીતિરિવાજ, પરંપરા, લોકકલા, લોકસાહિત્ય, ઐતિહાસિક કાગળપત્રો, વગેરેના આધારે પણ આપણને ઇતિહાસ સમજાય છે. આ બધાંને 'ઇતિહાસનાં સાધનો' કહેવાય છે.

ઇતિહાસનાં સાધનો ત્રણ પ્રકારના છે : ભૌતિક સાધનો, લેખિત સાધનો, મૌખિક સાધનો.

**કહો જોઈએ!**

- કિલ્લા, ગુફા, સ્તૂપ જેવી વાસ્તુ (ઇમારતો) ને 'ભૌતિક સાધનો' કહેવાય છે. આ ઉપરાંત હજી કઈ કઈ ઇમારતોને ભૌતિક સાધનો કહેવાય છે?

## ૨.૧ ભૌતિક સાધનો

રોજિંદા જીવનમાં માણસ જુદાજુદા પ્રકારની વસ્તુઓનો ઉપયોગ કરતો હોય છે. પહેલાના માણસોએ વાપરેલી અનેક વસ્તુઓ આજે આપણને મહત્ત્વની માહિતી પૂરી પાડે છે. પુરાતન વસ્તુઓમાં ઠીકરાના (માટીના) ટુકડાના આકાર, રંગ, નકશીકામ ઉપરથી તે વાસણો કયા સમયના હશે તેનો અંદાજ લગાવી શકાય છે. દરદાગીના અને અન્ય વસ્તુઓ ઉપરથી માનવસમાજના પરસ્પર સંબંધોની માહિતી મળે છે. અનાજ, ફળોનાં બી અને પ્રાણીઓનાં હાડકાં ઉપરથી ખોરાકની માહિતી મળે છે. જુદાજુદા સમયે માણસોએ બાંધેલાં ઘરોના અને ઇમારતોના અવશેષો મળી આવે છે. આ ઉપરાંત નાણાં (મુદ્રા) પણ મળી આવે છે. આ બધાની મદદથી માનવ વ્યવહારની માહિતી મળે છે. આ સર્વ વસ્તુ અને વાસ્તુ (ઇમારત) અથવા તેનાં અવશેષોને ઇતિહાસનાં 'ભૌતિક સાધનો' કહેવાય છે.

**તમે જાણો છો કે ?**

અનાજના કણો લાંબા સમય સુધી સારા રહેતા નથી. તેને સડો લાગે છે. તેનો ભૂકો થઈ જાય છે.


પ્રાચીન સમયમાં અનાજનો લોટ કરતાં પહેલાં તે અનાજને શેકવામાં આવતું હતું અને પછી તેને દળવામાં આવતું. અનાજ શેકતી વખતે તેના કેટલાક કણ વધારે શેકાઈ જાય અથવા બળી જાય તો તેને ફેંકી દેવામાં આવતા. આવા બળેલા કણો વર્ષોના વર્ષો સુધી સચવાઈ રહેતા તે ખોદકામ કરતાં મળી આવે છે. તેઓની પ્રયોગશાળામાં ચકાસણી કરતા તે ક્યા અનાજના કણ છે તે ઓળખી શકાય છે.



સિક્કા



ઠીકરીનો ટુકડો



દરદાગીના



વાસણો



**તમે જાણો છો કે ?**

મંદિરોની દીવાલ, ગુફાઓની દીવાલ, શિલા, તામ્રપટ, વાસણો, કાચી ઈંટો, તાડપત્રો, ભોજપત્રો વગેરે ઉપર કોતરેલા લેખોનો સમાવેશ લેખિત સાધનોમાં થાય છે.



તામ્રપટ




શિલાલેખ

### ૨.૨ લેખિત સાધનો


અશ્મયુગના માણસોએ તેમના જીવનના અનેક પ્રસંગો અને ભાવના ચિત્રો દ્વારા વ્યક્ત કરી છે. હજારો વર્ષો વીતી ગયા પછી માણસોને લખવાની કલા હસ્તગત થઈ.

માણસ શરૂઆતમાં પ્રતીકો, ચિહ્નોનો ઉપયોગ નોંધ રાખવા માટે કરતો હતો. તેમાંથી લિપિનો વિકાસ થવામાં હજારો વર્ષ વીતી ગયાં.


શરૂઆતના સમયમાં ઠીકરા, કાચી ઈંટો, ઝાડની છાલ, ભોજપત્રો જેવા સાહિત્યનો લખવા માટે ઉપયોગ કરવામાં આવતો. આવા પ્રકારના સાહિત્ય ઉપરની વિગત એકાદ અણીદાર સાધનથી કોતરેલી હતી. અનુભવ અને જ્ઞાન જેમજેમ વધતું ગયું, તેમતેમ તેણે વિવિધ પદ્ધતિથી લેખન કરવાની શરૂઆત કરી. આસપાસ બનેલી ઘટના, દરબારી કાર્યોના અહેવાલ, વગેરે માહિતી લખીને રાખવાની પદ્ધતિ શરૂ થઈ. અનેક રાજાઓએ પોતાની આજ્ઞા (ફરમાન), ફેંસલા, દાનપત્રો પથ્થર અથવા તાંબાનાં પતરાં ઉપર કોતરાવીને રાખેલાં છે. કાળાંતરે વાઙ્મયના અનેક પ્રકાર નિર્માણ થયા. ધાર્મિક–સામાજિક સ્વરૂપોના ગ્રંથો, નાટકો, કાવ્યો, પ્રવાસવર્ણનો તેમજ વૈજ્ઞાનિક વિષયો ઉપર લેખન થયું. આ સાહિત્ય દ્વારા તે તે સમયનો ઈતિહાસ સમજવામાં મદદ મળે છે. આ બધા સાહિત્યને ઈતિહાસનાં 'લેખિત સાધનો' કહેવાય છે.



**તમે જાણો છો કે ?**



ભોજપત્રો ભોજ વૃક્ષની છાલમાંથી બનાવવામાં આવે છે. ભોજ વૃક્ષ કાશ્મીરમાં જોવા મળે છે.



ભોજ વૃક્ષ

ભોજ પત્ર

**કરીને જુઓ.**

● તમારા પરિસરના/ગામના વસ્તુસંગ્રહાલયની મુલાકાત લો. ત્યાં કઈ કઈ વસ્તુઓ છે, તેના ઉપર નિબંધ લખો.

● ઘંટીમાં દળતી વખતે ગવાતાં ગીતોનો સંગ્રહ કરો.

● જુદાં જુદાં લોકગીતો મેળવો. તેમાંથી એક લોકગીત શાળાના સાંસ્કૃતિક કાર્યક્રમમાં રજૂ કરો.

### ૨.૩ મૌખિક સાધનો

સ્તુતિ કાવ્ય, લોકગીતો, લોકકથા જેવા સાહિત્ય લખીને રાખ્યા હોતા નથી. તેના રચયિતા અજ્ઞાત હોય છે. તેનું પેઢી દર પેઢીઓ સુધી જતન થયેલું હોય છે. આવા સાહિત્યને મૌખિક પરંપરાથી સચવાયેલું સાહિત્ય કહેવાય છે. સ્તુતિ કાવ્યો, લોકગીતો, લોકકલા જેવા લોકસાહિત્યના પ્રકારનો તેમાં સમાવેશ થાય છે. આવા પ્રકારનાં સાધનોને ઇતિહાસનાં 'મૌખિક સાધનો' કહે છે.

**તમે જાણો છો કે ?**

● **ઓવી/સ્તુતિ કાવ્ય (મરાઠી) –**

પાંડુરંગ પિતા । રૂક્મિણી માઝી બયા।
આષાઢ વારીચેલા । પુંડલિક આલા ન્યાયા।।

● **લોકગીત (મરાઠી) –**

'મહાનગરી ઉજ્જની*　　　*(ઉજ્જયિની)
લઈ પુણ્યવાન દાની
તેથે નાંદત હોતા રાજા
સુખી હોતી પ્રજા
તિન્હી લોકી ગાજાવાજા
અસા ઉજ્જનીચા ઇક્રામ* રાજા'　　　*(વિક્રમાદિત્ય)

**તમે જાણો છો કે ?**

**પ્રાચીન ભારતનો ઇતિહાસ – લેખનનાં સાધનો**

**ભૌતિક સાધનો**

**વસ્તુ**

ગુફાચિત્રો
માટીનાં વાસણ
માટીનાં શિલ્પો
મોતી
રત્નો,
દરદાગીના
પથ્થરનાં શિલ્પો
ધાતુની વસ્તુ
સિક્કા
શસ્ત્રો

**વાસ્તુ**

ગુફા
ઘરો
સ્તૂપ
ગુફા
મંદિરો
ચર્ચ
મસ્જિદ
સ્તંભ

**લેખિત સાધનો**

● હડપ્પા લિપિના લેખ
● વૈદિક સાહિત્ય
● મેસોપોટેમિયાના ઇષ્ટિકાલેખો
● મહાભારત, રામાયણની હસ્તલિખિત પોથીઓ
● જૈન, બૌદ્ધ સાહિત્ય
● ગ્રીક ઇતિહાસકાર અને પ્રવાસીઓનાં લેખન
● ચીની પ્રવાસીઓનાં પ્રવાસવર્ણન
● વ્યાકરણગ્રંથ, પુરાણગ્રંથ, કોતરેલા લેખો

**મૌખિક સાધનો**

પ્રાચીન ભારતના મૌખિક પરંપરાથી સચવાયેલા વૈદિક, બૌદ્ધ અને જૈન સાહિત્ય હવે લેખિત સ્વરૂપમાં ઉપલબ્ધ છે. તેનું રૂપાંતર હવે લેખિત સ્વરૂપમાં થયું હોવા છતાં તેના પઠનની (વાંચનની) પરંપરા આજે પણ ચાલુ છે. મૌખિક સ્વરૂપના તે સાહિત્યનો ઉપયોગ જ્યારે ઇતિહાસના લેખન માટે કરવામાં આવે, ત્યારે તેનો સમાવેશ મૌખિક સાધનોમાં થાય છે.

### ૨.૪ પ્રાચીન ભારતના ઇતિહાસનાં સાધનો

અશ્મયુગના સમયથી ઈસવી સનના આઠમા સૈકા સુધીનો કાલખંડ (સમયગાળો) ભારતના ઇતિહાસનો પ્રાચીન કાલખંડ માનવામાં આવે છે. ભારતના અશ્મયુગ વિશેની માહિતી પુરાતત્ત્વીય ખોદકામમાંથી મળે છે. તે સમયમાં લિપિનો વિકાસ થયો નહોતો. ઈ.સ.પૂર્વે ૧૫૦૦થી પ્રાચીન ઇતિહાસની માહિતી વેદવાઙ્મયમાંથી મળે છે. શરૂઆતમાં વેદો લેખિત નહોતા. તેને મુખોદ્‌ગત કરવાનું તંત્ર પ્રાચીન ભારતીયોએ વિકસિત કર્યું હતું. કાળાંતરે વેદોનું લેખન થયું. વેદ વાઙ્મય (સાહિત્ય) અને ત્યાર પછી લખાયેલું સાહિત્ય પ્રાચીન ભારતના ઇતિહાસનું એક મહત્ત્વનું સાધન છે. તેમાં બ્રાહ્મણગ્રંથો, ઉપનિષદો, આરણ્યકો, રામાયણ, મહાભારત જેવાં મહાકાવ્યો, જૈન અને બૌદ્ધ ગ્રંથ, નાટકો, કાવ્યો, શિલાલેખ, સ્તંભાલેખ, પરદેશી પ્રવાસીઓનાં પ્રવાસવર્ણનો વગેરેનો સમાવેશ થાય છે. તે જ પ્રમાણે પુરાતત્ત્વીય ખોદકામમાંથી મળેલી વસ્તુ, પુરાતન ઇમારત, સિક્કા જેવાં અનેક ભૌતિક સાધનોની મદદથી આપણને પ્રાચીન ભારતનો ઇતિહાસ ઉકેલાય તે સમજાય છે.

### ૨.૫ ઇતિહાસ લેખન બાબત લેવાની કાળજી

ઇતિહાસનાં સાધનોનો ઉપયોગ કરતી વખતે કાળજી રાખવી પડે છે. કોઈ એક લેખિત પુરાવો માત્ર જૂનો છે, માટે તે વિશ્વસનીય હોય જ, એવું નથી. તે લેખન કોણે લખ્યું છે, શા માટે લખ્યું છે, ક્યારે લખ્યું છે તેની શોધ કરવી પડે છે. વિશ્વસનીય પુરવાર થયેલાં વિવિધ સાધનોના આધારે કાઢવામાં આવેલો નિષ્કર્ષ એકબીજા સાથે ચકાસવો પડે છે. ઇતિહાસ લેખનમાં આવી ચિકિત્સાને ખૂબ મહત્ત્વ હોય છે.



**શું કરશો ?**

- તમને એક જૂનો સિક્કો મળ્યો છે.
- પોતાની પાસે રાખશો.
- માતાપિતાને આપશો.
- વસ્તુસંગ્રહાલયમાં જમા કરાવશો.



**સ્વાધ્યાય**

**૧. એક વાક્યમાં ઉત્તર લખો.**

(૧) લખવા માટે ક્યા સાહિત્યનો ઉપયોગ કરવામાં આવતો ?

(૨) વેદ વાઙ્મયમાંથી કઈ માહિતી મળે છે ?

(૩) મૌખિક પરંપરા દ્વારા ક્યું સાહિત્ય સચવાયેલું છે?

**૨. નીચેનાં સાધનોનું ભૌતિક, લેખિત અને મૌખિક સાધનોમાં વર્ગીકરણ કરો.**

તામ્રપટ, લોકકથા, માટીનાં વાસણો, મોતી, પ્રવાસવર્ણનો, ઓવી, શિલાલેખ, પોવાડા (પવાડા), વૈદિક સાહિત્ય, સ્તૂપ, સિક્કા, ભજન, પુરાણગ્રંથ

| ભૌતિક સાધનો | લેખિત સાધનો | મૌખિક સાધનો |
|---|---|---|
| ----- | ----- | ----- |
| ----- | ----- | ----- |
| ----- | ----- | ----- |

**૩. પાઠમાં આપેલા ચિત્રમાં માટીનાં વાસણો જુઓ અને તેમની પ્રતિકૃતિઓ તૈયાર કરો.**

**૪. કોઈપણ સિક્કાનું નિરીક્ષણ કરો અને તે ઉપરથી નીચેની બાબતોની નોંધ કરો.**

સિક્કા ઉપરની વિગત, ઉપયોગમાં લીધેલી ધાતુ, સિક્કા ઉપરનું વર્ષ
...................... ......................... ....................
સિક્કા ઉપરનું પ્રતીક, સિક્કા ઉપરનું ચિત્ર, ભાષા, વજન
.................... .................... ........ ...........
આકાર, કિંમત
......... .........

**૫. કઈ કઈ બાબતો મૌખિક સ્વરૂપે તમને યાદ છે ? તેની જૂથમાં રજૂઆત કરો.**

ઉદા., કવિતા, શ્લોક, પ્રાર્થના, ઘડિયા, વગેરે.

**ઉપક્રમ :**

ભૌતિક, લેખિત સાધનોનાં ચિત્રોનો સંગ્રહ કરો અને તે ચિત્રોનું પ્રદર્શન બાલ આનંદમેળામાં ગોઠવો.

* * *

# ૩. હડપ્પા સંસ્કૃતિ

૩.૧ હડપ્પા સંસ્કૃતિ
૩.૨ ઘરો અને નગરરચના
૩.૩ મહોર (મુદ્રા) - વાસણ
૩.૪ મહાસ્નાનગૃહ
૩.૫ લોકજીવન
૩.૬ વ્યાપાર
૩.૭ વિનાશનાં કારણો

**કરીને જુઓ.**


ભારતના નકશાની રૂપરેખામાં હડપ્પા સંસ્કૃતિનાં સ્થળોનાં નામ લખો.

## ૩.૧ હડપ્પા સંસ્કૃતિ

ઈ.સ. ૧૯૨૧માં પંજાબની રાવી નદીના કિનારે હડપ્પામાં ખોદકામ પ્રથમવાર શરૂ થયું, માટે આ સંસ્કૃતિને 'હડપ્પા સંસ્કૃતિ'નું નામ મળ્યું. આ સંસ્કૃતિને 'સિંધુ સંસ્કૃતિ'ના નામે પણ ઓળખવામાં આવે છે.

હડપ્પાની દક્ષિણે લગભગ ૬૫૦ કિલોમીટર અંતરે સિંધુ નદીના ખીણપ્રદેશમાં મોહેં-જો-દડોમાં ખોદકામ થયું. હડપ્પા અને મોહેં-જો-દડો આ બંને સ્થળોના ખોદકામમાંથી વસ્તુ અને ઇમારતો (વાસ્તુ)ના જે અવશેષો મળ્યા છે, તેનામાં મહત્તમ સમાનતા હતી.

ધોળાવીરા, લોથલ, કાલીબંગન, દાયમાબાદ વગેરે સ્થળના ખોદકામ કરતાં પણ આવા જ પ્રકારના અવશેષ મળ્યા છે.



હડપ્પા સંસ્કૃતિની વિશેષતા સર્વસાધારણ રીતે સર્વત્ર સરખી જ જોવા મળે છે. નગરરચના, રસ્તા, ઘરોનું બાંધકામ, મોરીની પાણીની વ્યવસ્થા, મહોર, વાસણો, રમકડાં, મૃતદેહ દાટવાની પદ્ધતિનો તેમાં મુખ્યત્વે સમાવેશ થાય છે.

**કહો જોઈએ !**

- તમારા પરિસરનાં/ગામનાં ઘરોની રચના કેવી છે ?
- ઘરો નળિયાવાળાં, ધાબાનાં, ઢળતાં છાપરાવાળાં આ પ્રકારના છે કે ?

### ૩.૨ ઘરો અને નગરરચના

હડપ્પા સંસ્કૃતિના લોકોનાં ઘરો અને અન્ય બાંધકામો મુખ્યત્વે પકવેલી પાકી ઈંટોનાં હતાં. કેટલેક સ્થળે કાચી ઈંટો અને પથ્થરનો ઉપયોગ પણ બાંધકામ માટે કરવામાં આવતો. વચ્ચોવચ ચોક અને તેની આસપાસ ઓરડીઓ હોય તેવી રીતે ઘરોની રચના હતી. ઘરોના આંગણાંમાં કૂવા, સ્નાનગૃહો, શૌચાલયો હતાં. મોરીના પાણીના નિકાલની ઉત્તમ વ્યવસ્થા હતી. તે માટે માટીના પાકા પાવડાનો ઉપયોગ કરવામાં આવતો. રસ્તા ઉપરની ગટરો ઈંટોથી ઢંકાયેલી હતી. આ ઉપરથી સાર્વજનિક આરોગ્ય માટે તેઓ કેટલા જાગૃત હતા તે દેખાય છે.



હડપ્પા સંસ્કૃતિના કૂવા

**કહો જોઈએ !**

- મોરીનું પાણી લઈ જતી ગટરો ઢંકેલી ન હોય તો આરોગ્યની કઈ કઈ સમસ્યા નિર્માણ થાય ?

રસ્તાઓ પહોળા અને એકબીજાને કાટકોણમાં છેદે તે રીતે બાંધેલા હતા. તેથી તૈયાર થતી ખુલ્લી ચોરસ જગ્યામાં ઘરો બાંધવામાં આવતાં. નગરના બે અથવા વધારે વિભાગ કરવામાં આવ્યા હતા અને દરેક વિભાગને સ્વતંત્ર કિલેબંધી કરાયેલી હતી.

**કરીને જુઓ.**

એક બટેકું લો. તે વચ્ચેથી કાપો. કાપેલા ભાગ ઉપર કેટલાંક અક્ષરો, આકૃતિ ખીલીની મદદથી કોતરો. અક્ષરો, આકૃતિ કોતરેલો ભાગ શાહીમાં અથવા રંગમાં બોળો. રંગીન ભાગને કોરા કાગળ પર ઉપસાવો. શું થાય છે, તેનું નિરીક્ષણ કરો.

### ૩.૩ મહોર (મુદ્રા) – વાસણ

હડપ્પા સંસ્કૃતિની મહોરો મુખ્યત્વે ચોરસ આકારની સ્ટિએટાઈટ નામના પથ્થરમાંથી બનાવવામાં આવતી. મહોર ઉપર વિવિધ પ્રાણીઓની આકૃતિ છે. તેમાં બળદ, ભેંસ, હાથી, ગેંડા, વાઘ જેવાં સાચેસાચાં પ્રાણી અને એક શિંગડા જેવાં કલ્પિત પ્રાણી જોવા મળે છે. અન્ય પ્રાણીઓની આકૃતિ પ્રમાણે જ મનુષ્યની આકૃતિ પણ જોવા મળે છે. આ મહોરો છાપ ઉપસાવવા માટે વપરાતી હતી.



મહોર

**કરીને જુઓ.**

માટીના વાસણો કેવી રીતે બનાવવામાં આવે છે, તે જાણવા માટે માટીનાં વાસણ બનાવનારા કારીગરની મુલાકાત લો.

- કયા પ્રકારની માટી વાપરે છે ?
- માટી ક્યાંથી લાવે છે ?
- એક વાસણ તૈયાર થતાં કેટલો સમય લાગે છે ?

હડપ્પા સંસ્કૃતિનાં સ્થળોના ખોદકામ કરતાં વિવિધ પ્રકારનાં અને આકારોનાં વાસણો મળી આવ્યાં છે. તેમાં લાલ રંગના પૃષ્ઠભાગ ઉપર કાળા રંગથી નકશીકામ કરેલાં વાસણો છે. નકશીકામના નમૂનામાં માછલીનાં ભીંગડાં, એકબીજામાં ગુંચવાયેલાં વર્તુળો, પીપળાનાં પાંદડાં જેવાં પ્રતીકોનો સમાવેશ થાય છે. હડપ્પા સંસ્કૃતિના લોકો મૃત વ્યક્તિને દાટતી વખતે તે વ્યક્તિના શબની સાથે માટીનાં વાસણો મૂકતા હતાં.



વાસણો





**નિરીક્ષણ કરો.**

તમારા પરિસરમાં આવેલા તરવાના તળાવની મુલાકાત લો. તળાવનું પાણી બદલવાની અને ફરીથી તળાવમાં પાણી છોડવાની પદ્ધતિનું નિરીક્ષણ કરો.

હાલના તરવાના તળાવ અને હડપ્પાકાલીન સ્નાનગૃહની તુલના કરો.

## ૩.૪ મહાસ્નાનગૃહ

મોંહે–જો–દડોમાંથી એક સુંદર અને મોટું સ્નાનગૃહ મળી આવ્યું છે. આ મહાસ્નાનગૃહમાંનો સ્નાનકુંડ લગભગ ૩–૫ મીટર ઊંડો હતો. તેની લંબાઈ લગભગ ૧૨ મીટર અને પહોળાઈ લગભગ ૭ મીટર હતી. કુંડમાં રહેલું પાણી શોષાઈ ન જાય માટે તે અંદરથી પાકી ઈંટોથી બાંધેલો હતો. તેમાં ઊતરવા માટે વ્યવસ્થા હતી. તેમજ તેમાંનું પાણી અવારનવાર બદલવાની સગવડ પણ હતી.



મોંહે-જો-દડોમાંનું મહાસ્નાનગૃહ

**કહો જોઈએ !**


- તમારા પરિસરમાં/ગામમાં થતાં પાકોના, ફળોનાં નામ લખો.
- તમારા પરિસરના/ગામના લોકો કયા કયા પ્રકારનાં કપડાં પહેરે છે ?
- તમે જાણો છો તે દાગીનાનાં નામ લખો.

## ૩.૫ લોકજીવન

હડપ્પા સંસ્કૃતિના લોકો ખેતી કરતાં હતાં. કાલીબંગનમાંથી ખેડાયેલા ખેતરનો પુરાવો મળી આવ્યો છે. ત્યાંના લોકો જુદાજુદા પાક લેતા હતા. તેમાં ઘઉં, જવ મુખ્ય પાક હતા. રાજસ્થાનમાં જવનો પાક તો ગુજરાતમાં નાચણીનો પાક મોટા પ્રમાણમાં લેવામાં આવતો. આ ઉપરાંત વટાણા, તલ, મસૂર, વગેરે પાકો લેવામાં આવતા. હડપ્પા સંસ્કૃતિના લોકોને કપાસની જાણ હતી.

ખોદકામ દરમ્યાન મળી આવેલાં પૂતળાં, મહોરો પરનાં ચિત્રો અને કાપડના અવશેષો, વગેરે પુરાવા પરથી તેઓ કાપડ પણ વણતા હોવા જોઈએ. સ્ત્રી-પુરુષોના પોષાકમાં ઢીંચણ સુધીનાં વસ્ત્રો અને ઉપરણાંનો સમાવેશ થતો હતો.

જુદાજુદા પ્રકારના દાગીના ખોદકામ દરમ્યાન મળી આવ્યા છે. તે દાગીના સોના, તાંબા, રત્નો તેમજ છીપલાં, કોડી, બિયા, વગેરેનાં હતાં. અનેકસેરની માળા, વીંટી, બાજુબંધ, કમરબંધ જેવા દાગીના સ્ત્રી-પુરુષો પહેરતાં. સ્ત્રીઓ હાથમાં કોણી સુધી બંગડીઓ પહેરતી.



હડપ્પા સંસ્કૃતિના દાગીના

હડપ્પાકાલીન કલાનો ઉત્કૃષ્ટ નમૂનો એટલે ત્યાંથી મળી આવેલ એક વિશિષ્ટતાસભર પૂતળું. તે પૂતળાના ચહેરાની પ્રત્યેક વિગત અત્યંત સુસ્પષ્ટ છે, એટલું જ નહિ પણ તેણે ખભા ઉપર લીધેલી શાલ અને તે શાલ ઉપરની ત્રણ પાંદડીનું નકશીકામ પણ ખૂબ સુંદર રીતે દર્શાવેલું છે.



હડપ્પાકાલીન કલાનો નમૂનો



**કરીને જુઓ.**

તમારી નજીકની કરિયાણાની દુકાનની મુલાકાત લો. દુકાનદાર દુકાન માટેનો માલસામાન ક્યાંથી લાવે છે તેની માહિતી મેળવો. વસ્તુઓની યાદી તૈયાર કરો.

## ૩.૬ વ્યાપાર (વેપાર)

હડપ્પા સંસ્કૃતિના લોકો ભારતમાં તે જ પ્રમાણે ભારતની બહારના દેશો સાથે વેપાર કરતા હતા. સિંધુના ખીણપ્રદેશમાં ઉત્તમ કક્ષાનો કપાસ થતો હતો. તે પશ્ચિમ એશિયા, દક્ષિણ યુરોપ અને ઈજિપ્ત આ પ્રદેશોમાં નિકાસ થતો હતા. સુતરાઉ કાપડની પણ નિકાસ થતી. ઈજિપ્તમાં મલમલનું કાપડ હડપ્પા સંસ્કૃતિના વેપારીઓ પૂરું પાડતા હતા. કાશ્મીર, દક્ષિણ ભારત, ઈરાન, અફઘાનિસ્તાન, બલુચિસ્તાનમાંથી ચાંદી, જસત, મૂલ્યવાન રત્નો, માણેક, દેવદારનું લાકડું, વગેરે વસ્તુ લાવવામાં આવતી. પરદેશો સાથે ચાલતો વેપાર ખુશકીના અને દરિયાઈ એમ બંને માર્ગે થતો. ખોદકામમાંથી મળી આવેલી કેટલીક મહોરો પર જહાજનાં ચિત્રો કોતરેલાં છે. લોથલમાંથી પ્રચંડ ગોદી મળી આવી છે. હડપ્પા સંસ્કૃતિનો વેપાર અરબી સમુદ્રના કિનારેથી ચાલતો હતો.



લોથલની ગોદી (અવશેષોના આધારે પુનર્રચના)

### ૩.૭ વિનાશનાં કારણો

ફરી ફરી આવતાં મહાપૂર, બહારથી આવેલાં ટોળાનાં આક્રમણો, વેપારમાં થતી ખોટ જેવી બાબતો હડપ્પા સંસ્કૃતિનો વિનાશ થવામાં કારણભૂત બની. તેની સાથે જ વરસાદ ઓછો થવો, નદીના પટ સૂકા થઈ જવા, ધરતીકંપ, સમુદ્રની સપાટીમાં થતો જતો ફેરફાર જેવાં અનેક કારણોને લીધે પણ કેટલાંક સ્થળો વેરાન બન્યાં. આવાં કારણોને લીધે લોકોએ મોટા પ્રમાણમાં સ્થળાંતર કર્યું અને હડપ્પા સંસ્કૃતિનાં શહેરોનો વિનાશ થયો.

હડપ્પા સંસ્કૃતિ જાહોજલાલીથી સંપન્ન એવી નાગરી (શહેરી) સંસ્કૃતિ હતી. તેણે ભારતીય સંસ્કૃતિનો પાયો નાંખ્યો.

3CHEUX

## સ્વાધ્યાય

૧. **એક વાક્યમાં ઉત્તર લખો.**
   (૧) આ સંસ્કૃતિને હડપ્પા નામ શા માટે મળ્યું હશે ?
   (૨) હડપ્પા સંસ્કૃતિનાં વાસણોના નકશીકામના નમૂનામાં ક્યાં પ્રતીકોનો સમાવેશ છે ?
   (૩) હડપ્પા સંસ્કૃતિના વેપારી ઈજિપ્તને ક્યું કાપડ પૂરું પાડતા ?

૨. **પ્રાચીન સ્થળોની મુલાકાત લેતી વખતે શું કરશો ?**
   જેમ કે – સ્થળ વિશેની માહિતી મેળવશો, પ્રદૂષણ અટકાવવું, ઐતિહાસિક સાધનોનું જતન, વગેરે બાબત.

૩. **મોહેંજોદડોના સ્નાનગૃહના ચિત્રનું આલેખન કરો.**

૪. **હડપ્પાકાલીન લોકજીવનની માહિતી નીચે આપેલા તક્તામાં લખો.**

| મુખ્ય પાક | પોશાક | દાગીના/અલંકાર |
|---|---|---|
| (૧) --- | ---- | ---- |
| (૨) --- | ---- | ---- |
| (૩) --- | ---- | ---- |
| (૪) --- | ---- | ---- |

૫. **એક શબ્દમાં ઉત્તર આપો. આવા પ્રશ્નો તમે જાતે તૈયાર કરો અને તેના ઉત્તર લખો.**
   જેમ કે – હડપ્પા સંસ્કૃતિની મહોર બનાવવા વપરાયેલો પથ્થર.

૬. **હડપ્પા સંસ્કૃતિના સમયની અન્ય વૈશ્વિક સંસ્કૃતિ દુનિયાના નકશાની રૂપરેખામાં દર્શાવો.**

**ઉપક્રમ :**

(૧) તમારી શાળાનો નકશો તૈયાર કરો અને શાળાના વિવિધ સ્થળો દર્શાવો. ઉદા., પુસ્તકાલય, મેદાન, કમ્પ્યુટર રૂમ વગેરે.

(૨) તમારા ગામના અને ઘરના અનાજ સાચવવાની પદ્ધતિની સવિસ્તર નોંધ તૈયાર કરો.

* * *



હડપ્પાકાલીન રમકડાં

# ૪. વૈદિક સંસ્કૃતિ

૪.૧ વૈદિક વાઙ્મય (સાહિત્ય)
૪.૨ કુટુંબવ્યવસ્થા, દૈનંદિન જીવન
૪.૩ ખેતી, પશુપાલન, આર્થિક અને સામાજિક જીવન
૪.૪ ધર્મકલ્પના
૪.૫ શાસનવ્યવસ્થા

## ૪.૧ વૈદિક વાઙ્મય (સાહિત્ય)

'વેદ' વાઙ્મય આધારિત સંસ્કૃતિ એટલે વૈદિક સંસ્કૃતિ. વેદને આપણું સૌથી પ્રાચીન સાહિત્ય માનવામાં આવે છે. વેદોની નિર્મિતિ અનેક ઋષિઓએ કરી છે. વેદોના કેટલાંક સૂક્તો સ્ત્રીઓને પણ સ્ફુર્યાં છે.

વૈદિક વાઙ્મયની ભાષા સંસ્કૃત હતી. વૈદિક વાઙ્મય અત્યંત સમૃદ્ધ છે. ઋગ્વેદને તેમાંનો મૂળ ગ્રંથ માનવામાં આવે છે. તે કાવ્યરૂપ છે. ઋગ્વેદ સહિત યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ એમ ચાર વેદો છે. આ ચાર વેદોના ગ્રંથોને 'સંહિતા' કહેવાય છે. વિદ્ એટલે જાણવું. તેમાંથી 'વેદ' સંજ્ઞા તૈયાર થઈ. તેનો અર્થ 'જ્ઞાન' થાય છે. મૌખિક પઠનના આધારે વેદોનું જતન કરવામાં આવ્યું. વેદોને 'શ્રુતિ' પણ કહેવાય છે.

**ઋગ્વેદ સંહિતા :** ઋચાઓથી બનેલો વેદ એટલે 'ઋગ્વેદ'. 'ઋચા' એટલે સ્તુતિ કરવા માટે રચાયેલું પદ્ય. અનેક ઋચાઓની એકત્ર ગૂંથણી કોઈ દેવતાની સ્તુતિ કરવા માટે બનાવેલા કાવ્યને 'સૂક્ત' કહેવાય છે. ઋગ્વેદ સંહિતામાં વિવિધ દેવતાઓની સ્તુતિ કરનારાં સૂક્તો છે.

**યજુર્વેદ સંહિતા :** યજુર્વેદ સંહિતામાં યજ્ઞમાં બોલવામાં આવતા મંત્રો છે. યજ્ઞવિધિમાં ક્યા મંત્રોનાં ઉચ્ચારણ ક્યારે અને કેવી રીતે કરવાં તેનું માર્ગદર્શન આ સંહિતામાં છે. પદ્યમાં મંત્ર અને તે મંત્રોનાં સ્પષ્ટીકરણ ગદ્યમાં આપેલાં છે એવી આ સંહિતાની રચના છે.

**તમે જાણો છો કે ?**

**કેટલાંક સૂક્તોના ગુજરાતી ભાષામાં અર્થ :**

* "હે ઈશ્વર, ખૂબ વરસાદ પાડ. અમારા ખેતરમાં ભરપૂર પાક થવા દે. અમારા સંતાનોને બાળબચ્ચાંઓને ભરપૂર દૂધ અને તેમાંથી બનતાં પદાર્થો દે."
* "અમારા ઘરે ગાયો આવે. અમારા વાડામાં તે આનંદમાં રહે. તેમને પુષ્કળ વાછરડાં થાય."
* "લોકો, ચાલો ઊઠો. ઉષાના આગમન સાથે અંધારું નહિવત્ છે. પ્રકાશનું આગમન થઈ રહ્યું છે. ઉષાએ સમગ્ર વિશ્વને જાગ્રત કર્યું છે. આપણે પોતપોતાના કાર્ય કરી ધન મેળવીએ."

**સામવેદ સંહિતા :** કેટલીક યજ્ઞવિધિના સમયે સુર અને તાલમાં મંત્રોનાં ગાન કરવામાં આવે છે. તે ગાન કેવી રીતે કરવું, તેનું માર્ગદર્શન સામવેદ સંહિતામાં કરેલું છે. ભારતીય સંગીતની નિર્મિતિમાં સામવેદનું બહુ મોટું યોગદાન છે.

**અથર્વવેદ સંહિતા :** અથર્વવેદની સંહિતાને અથર્વ ઋષિનું નામ આપવામાં આવ્યું છે. અથર્વવેદમાં રોજિંદા જીવનની અનેક બાબતોને મહત્ત્વ આપેલું જોવા મળે છે. જીવનમાં આવનારા સંકટો પર, દુઃખો પર કરવાના ઉપાય તેમાં બતાવ્યા છે. તેવી રીતે અનેક ઔષધિ, વનસ્પતિની માહિતી પણ તેમાં આપેલી છે. રાજાએ રાજ્ય કેવી રીતે કરવું, તેનું પણ માર્ગદર્શન તેમાં આપવામાં આવ્યું છે.

સંહિતાની રચના પછી બ્રાહ્મણગ્રંથ, આરણ્યકો, ઉપનિષદોની રચના કરવામાં આવી. તેનો પણ સમાવેશ વેદવાઙ્મયમાં કરવામાં આવે છે.

**બ્રાહ્મણગ્રંથ :** યજ્ઞવિધિમાં વેદોનો ઉપયોગ કેવી રીતે કરવો, તે સમજાવનારા ગ્રંથોને 'બ્રાહ્મણગ્રંથ' કહેવાય છે. પ્રત્યેક વેદના સ્વતંત્ર બ્રાહ્મણગ્રંથ છે.

**આરણ્યકો :** અરણ્યમાં જઈને એકાગ્ર ચિત્તે કરેલાં ચિંતન 'આરણ્યક' ગ્રંથોમાં દર્શાવેલા છે. યજ્ઞવિધિ પૂરી થતાં સુધીમાં કોઈપણ પ્રકારની ભૂલ થાય નહિ, તેની સાવચેતી તેમાં લીધેલી દેખાય છે.

**ઉપનિષદો :** 'ઉપનિષદ્' એટલે ગુરૂ પાસે બેસીને મેળવેલું જ્ઞાન. જન્મ–મૃત્યુ જેવી ઘટનાઓ વિશે આપણા મનમાં અનેક પ્રશ્નો ઉદ્ભવતા હોય છે. તે પ્રશ્નોના ઉત્તર સરળતાથી મળતા નથી. આવા ગહન પ્રશ્નો ઉપર ઉપનિષદોમાં ચર્ચા કરવામાં આવી છે.

ચાર વેદ, બ્રાહ્મણગ્રંથ, આરણ્યકો અને ઉપનિષદો રચવામાં લગભગ પંદરસો વર્ષોનો સમય લાગી ગયો. તે સમયગાળામાં વેદકાલીન સંસ્કૃતિમાં અનેક પરિવર્તન થતું ગયું. તે પરિવર્તનનો અને વેદકાલીન લોકજીવનનો અભ્યાસ કરવા માટે વૈદિક વાઙ્મય મહત્ત્વનું સાધન છે.

### ૪.૨ કુટુંબ વ્યવસ્થા, દૈનંદિન જીવન

વેદકાળમાં સંયુક્ત કુટુંબપદ્ધતિ હતી. કુટુંબનો કર્તાહર્તા પુરુષ ઘરનો પ્રમુખ એટલે 'ગૃહપતિ' હતો. ગૃહપતિના પરિવારમાં તેના વૃદ્ધ માતા–પિતા, તેનો નાનો ભાઈ અને તે ભાઈનો પરિવાર, તેની પત્ની અને બાળકો, તેનાં બાળકનો પરિવાર એમ દરેકનો સમાવેશ થતો. આ કુટુંબવ્યવસ્થા પુરુષપ્રધાન હતી. શરૂઆતના સમયમાં લોપામુદ્રા, ગાર્ગી, મૈત્રેયી જેવી કેટલીક વિદ્વાન સ્ત્રીઓનો (વિદૂષી) ઉલ્લેખ વૈદિક સાહિત્યમાં જોવા મળે છે. પરંતુ ધીમેધીમે સ્ત્રીઓ ઉપરનાં બંધનો વધતાં ગયાં. તેમનું સ્થાન કુટુંબમાં અને સમાજમાં વધારેમાં વધારે દુય્યમ (ગૌણ) થતું ગયું.

વેદકાળનાં ઘરો માટીનાં અથવા છાણનાં હતાં. ઘાસ અથવા વેલાની જાડીજાડી તટ્ટીઓ ગૂંથીને તેના ઉપર છાણમાટી લીંપીને બનાવેલી ભીંત એટલે ગારની ભીંત. આ ઘરોની જમીન છાણ–માટીથી લીંપેલી હોય. ઘર માટે તેઓ 'ગૃહ' અથવા 'શાળા' શબ્દ વાપરતા.

વેદકાલીન લોકોના ખોરાકમાં મુખ્યત્વે ઘઉં, જવ, ચોખા જેવા તૃણધાન્યોનો સમાવેશ હતો. તેમાંથી તેઓ વિવિધ પદાર્થો બનાવતા હતા. વૈદિક વાઙ્મયમાં 'યવ', 'ગોધૂમ', 'વ્રીહિ' જેવા શબ્દો જોવા મળે છે. યવ એટલે સાતુ (બાર્લી), ગોધૂમ એટલે ઘઉં, વ્રીહિ એટલે ચોખા. દૂધ, દહીં, માખણ, ઘી, મધ જેવા પદાર્થ તેમને પસંદ હતા. અડદ, મસૂર અને તલ તેમજ માંસનો પણ તેમના આહારમાં સમાવેશ થતો હતો.



વેદકાળનાં ઘરો

વેદકાળના લોકો ઊન અને સુતરાઉ કપડાં પહેરતાં. વલ્કલ એટલે ઝાડની છાલમાંથી બનાવેલાં કપડાં પણ પહેરતા હતાં. તેમજ પ્રાણીઓની ચામડીનો ઉપયોગ પણ વસ્ત્ર તરીકે કરવામાં આવતો. સ્ત્રીઓ અને પુરુષો ફૂલોની માળા, જુદાજુદા પ્રકારનાં મોતીઓની માળા, સોનાના દાગીના વાપરતાં હતાં. 'નિષ્ક' નામનો ગળાનો દાગીનો વિશેષ લોકપ્રિય હતો. તેનો ઉપયોગ વસ્તુના ખરીદી–વેચાણ માટે પણ થતો.

ગાયન, વાદન, નૃત્ય, સોગઠાબાજીની રમત, રથની સ્પર્ધા અને શિકાર તેમના મનોરંજનનાં સાધનો હતાં. વીણા, શતતંતુ (તંતુવાદ્ય), ઝાંઝ (કાંસાની જોડ) અને શંખ તેમનાં મુખ્ય વાદ્યો હતાં. ડમરુ અને મૃદંગ જેવાં તાલવાદ્યો પણ તેઓ વાપરતાં હતાં.



વેદકાળના વાદ્યો

## ૪.૩ ખેતી, પશુપાલન, આર્થિક અને સામાજિક જીવન

વૈદિક કાળમાં ખેતી એ મુખ્ય વ્યવસાય હતો. અનેક બળદો જોતરેલા હળ વડે ખેતી કરવામાં આવતી. હળને લોખંડનો દાંતો બેસાડવામાં આવતો. અથર્વવેદમાં પાકને લાગતો સડો, પાકનો નાશ કરતાં પ્રાણી અને તેના ઉપાયોનો પણ વિચાર કરેલો જોવા મળે છે. ખાતર તરીકે છાણનો ઉપયોગ કરવામાં આવતો.


વૈદિક સમયમાં ઘોડા, ગાય–બળદ, કૂતરા જેવાં પ્રાણીઓનું વિશેષ મહત્ત્વ હતું. ગાયનો ઉપયોગ વિનિમય માટે કરવામાં આવતો. તેથી ગાયની વિશેષ કિંમત હતી. બીજા કોઈ ગાય ચોરી ન જાય માટે વિશેષ કાળજી લેવામાં આવતી. ઘોડો એ ખૂબ ઝડપથી દોડનારું પ્રાણી. તેને હેળવીને (પાળીને) રથને જોડવામાં વેદકાલીન લોકો નિષ્ણાત હતા. વેદકાલીન રથોનાં પૈડાં આરાનાં હતાં. મજબૂત પૈડાં કરતાં આરાનાં પૈડાં વજનમાં હલકાં હોય છે. ઘોડા જોડેલા, આરાનાં પૈડાંવાળાં વેદકાલીન રથ અલબત્ત ખૂબ જ વેગવાન હતાં.



વેદકાલીન રથ

**તમે જાણો છો કે ?**

ઘોડાને 'અશ્વ' કહેવાય છે. કોઈ એક એંજિનની ઝડપ માપવા માટે જે એકમ વાપરવામાં આવે છે તેને 'અશ્વશક્તિ' (હૉર્સ પૉવર) કહેવાય છે.



તે સમયમાં ખેતી અને પશુપાલન ઉપરાંત અન્ય અનેક વ્યવસાયોનો પણ વિકાસ થયો હતો. વ્યાવસાયિકો, કારીગરો સમાજવ્યવસ્થાના મહત્ત્વનાં ઘટક હતાં. 'શ્રેણી'ના નામથી ઓળખાનારા તેમનો સ્વતંત્ર સંઘ હતો. આવી શ્રેણીના પ્રમુખ 'શ્રેષ્ઠી' કહેવાતા. પરંતુ ધીમેધીમે વ્યાવસાયિક કારીગરોનો દરજ્જો દુય્યમ થતો ગયો.

તે સમયે સમાજમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર જેવા વર્ણ હતા. આ વર્ણ વ્યવસાય ઉપરથી નક્કી થતા. પછીના સમયમાં વર્ણ જન્મ ઉપરથી નક્કી થવા લાગ્યા. તેને લીધે જાતિઓ નિર્માણ થઈ. જાતિ વ્યવસ્થાને લીધે સમાજમાં વિષમતા ઉત્પન્ન થઈ.

આદર્શ જીવન કેવી રીતે જીવવું, તે વિષેની કેટલીક કલ્પના વેદકાળમાં પ્રચલિત થઈ હતી. તેમાં જન્મથી મૃત્યુ સુધીના ચાર તબક્કાઓને 'ચાર આશ્રમ' કહ્યા છે. પહેલો આશ્રમ એટલે 'બ્રહ્મચર્યાશ્રમ'. ગુરૂ પાસે રહીને વિદ્યા પ્રાપ્ત કરવાનો આ સમય.

બ્રહ્મચર્યાશ્રમ સફળતાપૂર્વક પૂરો થયા પછીનો બીજો તબક્કો એટલે ગૃહસ્થાશ્રમ. આ સમયમાં પુરુષે કુટુંબ અને સમાજ માટેનાં પોતાનાં કર્તવ્યો પત્નીની મદદથી પૂરા કરવાં, એવી અપેક્ષા હોય છે. ત્રીજો આશ્રમ એટલે 'વાનપ્રસ્થાશ્રમ'. આ તબક્કે તેણે ઘર પરિવાર



ગુરૂ-શિષ્ય

પ્રત્યેના મોહને ત્યાગી દૂર જવું, મનુષ્યનો વસવાટ ન હોય તેવા સ્થળે રહેવું અને ખૂબજ સાદાઈપૂર્વક જીવવું. ચોથો આશ્રમ એટલે 'સંન્યાસાશ્રમ'. આ તબક્કે મનુષ્યે દરેક સંબંધોનો ત્યાગ કરીને મનુષ્ય જન્મનો અર્થ સમજવા માટે જીવવું, લાંબો સમય એક સ્થળે રહેવું નહિ, એવો ઈશારો હતો.

### ૪.૪ ધર્મકલ્પના

વેદકાલીન ધર્મકલ્પનામાં કુદરતમાંના સૂર્ય, પવન, વરસાદ, વીજળી, વાદળાં, નદીઓ જેવી કુદરતી શક્તિને દેવનું રૂપ આપેલું હતું. તેઓ જીવનદાયી બની રહે માટે વેદોમાં તેમની પ્રાર્થના કરેલી છે. તેમને પ્રસન્ન રાખવા માટે વેદકાલીન લોકો અગ્નિમાં વિવિધ પદાર્થો અર્પણ કરતા. તેને 'હવિ' કહેતા. આવી રીતે અગ્નિમાં 'હવિ' અર્પણ કરવાની વિધિ એટલે યજ્ઞ. શરૂઆતમાં યજ્ઞવિધિનું સ્વરૂપ સાદું હતું. આગળ જતાં તેના નિયમ વધારે ને વધારે મુશ્કેલ થતા ગયા. તે મુશ્કેલ યજ્ઞવિધિ કરાવનારા પુરોહિતોનું મહત્ત્વ તેને લીધે વધતું ગયું.



યજ્ઞ

વેદકાલીન લોકોએ સૃષ્ટિનો વ્યવહાર કેવી રીતે ચાલે છે. તેનો પણ વિચાર કર્યો હતો. ઉનાળા પછી ચોમાસુ આવે છે, ચોમાસા પછી શિયાળો. આ નિયમિત સૃષ્ટિચક્ર છે. સૃષ્ટિચક્ર અને તેની ગતિથી ફરતાં જીવનચક્રને વેદકાલીન લોકોએ 'ઋત' નામ આપ્યું. પ્રાણીમાત્રનું જીવન પણ સૃષ્ટિચક્રનો જ એક ભાગ છે. સૃષ્ટિચક્રમાં બગાડ થતાં સંકટો આવે છે. તેમ ન થાય માટે દરેકે કાળજી લેવી જોઈએ. કોઈ પણ સૃષ્ટિના નિયમો તોડે નહિ, એ રીતે વર્તવું એટલે ધર્મ પ્રમાણેનું વર્તન, એમ સમજવામાં આવતું.

**ચાલો, ચર્ચા કરીએ.**

સૃષ્ટિચક્રમાં બગાડ શેના લીધે થઈ શકે ? તે ન થાય માટે તમે ક્યા પ્રયત્નો કરશો ? ઉદા. વરસાદ ઓછો પડશે તો પીવાના પાણીનું નિયોજન કેવી રીતે કરશો ?

### ૪.૫ શાસનવ્યવસ્થા

વેદકાળમાં પ્રત્યેક ગ્રામવસાહતના એક પ્રમુખ હતા. તેને 'ગ્રામણી' કહેતા. અનેક ગ્રામવસાહતનો સમૂહ એટલે 'વિશ'. તેના પ્રમુખને 'વિશ્પતિ' કહેતા. અનેક 'વિશ્' મળીને 'જન' તૈયાર થતા. જન જ્યારે એકાદા વિશિષ્ટ પ્રદેશમાં સ્થિર થાય, ત્યારે તે પ્રદેશને 'જનપદ' કહેવાય. 'જન'ના પ્રમુખ 'નૃપ' અથવા 'રાજા' કહેવાતા. પ્રજાનું રક્ષણ કરવું, કર જમા કરવો અને ઉત્તમ રાજ્યકારભાર કરવો એ રાજાનાં કર્તવ્યો હતાં.

રાજ્યકારભાર ઉત્તમ રીતે ચલાવવામાં મદદ કરવા માટે રાજાએ અધિકારી નિમેલા હોય છે. પુરોહિત અને સેનાપતિ વિશેષ મહત્ત્વના અધિકારી હતા. કર વસૂલ કરવા માટે નિમેલા અધિકારીને 'ભાગદુઘ' કહેતા. 'ભાગ' એટલે હિસ્સો. 'જન'ની આવકમાંથી રાજાનો 'ભાગ'

જમા કરનાર, તે ભાગ દુઘ. રાજાને માર્ગદર્શન આપવા માટે 'સભા', 'સમિતિ', 'વિદથ' અને 'જન' આવી ચાર સંસ્થા હતી. તેમાં રાજ્યના લોકો સહભાગી થતા. 'સભા' અને 'વિદથ' સંસ્થાના કામકાજમાં સ્ત્રીઓનો પણ સહભાગ રહેતો. રાજ્યના વરિષ્ઠ વ્યક્તિઓના મંડળને 'સભા' કહેતા. તો લોકોની સર્વસાધારણ બેઠકને 'સમિતિ' કહેતા. સમિતિમાં લોકોનો સહભાગ રહેતો.

આગળ જતા વૈદિક વિચારપ્રવાહમાં 'સ્મૃતિ' અને 'પુરાણ' નામનું વાઙ્મય નિર્માણ થયું. વેદ, સ્મૃતિ, પુરાણો, સ્થાનિક લોકધારણા, વગેરે પર આધારિત ધાર્મિક પ્રવાહ કાલાંતરે 'હિંદુ'ના નામે ઓળખાવા લાગ્યો.

પ્રાચીન ભારતમાં યજ્ઞવિધિ અને વર્ણવ્યવસ્થાની બાબતમાં વૈદિક પ્રવાહ કરતાં જુદી ભૂમિકા સ્વીકારનારા ધાર્મિક પ્રવાહ અસ્તિત્વમાં હતા. હવે પછીના પાઠમાં આપણે તેનો પરિચય મેળવવાના છીએ.

## સ્વાધ્યાય

**૧. પાઠના આશયનો (વિષયવસ્તુનો) વિચાર કરીને ઉત્તર લખો.**

(૧) વૈદિક સાહિત્યમાંની વિદ્વાન સ્ત્રીઓ
.......................................

(૨) વેદકાલીન મનોરંજનનાં સાધનો
.......................................

(૩) વેદકાલીન ચાર આશ્રમ
.......................................

**૨. સાચું કે ખોટું તે ઓળખો.**

(૧) યજ્ઞમાં બોલાતા મંત્ર ...... ઋગ્વેદ

(૨) અથર્વ ઋષિનું નામ આપેલો વેદ ...... અથર્વવેદ

(૩) યજ્ઞવિધિ સમયે મંત્રગાન કરવાનું માર્ગદર્શન આપતો વેદ–સામવેદ

**૩. એક શબ્દમાં ઉત્તર લખો.**

(૧) વૈદિક વાઙ્મયની ભાષા ...........

(૨) વિદ્ એટલે .........................

(૩) ગોધૂમ એટલે .....................

(૪) ઘરનો પ્રમુખ એટલે ...............

(૫) શ્રેણીના પ્રમુખને કહેતા ...........

**૪. નામ લખો.**

(૧) તમે જાણતા હો તે વાદ્યો
.......................................

(૨) હાલની સ્ત્રીઓના ઓછામાં ઓછા બે દાગીના ................................

(૩) હાલના મનોરંજનનાં સાધનો
.......................................

**૫. ટૂંકમાં ઉત્તરો લખો.**

(૧) વેદકાલીન લોકોના આહારમાં ક્યા ક્યા પદાર્થોનો સમાવેશ હતો ?

(૨) વેદકાળમાં ગાયની વિશેષ કાળજી શા માટે લેવાતી ?

(૩) સંન્યાસાશ્રમમાં મનુષ્યે કેવી રીતે વર્તવું એવી અપેક્ષા હતી ?

**૬. નોંધ લખો.**

(૧) વેદકાલીન ધર્મસંકલના

(૨) વેદકાલીન ઘરો

(૩) વેદકાલીન શાસનવ્યવસ્થા

**ઉપક્રમ :**

(૧) તમારા પરિસરના કેટલાક કારીગરોની મુલાકાત લઈને તેની માહિતી લખો.

(૨) પાઠમાં આવેલા નવા શબ્દો અને તેના અર્થની યાદી બનાવો.

3D6AHK

* * *

# ૫. પ્રાચીન ભારતના ધાર્મિક પ્રવાહ


૫.૧ જૈન ધર્મ
૫.૨ બૌદ્ધ ધર્મ
૫.૩ જ્યૂ ધર્મ
૫.૪ ક્રિશ્ચિન ધર્મ
૫.૫ ઇસ્લામ ધર્મ
૫.૬ પારસી ધર્મ


વેદકાળના અંતિમ ભાગમાં યજ્ઞવિધિની નાની નાની બાબતોને જરૂર કરતાં વધારે મહત્ત્વ મળ્યું. તે બાબતોનું જ્ઞાન ફક્ત પુરોહિત વર્ગને જ હતું. બીજાઓને તે મેળવવાની છૂટ રહી નહિ. વર્ણવ્યવસ્થાના અંકુશ ખૂબજ કડક થતા ગયા. માણસના કર્તૃત્વ કરતાં તેનો જન્મ કયા વર્ણમાં થયો છે, તેના પરથી તેનું સમાજમાં સ્થાન નક્કી થવા લાગ્યું. તેને લીધે જ ઉપનિષદોના સમયથી જ ધર્મનો વિચાર યજ્ઞવિધિ પૂરતો જ માર્યદિત ન રાખતા તે વધારે વ્યાપક કરવાનો પ્રયત્ન શરૂ થયાનું દેખાય છે. પરંતુ ઉપનિષદનો વિચાર આત્માના અસ્તિત્વ, આત્માના સ્વરૂપ પર ભાર આપતો હતો. સર્વસામાન્ય લોકોને સમજવો મુશ્કેલ હતો. તેને લીધે વિશિષ્ટ દેવતાઓની ઉપાસના ઉપર ભાર આપતો ભક્તિપંથ નિર્માણ થયો. જેમ કે, શિવભક્તોનો શૈવપંથ અને વિષ્ણુભક્તોનો વૈષ્ણવપંથ. આ દેવતાઓનાં સંદર્ભમાં જુદાંજુદાં પુરાણો લખાયાં.

ઈ.સ.પૂ. છઠ્ઠા સૈકામાં સર્વસામાન્ય માણસને સહેલાઈથી સમજાય તેવા ધર્મનો વિચાર રજૂ કરવાનો પ્રયત્ન કરનાર વિચારપ્રવાહ નિર્માણ થયા. પ્રત્યેક વ્યક્તિને પોતાની ઉન્નતિનો માર્ગ શોધવાનું સ્વાતંત્ર્ય છે, તેની સમજ અનેકોને થઈ. તેમાંથી આગળ જતાં નવા ધર્મ પ્રસ્થાપિત થયા. વ્યક્તિની ઉન્નતિ માટે જાતપાતનો ભેદભાવ મહત્ત્વનો હોતો નથી, તે આ ધર્મે ચોક્કસપણે રજૂ કર્યું. તેણે શુદ્ધ આચરણનું મહત્ત્વ લોકોના મનમાં ઠસાવ્યું. નવા વિચારોના પ્રવર્તકોમાં વર્ધમાન મહાવીર અને ગૌતમ બુદ્ધનું કાર્ય વિશેષ મહત્ત્વનું છે.

### ૫.૧. જૈન ધર્મ

જૈન ધર્મ ભારતના પ્રાચીન ધર્મો પૈકી એક ધર્મ છે. આ ધર્મમાં 'અહિંસા' તત્ત્વને મહત્ત્વ આપવામાં આવ્યું છે. ધર્મજ્ઞાન પ્રગટ કરનારને જૈનધર્મમાં તીર્થંકર કહેવાય છે. જૈન પરંપરામાં કહેવાયા પ્રમાણે કુલ ૨૪ તીર્થંકરો થઈ ગયા. વર્ધમાન મહાવીર જૈન ધર્મની પરંપરાના ચોવીસમા તીર્થંકર હતા.



વર્ધમાન મહાવીર

#### વર્ધમાન મહાવીર (ઈ.સ.પૂ. ૫૯૯ થી ઈ.સ.પૂ. ૫૨૭)

આજે જે રાજ્યને આપણે બિહાર નામથી ઓળખીએ છીએ, તે રાજ્યમાં પ્રાચીન સમયે વૃજ્જી નામનું એક મહાજનપદ હતું. તેની રાજધાની વૈશાલી હતી. વૈશાલી નગરના એક ભાગ કુંડગ્રામમાં વર્ધમાન મહાવીરનો જન્મ થયો. તેના પિતાનું નામ સિદ્ધાર્થ અને માતાનું નામ ત્રિશલા હતું.

વર્ધમાન મહાવીરે જ્ઞાનપ્રાપ્તિ માટે ઘરબારનો ત્યાગ કર્યો. સાડા બાર વર્ષ તપશ્ચર્યા કર્યા પછી તેમને જ્ઞાનપ્રાપ્તિ થઈ. આ જ્ઞાન 'કેવલ' એટલે વિશુદ્ધ સ્વરૂપનું હતું, માટે તેમને 'કેવલી' કહેવાય છે. શરીરને સુખદાયી લાગતી બાબતોથી થતો આનંદ અને ત્રાસદાયક બાબતોથી થતી પીડા, આ બંનેની પોતા ઉપર કોઈપણ અસર થવા ન દેવી, એટલે વિકારો ઉપર જીત મેળવવી. આવી જીત તેમણે મેળવી, માટે તેમને 'જિન' એટલે 'જીતનારા' કહેવાયા. 'જિન' શબ્દમાંથી જૈન શબ્દ તૈયાર થાય છે. વિકારો ઉપર જીત મેળવનારા મહાન વીર

માટે વર્ધમાનને મહાવીર કહેવાય છે. જ્ઞાનપ્રાપ્તિ પછી લોકોને ધર્મ સમજાવીને કહેવામાં તેમણે લગભગ ત્રીસ વર્ષ સુધી ઉપદેશ આપ્યો. લોકોને ધર્મ સરળતાથી સમજાય માટે વર્ધમાન મહાવીર લોકભાષા 'અર્ધમાગધી'માં લોકો સાથે સંવાદ સાધતા. તેમણે કહેલો ધર્મ શુદ્ધ આચરણ ઉપર ભાર આપનારો હતો. શુદ્ધ આચરણ માટે તેમણે બતાવેલા માર્ગનો સાર પંચમહાવ્રતો અને ત્રિરત્નોમાં સમાવેલો છે. લોકોને ઉપદેશ આપવા માટે તીર્થંકરોની જે સભા થતી, તેને અર્ધમાગધી ભાષામાં 'સમવસરણ' કહેતા. આ સમવસરણ સમતા પર આધારિત હતી. આ સમવસરણમાં દરેક વર્ણના લોકોને પ્રવેશ મળતો.

**પંચમહાવ્રતો :** પંચમહાવ્રતો એટલે અત્યંત શિસ્તબદ્ધ રીતે, ચોક્કસપણે પાળવાના પાંચ નિયમ

૧. **અહિંસા :** કોઈપણ જીવને દુઃખ થાય અથવા તેની હિંસા થાય, એમ વર્તવું નહિ.

૨. **સત્ય :** દરેક વચન અને કાર્ય સચ્ચાઈપૂર્વકનાં હોવાં.

૩. **અસ્તેય :** 'સ્તેય' એટલે ચોરી. બીજાની માલિકીની અથવા હક્કની બાબત માલિકની પરવાનગી વગર લેવી એટલે ચોરી. ચોરી ન કરવી, એટલે અસ્તેય.

૪. **અપરિગ્રહ :** મનમાં લોભ (લાલચ) રાખીને માલમત્તાનો સંગ્રહ કરવાનું માણસનું વલણ હોય છે. આવો સંગ્રહ ન કરવો, એટલે અપરિગ્રહ.

૫. **બ્રહ્મચર્ય :** શરીરને સુખદાયી લાગતી બાબતનો ત્યાગ કરીને વ્રતનું પાલન કરવું એટલે બ્રહ્મચર્ય.

**ત્રિરત્નો :** ત્રિરત્નો એટલે – ૧) 'સમ્યક્ દર્શન' ૨) 'સમ્યક્ જ્ઞાન' ૩) 'સમ્યક્ ચારિત્ર' આ ત્રણ તત્ત્વો. સમ્યક્નો અર્થ 'સંતુલિત' છે.

૧. **સમ્યક્ દર્શન :** તીર્થંકરોના ઉપદેશમાંનું સત્ય સમજીને તેના પર શ્રદ્ધા રાખવી.

૨. **સમ્યક્ જ્ઞાન :** તીર્થંકરોના ઉપદેશનો અને તત્વજ્ઞાનનો નિત્ય અભ્યાસ કરીને, તેનો ગૂઢાર્થ સમજવો.

૩. **સમ્યક્ ચારિત્ર :** પંચમહાવ્રતોનું ચોક્કસ – શિસ્તબદ્ધ આચરણ કરવું.

**ઉપદેશનો સાર :** મહાવીરના ઉપદેશમાંનો 'અનેકાન્તવાદ' સિદ્ધાંત સત્યની શોધ માટે ખૂબ મહત્ત્વનો માનવામાં આવે છે. અનેકાન્ત શબ્દમાંના 'અન્ત' શબ્દનો અર્થ 'પાસું' છે. સત્યની શોધ મેળવતી વખતે વિષયના માત્ર એકાદ–બે પાંસાનો વિચાર કરી નિષ્કર્ષ તારવવાથી સત્યનું પૂર્ણ જ્ઞાન થઈ શક્તું નથી. માટે તે વિષયના અનેક પાસાં તરફ ધ્યાન આપવું જરૂરી હોય છે, એવું આ સિદ્ધાંતમાં માનવામાં આવ્યું છે. આ સિદ્ધાંતને લીધે સમાજમાં પોતાના અભિપ્રાય વિશે દુરાગ્રહ રાખવાની વૃત્તિ રહેતી નથી. બીજાના અભિપ્રાયો માટે સહિષ્ણુતા ઉત્પન્ન થાય છે.

મનુષ્યની મોટાઈ તેના વર્ણ ઉપર આધાર રાખતી નથી પણ તેના ઉત્તમ ચારિત્ર્ય ઉપર આધારિત હોય છે, તેવો વર્ધમાન મહાવીરનો ઉપદેશ હતો. સ્ત્રીઓ માટે જ્ઞાન મેળવવાનો માર્ગ વૈદિક પરંપરામાં ધીમેધીમે બંધ થઈ ગયો હતો. પણ વર્ધમાન મહાવીરે સ્ત્રીઓને પણ સંન્યાસ લેવાનો અધિકાર આપ્યો. સર્વ પ્રાણીમાત્રને પ્રેમ કરો, મનમાં બીજાઓ માટે દયા અને કરૂણા રાખો, જીવો અને જીવવા દો, એવો ઉપદેશ તેમણે આપ્યો.

## ૫.૨ બૌદ્ધ ધર્મ

બૌદ્ધ ધર્મનો પ્રસાર ભારત અને ભારતની બહારના અનેક દેશોમાં થયો. ગૌતમ બુદ્ધ બૌદ્ધ ધર્મના સંસ્થાપક હતા.

### ગૌતમ બુદ્ધ (ઈ.સ.પૂર્વ ૫૬૩થી ઈ.સ.પૂ. ૪૮૩)

ગૌતમ બુદ્ધનો જન્મ નેપાળમાં આવેલા લુંબિની વનમાં થયો હતો. તેના પિતાનું નામ શુદ્ધોદન હતું. અને માતાનું નામ હતું માયાદેવી. ગૌતમ બુદ્ધનું મૂળ નામ હતું સિદ્ધાર્થ. તેમને માનવ જીવનનું સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થયું



ગૌતમ બુદ્ધ

હતું, માટે તેમને 'બુદ્ધ' કહેવામાં આવ્યા. માનવ જીવનમાં દુ:ખ શા માટે છે, તેવો પ્રશ્ન તેમના મનમાં થયો. તેનો ઉત્તર શોધવા માટે તેમણે ઘરબારનો ત્યાગ કર્યો. વૈશાખ મહિનાની પૂર્ણિમાના દિવસે બિહાર રાજ્યના ગયા શહેરની નજીક આવેલા ઉરુવેલા સ્થળે એક પીપળાના ઝાડની નીચે તેઓ ધ્યાનસ્થ બેઠા હતા. તે સમયે તેમને 'બોધિ' પ્રાપ્ત થઈ. 'બોધિ એટલે સર્વોચ્ચ જ્ઞાન'. તે પીપળાના વૃક્ષને અત્યારે 'બોધિવૃક્ષ' કહેવાય છે. તેમજ 'ઉરુવેલા' સ્થળને 'બોધિગયા' કહેવાય છે. તેમણે તેમનું પહેલું



બોધિવૃક્ષ

પ્રવચન વારાણસી નજીક સારનાથમાં આપ્યું હતું. આ પ્રવચનમાં તેમણે જે ઉપદેશ આપ્યો, તેને 'ધમ્મ' કહેવાય છે. આ પ્રવચન દ્વારા તેમણે ધમ્મના ચક્રને ગતિ આપી માટે આ ઘટનાને 'ધમ્મચક્કપવત્તન' એમ પાલી ભાષામાં કહેવાય છે. સંસ્કૃતમાં તેને ધર્મચક્ર પ્રવર્તન કહેવામાં આવે છે. પછીના સમયમાં તેમણે ધમ્મનો ઉપદેશ આપવા માટે લગભગ પિસ્તાલીસ વર્ષ ચારિકા કરી. ચારિકા એટલે પગે ચાલીને ફરવું. તેમણે પોતાનો ઉપદેશ લોકભાષા પાલીમાં આપ્યો. બૌદ્ધ ધમ્મમાં બુદ્ધ, ધમ્મ અને સંઘના શરણે જવાની સંકલ્પના મહત્ત્વની છે. આ સંકલ્પનાને 'ત્રિશરણ' કહેવાય છે. તેમણે કહેલા ધમ્મનો સાર નીચે પ્રમાણે છે.

**આર્યસત્યો :** માનવ જીવનના સર્વ વ્યવહારના મૂળમાં ચાર સત્યો છે. તેને આર્યસત્યો કહેવાય છે.

**૧. દુ:ખ :** માનવ જીવનમાં દુ:ખ હોય છે.

**૨. દુ:ખનું કારણ :** દુ:ખને કારણ હોય છે.

**૩. દુ:ખ નિવારણ :** દુ:ખ દૂર કરી શકાય છે.

**૪. પ્રતિપદ :** પ્રતિપદ એટલે માર્ગ. આ દુ:ખનો અંત કરવાનો માર્ગ છે. આ માર્ગ શુદ્ધ આચરણનો છે. આ માર્ગને 'અષ્ટાંગ માર્ગ' કહેવાય છે.

**પંચશીલ :** ગૌતમ બુદ્ધે પાંચ નિયમોનું પાલન કરવાનું કહ્યું છે. તે નિયમોને જ 'પંચશીલ' કહેવાય છે.

૧. પ્રાણીઓની હત્યા કરવાથી દૂર રહેવું.

૨. ચોરી કરવાથી દૂર રહેવું.

૩. અનૈતિક આચરણથી દૂર રહેવું.

૪. અસત્ય બોલવાથી દૂર રહેવું.

૫. માદક પદાર્થોના સેવનથી દૂર રહેવું.

**બૌદ્ધ સંઘ :** પોતાના ધમ્મનો ઉપદેશ કરવા માટે તેમણે ભિખ્ખુનો સંઘ તૈયાર કર્યો. ગૃહસ્થ જીવનનો ત્યાગ કરીને સંઘમાં પ્રવેશ કરનારા તેમના અનુયાયીઓને 'ભિખ્ખુ' કહેવાય છે. બુદ્ધની જેમ ભિખ્ખુ પણ ચારિકા (પદયાત્રા) કરીને લોકોને ધમ્મનો ઉપદેશ આપતા. સ્ત્રીઓનો સ્વતંત્ર સંઘ હતો. તેમને ભિખ્ખુણી કહેવામાં આવતો. બૌદ્ધ ધર્મમાં સર્વ વર્ણના અને જાતિના લોકોને પ્રવેશ મળતો.

**ઉપદેશનો સાર :** ગૌતમ બુદ્ધે માનવબુદ્ધિના સ્વાતંત્ર્યની ઘોષણા કરી. વર્ણ, વગેરેના આધારે માનવામાં આવતી વિષમતાને જાકારો આપ્યો. જન્મથી

**તમે જાણો છો કે ?**

**અષ્ટાંગ માર્ગ :**

૧. **સમ્યક્ દૃષ્ટિ :** ચાર આર્યસત્યોનું જ્ઞાન હોવું.

૨. **સમ્યક્ સંકલ્પ :** હિંસા, વગેરે તત્ત્વોનો ત્યાગ કરવો.

૩. **સમ્યક્ વાચા :** અસત્ય, ચુગલી, કઠોરતા અને નિરર્થક બડબડ ન કરવી.

૪. **સમ્યક્ કર્માન્ત :** પ્રાણીઓની હત્યા, ચોરી અને સ્વચ્છંદતાથી દૂર રહેવું.

૫. **સમ્યક્ આજીવન :** આજીવિકા માટે ગેરમાર્ગે ન જતા યોગ્ય માર્ગ અપનાવવો.

૬. **સમ્યક્ વ્યાયામ :** વ્યાયામ એટલે પ્રયત્ન કરવો. ખરાબ કર્મો કરવા નહિ ; થઈ જાય તો તેનો ત્યાગ કરવો ; સારાં કર્મો કરવાં ; તેમજ થઈ જાય તો તેનો નાશ થવા ન દેવો, તે માટે પ્રયત્ન કરવો.

૭. **સમ્યક્ સ્મૃતિ :** મન એકાગ્ર કરીને લોભ, વગેરે વિકારોને દૂર કરવા અને આપણા ચિત્ત વગેરેને યોગ્ય રીતે સમજવા.

૮. **સમ્યક્ સમાધિ :** ચિત્ત એકાગ્ર કરીને ધ્યાનનો અનુભવ મેળવવો.

કોઈ શ્રેષ્ઠ કે કનિષ્ઠ નક્કી હોતા નથી, પણ આચરણ પરથી જ શ્રેષ્ઠતા કે કનિષ્ઠતા નક્કી થાય છે. 'નાની એવી ચકલી પણ પોતાના માળામાં સ્વચ્છંદ રીતે ચીં... ચીં... કરે છે.' તેમનું આ વચન પ્રખ્યાત છે. તે સ્વાતંત્ર્ય અને સમતાના મૂલ્ય બાબતનું તેનું ચિંતન દર્શાવે છે. તેમણે પુરુષોની જેમ સ્ત્રીઓને પણ પોતાની ઉન્નતિ કરવાનો અધિકાર છે તેવો ઉપદેશ આપ્યો. યજ્ઞ જેવા કર્મકાંડોનો વિરોધ કર્યો. તેમણે ઉપદેશેલા પ્રજ્ઞા, શીલ, વગેરે મૂલ્યો માનવનું કલ્યાણ સાધનારા છે. સર્વ પ્રાણીમાત્ર ઉપર 'કરુણા' એ તેમના વ્યક્તિત્વનું અસાધારણ વૈશિષ્ટ્ય હતું.

ગૌતમ બુદ્ધે ઉપદેશેલી સહિષ્ણુતા માત્ર ભારતીય સમાજને જ નહિ, પણ સમસ્ત માનવજાતિ માટે આજે પણ માર્ગદર્શક છે.

**લોકાયત :** લોકાયત અથવા ચાર્વાકના નામથી ઓળખાતો પ્રાચીન સમયનો વિચારપ્રવાહ પણ મહત્ત્વનો છે. તેનું સમર્થન સ્વતંત્ર વિચારને હતું. તેણે વેદોની પ્રમાણભૂતતાને જાકારો આપ્યો.

પ્રાચીન સમયમાં ભારતીય ભૂમિમાં નવનવીન ધાર્મિક વિચારોના સ્ત્રોત નિર્માણ થતા રહ્યા. કાળાંતરે જ્યૂ, ક્રિશ્ચિયન, ઈસ્લામ અને પારસી ધર્મ ભારતીય સમાજમાં રૂઢ થયા.

## ૫.૩ જ્યૂ ધર્મ

જ્યૂ ધર્મના લોકો સાધારણપણે ઈસવી સનના પહેલાથી ત્રીજા સૈકામાં કેરળ રાજ્યના કોચીમાં આવ્યા હોવા જોઈએ. જ્યૂ ધર્મને 'યહુદી' ધર્મ પણ કહેવાય છે. ઈશ્વર એકજ છે, તેવું જ્યૂ ધર્મના લોકો માને છે. જ્યૂ ધર્મના ઉપદેશમાં ન્યાય, સત્ય, શાંતિ, પ્રેમ, કરુણા,




**સિનૅગૉગ**

વિનમ્રતા, દાન કરવું, સારું બોલવું અને સ્વાભિમાન જેવા ગુણો ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. તેમના પ્રાર્થના સ્થળને 'સિનૅગૉગ' કહેવાય છે.

## ૫.૪ ક્રિશ્ચિયન ધર્મ

ક્રિશ્ચિયન ધર્મની સ્થાપના યેશુ (ઈસુ) ખ્રિસ્તે કરી. તે વિશ્વભરમાં ફેલાયેલો છે. ઈસુ ખ્રિસ્તના ૧૨ શિષ્યોમાંથી

એક સેંટ થોમસ ઈસવી સનના પહેલા સૈકામાં કેરળમાં આવ્યા. તેણે ત્રિચૂર જિલ્લાના પલ્લયૂરમાં ઈસવી સન બાવનમાં ચર્ચની સ્થાપના કરી. ક્રિશ્ચિયન ધર્મના ઉપદેશ અનુસાર ઈશ્વર એક જ છે. તે સર્વનો પ્રેમળ પિતા છે અને સર્વશક્તિમાન છે. ઈસુખ્રિસ્ત એ દેવના પુત્ર બની માનવજાતિના ઉદ્ધાર માટે પૃથ્વી ઉપર આવ્યા હતા તેમ માનવામાં આવે છે. આપણે બધાં એકબીજાના ભાઈ–



ચર્ચ

બહેન છીએ. આપણે સર્વ પર પ્રેમ કરવો જોઈએ, આપણા દુશ્મન પર પણ. ભૂલો કરનારને ક્ષમા આપવી જોઈએ, તેવું ક્રિશ્ચિયન ધર્મમાં કહ્યું છે. 'બાઈબલ' ક્રિશ્ચિયન ધર્મનો પવિત્ર ધર્મગ્રંથ છે. ક્રિશ્ચિયન લોકોના પ્રાર્થના સ્થળને 'ચર્ચ' કહેવાય છે.

### ૫.૫ ઇસ્લામ ધર્મ

ઈસ્લામ એકેશ્વરવાદમાં માનનારો ધર્મ છે. અલ્લાહ એક જ હોઈને મહમદ પયગમ્બર તેમના પ્રેષિત (મોકલેલા) છે. ઈશ્વરનો સંદેશ પયગમ્બર દ્વારા પવિત્ર કુરાન ધર્મગ્રંથમાં પ્રગટ થયેલો છે. 'ઇસ્લામ' શબ્દનો અર્થ 'શાંતિ' થાય છે. આ શબ્દનો અર્થ 'અલ્લાહના શરણે જવું' તેવો પણ થાય છે. સર્વ સમયે અને સર્વત્ર ફક્ત અલ્લાહ છે, તે સર્વશક્તિમાન અને પરમ દયાળુ છે, તેવું ઇસ્લામમાં કહેવામાં આવ્યું છે. માનવના અસ્તિત્વનો હેતુ અલ્લાહની ઉપાસના કરવાનો જ છે, એવું મનાય છે. મનુષ્યએ જીવન કેવી રીતે જીવવું, તેનું માર્ગદર્શન પવિત્ર 'કુરાન' ધર્મગ્રંથમાં આપેલું છે. ભારત અને અરબસ્તાન વચ્ચે ઘણા પ્રાચીનકાળથી વેપારી સંબંધ હતો. અરબસ્તાનના વેપારી કેરળના કિનારા



મસ્જિદ

પરના બંદરોની મુલાકાત લેતા. ઈસવીસનના સાતમા સૈકામાં અરબસ્તાનમાં ઈસ્લામનો પ્રસાર થયો. તે જ સૈકામાં અરબ વેપારીઓ દ્વારા ભારતમાં ઈસ્લામનું આગમન થયું. ઈસ્લામ ધર્મના પ્રાથનાસ્થળને 'મસ્જિદ' કહેવામાં આવે છે.

### ૫.૬ પારસી ધર્મ

પારસી લોકો અને વૈદિક સંસ્કૃતિના લોકો વચ્ચે પ્રાચીનકાળથી સંબંધ હતો. પારસી ધર્મના પવિત્ર ગ્રંથનું નામ 'અવેસ્તા' છે. 'ઋગ્વેદ' અને 'અવેસ્તા'ની ભાષામાં સમાનતા છે. પારસી લોકો ઈરાનના 'પાર્સ' અથવા 'ફાર્સ' નામના પ્રાંતમાંથી ભારતમાં આવ્યા, માટે તેઓ 'પારસી' નામથી ઓળખાય છે. તેઓ પહેલા ગુજરાતમાં આવ્યા તે ઈસવી સનના આઠમા સૈકામાં આવ્યા હશે તેવો કેટલાકનો મત છે. ઝરથુષ્ટ્ર પારસીધર્મના સંસ્થાપક હતા. 'અહુર મજદ' નામે તેમના દેવનો ઉલ્લેખ કરવામાં આવે છે. પારસી ધર્મમાં અગ્નિ અને પાણી આ બે તત્ત્વોનું ખૂબ મહત્ત્વ છે. તેમના મંદિરમાં પવિત્ર અગ્નિ પ્રજ્વલિત કરેલો હોય છે. તે મંદિરને 'અગિયારી' કહેવાય છે. ઉત્તમ વિચાર, ઉત્તમ વાણી અને ઉત્તમ કાર્ય આ ત્રણ મુખ્ય આચરણ તત્ત્વો પારસી વિચારસરણીનો સાર છે.



અગિયારી

## સ્વાધ્યાય

**૧. ખાલીજગ્યામાં યોગ્ય શબ્દ લખો.**

(૧) જૈન ધર્મમાં ....... તત્ત્વને મહત્ત્વ આપવામાં આવ્યું છે.

(૨) સર્વ પ્રાણીમાત્ર વિષયક ........... ગૌતમબુદ્ધના વ્યક્તિમત્વનું અસાધારણ વૈશિષ્ટ્ય હતું.

**૨. ટૂંકમાં ઉત્તર આપો.**

(૧) વર્ધમાન મહાવીરે શો ઉપદેશ આપ્યો ?

(૨) ગૌતમ બુદ્ધનું ક્યું વચન વિખ્યાત છે, તેમાંથી ક્યા મૂલ્યો પ્રગટ થાય છે?

(૩) જ્યૂ ધર્મના ઉપદેશમાં ક્યા ગુણો ઉપર ભાર આપવામાં આવ્યો છે ?

(૪) ક્રિશ્ચિયન ધર્મમાં શું કહેવામાં આવ્યું છે ?

(૫) ઇસ્લામ ધર્મનો ઉપદેશ શું કહે છે ?

(૬) પારસી વિચારસરણીનો સાર શો છે ?

**૩. નોંધ લખો.**

(૧) આર્યસત્યો (૨) પંચશીલ

**૪. નીચે આપેલા પંચમહાવ્રતો અને ત્રિરત્નોને તક્તામાં વર્ગીકરણ કરીને લખો.**

(૧) અહિંસા (૨) સમ્યક્ દર્શન (૩) સત્ય

(૪) અસ્તેય (૫) સમ્યક્ જ્ઞાન (૬) અપરિગ્રહ

(૭) સમ્યક્ ચારિત્ર્ય (૮) બ્રહ્મચર્ય

| પંચમહાવ્રતો | ત્રિરત્નો |
|---|---|
| (૧) ..................... | (૧) ..................... |
| (૨) ..................... | (૨) ..................... |
| (૩) ..................... | (૩) ..................... |
| (૪) ..................... | |
| (૫) ..................... | |

**૫. કારણો લખો.**

(૧) વર્ધમાન મહાવીર 'જિન' કહેવાયા, શા માટે ?

(૨) ગૌતમ બુદ્ધ 'બુદ્ધ' કહેવાયા, શા માટે ?


**ઉપક્રમ :**

(૧) વિવિધ તહેવારોની માહિતી અને ચિત્રોનો સંગ્રહ કરો.

(૨) વિવિધ ધર્મનાં પ્રાર્થનાસ્થળોની મુલાકાત લો. અને પરિસર મુલાકાતનું વર્ણન વર્ગમાં કહો.

* * *

# ૬. જનપદો અને મહાજનપદો




૬.૧ જનપદો

૬.૨ મહાજનપદો

૬.૩ મગધ સામ્રાજ્યનો ઉદય

**કરીને જુઓ.**

ભારતના રૂપરેખાવાળા નકશામાં સોળ મહાજનપદોનાં નામ લખો.

## ૬.૧ જનપદો

સાધારણ રીતે ઈ.સ.પૂ. ૧૦૦૦થી ઈ.સ.પૂ. ૬૦૦ના કાલખંડને વૈદિકોત્તર કાલખંડ માનવામાં આવે છે. આ સમયમાં જનપદો અસ્તિત્વમાં આવ્યાં. આ જનપદો એટલે નાનાં નાનાં રાજ્યો હતાં. ભારતીય ઉપખંડોની વાયવ્યમાં આવેલા આજના અફઘાસ્તિાનથી પૂર્વે બિહાર, બંગાળ, ઓડિસા સુધીના પ્રદેશમાં અને દક્ષિણે મહારાષ્ટ્ર સુધી આ જનપદો ફેલાયેલાં હતાં. આજના મહારાષ્ટ્રનો

કેટલોક ભાગ તે સમયના 'અશ્મક' જનપદથી વ્યાપેલો હતો. સંસ્કૃત, પાલી અને અર્ધમાગધી સાહિત્યમાં આ જનપદોનાં નામો મળી આવે છે. ગ્રીક ઇતિહાસકારોના લેખનમાંથી પણ તે વિશેની માહિતી મળે છે. તેમાંથી કેટલાંક જનપદોમાં રાજાશાહી હતી. કેટલાંકમાં માત્ર ગણરાજ્ય હતાં. જનપદોમાંના જ્યેષ્ઠ વ્યક્તિઓની 'ગણપરિષદ' હતી. ગણપરિષદના સભ્ય સમૂહમાં ચર્ચા કરીને રાજ્યકારભાર વિશેનો નિર્ણય લેતા. આવી ચર્ચા જ્યાં થતી, તે સભાગૃહને 'સંથાગાર' કહેવામાં આવતું. ગૌતમબુદ્ધ શાક્ય ગણરાજ્યના હતા. પ્રત્યેક જનપદના સ્વતંત્ર સિક્કા હતા.

## મહાજનપદો

### કોસલ

- કોસલ મહાજનપદનો વિસ્તાર હિમાલયની તળેટીથી નેપાળ અને ઉત્તરપ્રદેશમાં થયો હતો.
- આ રાજ્યના શ્રાવસ્તી કુશાવતી અને સાકેત શહેરો પ્રસિદ્ધ હતાં.
- શ્રાવસ્તી કોસલ મહાજનપદની રાજધાની હતી.
- ગૌતમ બુદ્ધ શ્રાવસ્તીના પ્રસિદ્ધ જેતવન વિહારમાં લાંબો સમય રહ્યા હતા.
- કોસલના રાજા પ્રસેનજિત વર્ધમાન મહાવીર અને ગૌતમ બુદ્ધના સમકાલીન હતા.
- કોસલનું રાજ્ય મગધમાં વિલીન થઈ ગયું.

### વત્સ

- વત્સ મહાજનપદનો વિસ્તાર ઉત્તરપ્રદેશના પ્રયાગ એટલે અલાહાબાદની આસપાસના પ્રદેશમાં થયો હતો.
- કોસમ એટલે જ પ્રાચીન કાળનું કૌશાંબી શહેર.
- આ એક મહત્ત્વનું વેપારી કેંદ્ર હતું.
- કૌશાંબીના અત્યંત શ્રીમંત ત્રણ વેપારીઓએ ગૌતમ બુદ્ધ અને તેના અનુયાયી માટે ત્રણ વિહાર બાંધ્યાં હતાં.
- કૌશાંબીના રાજા ઉદયન ગૌતમ બુદ્ધના સમકાલીન હતા.
- રાજા ઉદયન પછી વત્સ મહાજનપદનું સ્વતંત્ર અસ્તિત્વ વધારે લાંબું ટક્યું નહિ. તે અવંતી મહાજનપદના રાજાએ જીતી લીધું.

### અવંતિ

- મધ્યપ્રદેશના માળવા પ્રદેશમાં અવંતિ પ્રાચીન મહાજનપદ હતું.
- ઉજ્જયિની (ઉજ્જૈન) શહેર તેની રાજધાની હતી.
- ઉજ્જયિની એક મહત્ત્વનું વેપારી કેંદ્ર હતું.
- અવંતિના રાજા પ્રદ્યોત વર્ધમાન મહાવીર અને ગૌતમબુદ્ધના સમકાલીન હતા.
- અવંતિના રાજા નંદીવર્ધનની કારકિર્દીમાં અવંતિ મગધ સામ્રાજ્યમાં વિલીન થયું.

### મગધ

- બિહારનાં પટણા, ગયા શહેરોની આસપાસનો પ્રદેશ અને બંગાળના કેટલાક વિસ્તારમાં પ્રાચીન મગધ મહાજનપદ હતું.
- રાજગૃહ (રાજગીર) તેની રાજધાની હતી.
- મહાગોવિંદ નામના વાસ્તુવિશારદે બિંબિસારનું રજવાડું બાંધ્યું હતું.
- પ્રસિદ્ધ વૈદ્ય જીવક બિંબિસારના દરબારમાં હતો.
- બિંબિસારે ગૌતમ બુદ્ધનું શિષ્યત્વ સ્વીકાર્યું હતું.

## ૬.૨ મહાજનપદો

કેટલાંક જનપદો ધીમેધીમે વધારે શક્તિશાળી બન્યાં. તેમની ભૌગોલિક સીમાનો વિસ્તાર વધ્યો. આવા જનપદોને મહાજનપદો કહેવાયા. સાહિત્યમાં થયેલા ઉલ્લેખને આધારે એવું જણાય છે કે ઈ.સ.પૂ. છઠ્ઠા સૈકા સુધી મહાજનપદોમાં સોળ મહાજનપદોને વિશેષ મહત્ત્વ પ્રાપ્ત થયું હતું. તેમાં પણ કોસલ, વત્સ, અવંતિ અને મગધ આ ચાર મહાજનપદો વધારે સામર્થ્યવાન થતાં ગયાં.

### મગધ સામ્રાજ્યનો ઉદય

બિંબિસારના પુત્ર અજાતશત્રુએ પણ મગધનો વિસ્તાર કરવાની નીતિ સ્વીકારી. તેણે પૂર્વ તરફના અનેક ગણરાજ્યો જીતી લીધાં. અજાતશત્રુના સમયમાં મગધની જાહોજલાલી હતી. તેણે બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો હતો. ગૌતમ બુદ્ધના મહાપરિનિર્વાણ પછી અજાતશત્રુની કારકિર્દીમાં રાજગૃહમાં બૌદ્ધ ધર્મની પ્રથમ સંગિતી એટલે જ પરિષદ ભરાઈ.



અજાતશત્રુ - શિલ્પ

અજાતશત્રુના સમયમાં મગધની નવી રાજધાની પાટલીગ્રામનો પાયો નાંખવામાં આવ્યો. આગળ જતાં તે જ પાટલિપુત્રના નામે પ્રસિદ્ધ થયું. પાટલિપુત્ર આજના પટણા શહેરના પરિસરમાં હોવું જોઈએ.

અજાતશત્રુ પછી થઈ ગયેલા મગધના રાજાઓમાં શિશુનાગ મહત્ત્વનો રાજા હતો. તેણે અવંતિ, કોસલ અને વત્સ રાજ્યો મગધ સાથે જોડી દીધાં. ઉત્તર ભારતનો લગભગ ઘણોખરો પ્રદેશ મગધના અમલ હેઠળ આવી ગયો. આવી રીતે મગધ સામ્રાજ્ય આકાર પામ્યું.

**મગધ સામ્રાજ્યના નંદ રાજા : ઈ.સ.પૂર્વે** ૩૬૪થી ઈ.સ.પૂર્વે ૩૨૪ના સમયમાં મગધ સામ્રાજ્યમાં નંદ રાજાની સત્તા હતી. એક મોટા સામ્રાજ્યમાં જરૂરી એવી શાસન વ્યવસ્થા નંદરાજાએ નિર્માણ કરી. પાયદળ, અશ્વદળ, રથદળ અને હાથીદળ જેવું ચતુરંગ સૈન્ય તેના તાબામાં હતું. તેણે વજનમાપની પ્રમાણિત પદ્ધતિની શરૂઆત કરી.

નંદવંશના છેલ્લા રાજાનું નામ ધનાનંદ હતું. તેના સમય સુધીમાં મગધ સામ્રાજ્યનો વિસ્તાર પશ્ચિમે પંજાબ સુધી થયો હતો. ધનાનંદની કારકિર્દીમાં મહત્ત્વાકાંક્ષી યુવાન ચંદ્રગુપ્ત મૌર્યે પાટલિપુત્ર જીતી લીધું, નંદ રાજાના વહીવટનો અંત આણ્યો અને મૌર્ય સામ્રાજ્યનો પાયો નાંખ્યો.

હવે પછીના પાઠમાં આપણે મૌર્ય સામ્રાજ્યની ઉન્નતિના સમયમાં ભારતના વાયવ્ય અને પશ્ચિમ ભાગમાં થયેલા પરદેશી આક્રમણોની માહિતી મેળવીશું. તેમજ મૌર્ય સામ્રાજ્યની સવિસ્તર માહિતી મેળવીશું.

**તમે જાણો છો કે ?**

સોળ મહાજનપદોના પ્રાચીન અને આધુનિક નામો : (૧) કાશી (બનારસ) (૨) કોસલ (લખનઊ) (૩) મલ્લ (ગોરખપુર) (૪) વત્સ (અલ્હાબાદ) (૫) ચેદિ (કાનપુર) (૬) કુરૂ (દિલ્હી) (૭) પાંચાલ (રોહિલખંડ) (૮) મત્સ્ય (જયપુર) (૯) શૂરસેન (મથુરા) (૧૦) અશ્મક (ઔરંગાબાદ, મહારાષ્ટ્ર) (૧૧) અવંતિ (ઉજ્જૈન) (૧૨) અંગ (ચંપા–પૂર્વ બિહાર) (૧૩) મગધ (દક્ષિણ–બિહાર) (૧૪) વૃજ્જી (ઉત્તર બિહાર) (૧૫) ગાંધાર (પેશાવર) (૧૬) કંબોજ (ગાંધાર પાસે)

## સ્વાધ્યાય

**૧. નીચેના દરેક પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.**

(૧) જનપદો એટલે શું ?
(૨) મહાજનપદો એટલે શું ?
(૩) બૌદ્ધધર્મની પહેલી પરિષદ ક્યાં ભરાઈ હતી ?
(૪) વજનમાપની પ્રમાણિત પદ્ધતિ કોણે શરૂ કરી ?

**૨. કહો જોઈએ.**

(૧) આજના મહારાષ્ટ્રનો કેટલોક ભાગ તે વખતના આ જનપદથી વ્યાપેલો હતો
(૨) જનપદોમાંની જ્યેષ્ઠ વ્યક્તિઓની હતી
(૩) જે સભાગૃહમાં ચર્ચા થતી હતી તેને કહેવામાં આવતું
(૪) ગૌતમબુદ્ધ આ ગણરાજ્યના હતા
(૫) ચતુરંગ સૈન્ય

**૩. જોડી બનાવો.**

| 'અ' જૂથ | 'બ' જૂથ |
|---|---|
| (૧) સંગિતી | (અ) અજાતશત્રુ |
| (૨) ઘનાનંદ | (બ) પરિષદ |
| (૩) પાટલીગ્રામ | (ક) મહાગોવિંદ |
| | (ડ) નંદરાજા |

**૪. ભારતના વિવિધ ઘટકરાજ્યો અને તેની રાજધાનીની યાદી બનાવો.**

**ઉપક્રમ :**

(૧) તમારા પરિસરમાં આવેલા કિલ્લાની મુલાકાત લો અને નીચેના મુદ્દાઓને અનુલક્ષીને માહિતી મેળવો.
(૧) કિલ્લાનો પ્રકાર (૨) ક્યા રાજવહીવટમાં નિર્મિતિ (૩) કિલ્લેદાર (૪) મુખ્ય વિશેષતા
(૨) ભારતીય લશ્કરમાં ક્યાં ક્યાં દળો છે, તેની માહિતી મેળવો.
(૩) નીચેનો તક્તો પૂર્ણ કરો.

| અ.ક્ર. | મહાજનપદોના રાજ્ય | સ્થળ | રાજધાની | મુખ્ય રાજાના નામ |
|---|---|---|---|---|
| ૧. | --- | હિમાલયની તળેટીમાં | --- | --- |
| ૨. | વત્સ | --- | --- | --- |
| ૩. | --- | --- | --- | પ્રદ્યોત |
| ૪. | --- | પટણા, ગયા જેવાં શહેરોની આસપાસનો પ્રદેશ | --- | --- |

* * *

3DP2ZV

# ૭. મૌર્યકાલીન ભારત

૭.૧ ગ્રીક સમ્રાટ સિકંદરની સવારી

૭.૨ મૌર્ય સામ્રાજ્ય

**તમે જાણો છો કે ?**

ઈ.સ.પૂ. છઠ્ઠા સૈકામાં ઈરાનમાં સાયરસ નામના રાજાએ મોટું સામ્રાજ્ય સ્થાપિત કર્યું હતું. આ સામ્રાજ્ય ભારતના વાયવ્યથી રોમ સુધી અને આફ્રિકાના ઈજિપ્ત સુધી ફેલાયેલું હતું. ઈ.સ.પૂ. ૫૧૮ના અરસામાં દાર્યુશ નામના ઈરાની સમ્રાટે ભારતના વાયવ્ય તરફના પ્રદેશો અને પંજાબ સુધીનો કેટલોક વિસ્તાર જીતી લીધો હતો. દાર્યુશે આ પ્રદેશના કેટલાક સૈનિક પોતાના સૈન્યમાં ભરતી કરી દીધા હતા. ગ્રીક ઇતિહાસકારોના લેખનમાંથી તેની માહિતી મળે છે. સમ્રાટ દાર્યુશના સમયમાં ભારત અને ઈરાન વચ્ચે રાજનૈતિક સંબંધ બંધાયો હતો. તેને લીધે વેપાર અને કલા ક્ષેત્રમાં લેવડદેવડ વધી હતી. સમ્રાટ દાર્યુશે તેના સામ્રાજ્યમાં સર્વત્ર 'દારિક' નામનું એકજ પ્રકારનું ચલણ લાગુ કર્યું. તેથી વેપાર કરવાનું સરળ બન્યું. રાજધાનીનું પર્સિપોલીસ શહેર સમ્રાટ દાર્યુશના સમયમાં બાંધવામાં આવ્યું. પર્સિપોલીસ શહેર ઈરાનમાં છે.



દારિક

**૭.૧ ગ્રીક સમ્રાટ સિકંદરની સવારી :** ગ્રીક સમ્રાટ એલેક્ઝાંડર ઉર્ફ સિકંદરે ઈ.સ.પૂ. ૩૨૬માં ભારતના વાયવ્ય પ્રદેશ ઉપર સવારી કરી. સિંધુ નદી ઓળંગીને



સમ્રાટ સિકંદર

તે તક્ષશિલામાં આવ્યો. આ માર્ગે કેટલાક સ્થાનિક ભારતીય રાજાએ તેનો જોરદાર સામનો કર્યો. તેમ છતાં પંજાબ સુધી પહોંચવામાં સિકંદર સફળ થયો, પણ આ સવારીમાં તેના સૈનિકોને ખૂબજ હેરાનગતિ સહન કરવી પડી હતી. તેમને માદરે વતન જવાની ઇચ્છા થઈ ગઈ હતી. તેઓએ સિકંદર વિરુદ્ધ બળવો પોકાર્યો હતો. સિકંદરને પીછેહઠ કરવાની ફરજ પડી. ભારતના જીતેલા પ્રદેશોની વ્યવસ્થા માટે તેણે ગ્રીક અધિકારીઓની નિમણૂંકો કરી અને તેમને 'સત્રપ' કહ્યા. ત્યારપછી તે પાછો ફર્યો. રસ્તામાં બેબિલોનમાં ઈ.સ.પૂ. ૩૨૩માં તે મરણ પામ્યો. આ સ્થળ આજના ઈરાકમાં છે.

સિકંદરના આગમનને લીધે ભારત અને પશ્ચિમની દુનિયા વચ્ચે વેપાર વધ્યો. સિકંદર સાથે જે ઇતિહાસકાર હતા, તેમણે તેમના લેખન દ્વારા પશ્ચિમ તરફના જગતને ભારતનો પરિચય કરાવી આપ્યો. ગ્રીક મૂર્તિકલાનો ભારતીય કલાશૈલી ઉપર પ્રભાવ પડ્યો. તેના દ્વારા આગળ જતાં ગાંધાર નામની કલાશૈલીનો ઉદય થયો. ગ્રીક રાજાના સિક્કા વિશિષ્ટપૂર્ણ હતા. તેની ઉપર એક બાજુ તે સિક્કા પાડનારા રાજાનું ચિત્ર, તો બીજી બાજુ એક ગ્રીક દેવતાનું ચિત્ર હતું. સિક્કા ઉપર તે રાજાનું નામ હતું.



**સિકંદરના ચાંદીના સિક્કા - બંને બાજુ**

સિકંદરના સિક્કા પણ આવા જ પ્રકારના હતા. પછીના સમયમાં ભારતના રાજાઓએ પણ આવા પ્રકારના સિક્કા બનાવવાની શરૂઆત કરી.

### ૭.૨ મૌર્ય સામ્રાજ્ય :

**ચંદ્રગુપ્ત મૌર્ય :** ચંદ્રગુપ્ત મૌર્યે મૌર્ય સામ્રાજ્યની સ્થાપના કરી. મગધના નંદ રાજા ધનાનંદના જુલમી વહીવટથી લોકો કંટાળ્યાં હતાં. તેનો પરાભવ કરીને ચંદ્રગુપ્ત મૌર્યે ઈ.સ.પૂ. ૩૨૫ના અરસામાં મગધ પર પોતાની સત્તા સ્થાપી. તેણે અવંતી અને સૌરાષ્ટ્ર જીતી લઈને, પોતાના સામ્રાજ્યનો વિસ્તાર કરવાની શરૂઆત કરી. સિકંદરે નીમેલા સત્રપો વચ્ચે તેમના મૃત્યુ પછી સત્તા માટે લડાઈઓ શરૂ થઈ. સેલ્યુકસ નિકેટર સિકંદરનો સેનાપતિ હતો. સિકંદરના મૃત્યુ પછી તે બૅબિલોનનો રાજા બન્યો હતો. તેણે વાયવ્ય ભારત અને પંજાબ પર આક્રમણ કર્યું. ચંદ્રગુપ્ત મૌર્યે તેના આક્રમણનો સફળતાપૂર્વક સામનો કર્યો. સેલ્યુકસ નિકેટરને હરાવવાને લીધે અફઘાનિસ્તાનના કાબુલ, કંદહાર, હેરાત જેવા પ્રદેશો તેના સામ્રાજ્યમાં સમાઈ ગયા.

**તમે જાણો છો કે ?**

સંસ્કૃત નાટકકાર વિશાખાદત્તે 'મુદ્રારાક્ષસ' નાટક લખ્યું. તેમાં ધનાનંદનો નાશ કરીને ચંદ્રગુપ્ત મૌર્યે સ્વતંત્ર સત્તા કેવી રીતે સ્થાપી તેની વિગતનો ખુલાસો આપ્યો છે. આ વિષયવસ્તુમાં આર્ય ચાણક્ય અથવા કૌટિલ્યના યોગદાનને વિશેષ મહત્ત્વ આપ્યું છે.

મેગૅસ્થિનિસ સેલ્યુકસ નિકેટરનો રાજદૂત હતો તે ચંદ્રગુપ્ત મૌર્યના દરબારમાં રહ્યો હતો. તેના 'ઇંડિકા' ગ્રંથમાંનું વર્ણન મૌર્યકાલીન ભારતના અભ્યાસનું મહત્ત્વનું સાધન છે.

ગુજરાત રાજ્યના જૂનાગઢ પાસે સમ્રાટ ચંદ્રગુપ્ત મૌર્યે 'સુદર્શન' નામનો બંધ બાંધ્યો હતો. તેવા ઉલ્લેખવાળો શિલાલેખ છે.

**તમે જાણો છો કે ?**

જૈન પરંપરા અનુસાર ચંદ્રગુપ્ત મૌર્યે જૈન ધર્મનો સ્વીકાર કર્યો હતો, તેવું મનાય છે. જીવનના અંતે તેણે રાજપદનો ત્યાગ કર્યો. બાકીનું જીવન તેણે કર્ણાટકના શ્રવણ બેલગોડામાં વીતાવ્યું. ત્યાં જ તેનું મૃત્યુ થયું.

**સમ્રાટ અશોક :** ચંદ્રગુપ્તે રાજપદનો ત્યાગ કર્યા પછી તેનો પુત્ર બિંદુસાર મગધનો રાજા બન્યો. બિંદુસારના મૃત્યુ પછી તેનો પુત્ર અશોક ઈ.સ.પૂ. ૨૭૩માં સત્તા ઉપર આવ્યો. રાજા થતાં પહેલાં તેની નિમણૂંક તક્ષશિલા અને ઉજ્જયિનીમાં રાજ્યપાલ તરીકે કરવામાં આવી હતી. તે રાજ્યપાલ હતો ત્યારે તક્ષશિલામાં થયેલો બળવો તેણે સફળતાપૂર્વક શમાવી દીધો હતો. મગધનું સમ્રાટપદ પ્રાપ્ત થયા પછી તેણે કલિંગ ઉપર સવારી કરી. કલિંગ રાજ્યનો પ્રદેશ આજના ઓરિસ્સા રાજ્યમાં હતો. સમ્રાટ અશોકે કલિંગ ઉપર જીત મેળવી.

વાયવ્યમાં અફઘાનિસ્તાન તથા ઉત્તરમાં નેપાળથી દક્ષિણે કર્ણાટક અને આંધ્રપ્રદેશ સુધી, તેમજ પૂર્વે બંગાળથી પશ્ચિમે સૌરાષ્ટ્ર સુધી સમ્રાટ અશોકનું સામ્રાજ્ય ફેલાયેલું હતું.

**કલિંગનું યુદ્ધ :** કલિંગના યુદ્ધમાં થયેલો રક્તપાત જોઈને અશોકે ફરી ક્યારે પણ યુદ્ધ ન કરવાનો નિર્ણય લીધો. સત્ય, અહિંસા, બીજા પ્રત્યે દયા અને






**હંમેશા યાદ રાખો.**

**સમ્રાટ અશોકનો સંદેશ :**

- માતાપિતાની સેવા કરવી સારી છે.
- જે જીતને લીધે પ્રેમભાવના વધે છે, તે જ સાચો વિજય.



**કરીને જુઓ.**

ભારતના નકશામાં સમ્રાટ અશોકના શિલાલેખ અને સ્તંભલેખ દર્શાવતાં સ્થળો દર્શાવો.

ક્ષમાવૃત્તિના ગુણ તેની દૃષ્ટિએ મહત્ત્વના હતા. તેનો સંદેશ લોકો સુધી પહોંચાડવા માટે તેણે ઠેકઠેકાણે શિલાલેખ અને સ્તંભલેખ કોતરાવ્યા. આ લેખો બ્રાહ્મી લિપિમાં છે. આ લેખોમાં તેણે પોતાનો ઉલ્લેખ 'દેવાનં પિયો પિયદસી' (દેવને પ્રિય પ્રિયદર્શી) એવો કર્યો છે. રાજ્યાભિષેક થયા પછી આઠ વર્ષે તેણે કલિંગ ઉપર જીત મેળવી અને ત્યાંનો વિનાશ જોઈને તેનું હૃદય પરિવર્તન થયું, તેનો ઉલ્લેખ તેના એક લેખમાં છે.

સમ્રાટ અશોકના દિલ્હી–ટોપડાના એક લેખમાં ચામાચીડિયાં, વાંદરાં, ગેંડા વગેરેના શિકાર કરવા નહિ, જંગલમાં અગ્નિ પ્રગટાવવો નહિ એવો સખત નિષેધ લખી રાખ્યો હતો.



સમ્રાટ અશોક

**અશોકના ધર્મપ્રસારનું કાર્ય :** અશોકે પોતે બૌદ્ધ ધર્મનો સ્વીકાર કર્યો હતો. તેણે પાટલિપુત્રમાં બૌદ્ધ ધર્મની ત્રીજી પરિષદ બોલાવી હતી. બૌદ્ધ ધર્મના પ્રસાર માટે અશોકે પોતાના પુત્ર મહેન્દ્ર અને પુત્રી સંઘમિત્રાને શ્રીલંકા મોકલ્યાં હતાં. અગ્નિ એશિયા અને મધ્ય એશિયાના દેશોમાં પણ તેણે ધર્મપ્રસાર માટે બૌદ્ધ ભિખ્ખુઓને મોકલ્યા હતા. તેણે અનેક સ્તૂપ અને વિહાર બંધાવ્યા હતા.

**અશોકનાં લોકોપયોગી કાર્યો :** અશોકે પ્રજા માટે સુખસગવડ વધારવા પર ભાર મૂક્યો હતો. દાખલા તરીકે, માણસોને તેમજ પશુઓને દવાપાણી મફત મળી રહે, તેવી સગવડ કરી. અનેક રસ્તા બાંધ્યા. છાયા માટે રસ્તાની બંને બાજુએ વૃક્ષો ઉગાડ્યાં. ધર્મશાળાઓ બંધાવી. કૂવાઓ ખોદાવ્યા.

**કરીને જુઓ.**

તમારા પરિસરમાં કઈ કઈ સંસ્થા કયા લોકોપયોગી કાર્યો કરે છે તેનો અહેવાલ તૈયાર કરો.

**મૌર્યકાલીન રાજ્યવ્યવસ્થા :** મૌર્ય સામ્રાજ્યની રાજધાની પાટલિપુત્ર ખાતે હતી. રાજ્યકારભારની સગવડ માટે સામ્રાજ્યના ચાર વિભાગ પાડ્યા હતા. દરેક વિભાગની સ્વતંત્ર રાજધાની હતી.

૧. પૂર્વ વિભાગ – તોશાલી (ઓરિસ્સા),

૨. પશ્ચિમ વિભાગ – ઉજ્જયિની (મધ્યપ્રદેશ),

૩. દક્ષિણ વિભાગ – સુવર્ણગિરિ (કર્ણાટકનું કનકગિરિ),

૪. ઉત્તર વિભાગ – તક્ષશિલા (પાકિસ્તાન)

રાજ્યકારભારમાં રાજાને સલાહ આપવા માટે મંત્રીપરિષદ હતી. જુદાજુદા સ્તરે કામ કરનારા અનેક અધિકારી હતા. આ દરેક ઉપર દેખરેખ રાખવા માટે અને દુશ્મનોના હલનચલન પર નજર રાખવા માટે અત્યંત સક્ષમ એવું જાસૂસખાતું હતું.

**મૌર્યકાલીન લોકજીવન :** મૌર્યકાળમાં ખેતીના ઉત્પાદનને ખૂબ મહત્ત્વ હતું. ખેતી સાથે વેપાર અને અન્ય ઉદ્યોગ પણ સમૃદ્ધ બન્યા હતા. હાથીદાંત ઉપરનું કોતરકામ, કાપડ વણવું અને રંગવું, ધાતુકામ જેવા અનેક વ્યવસાય હતા. ચળકાટવાળાં કાળી માટીનાં વાસણો ઘડવામાં આવતાં. નૌકા બનાવવાનો ઉદ્યોગ પણ મોટા પ્રમાણમાં ચાલતો હતો. ધાતુકામમાં

અન્ય ધાતુ સાથે લોખંડની વસ્તુ બનાવવાનું તંત્રજ્ઞાન પણ વિકસિત થયું હતું.

શહેરોમાં અને ગામોમાં ઉત્સવ, સમારંભો ઉજવાતા હતા. તેમાં લોકોના મનોરંજન માટે નૃત્ય, ગાયનના કાર્યક્રમો થતાં હતાં. કુસ્તીની રમત, રથની સ્પર્ધા લોકપ્રિય હતી. સોગાઠાંબાજીની રમત અને ચેસ (બુદ્ધિબળ) જેવી રમતો રુચિપૂર્વક રમવામાં આવતી. ચેસની રમતનું 'અષ્ટપદ' એવું નામ હતું.



સ્તંભશીર્ષ

**તમે જાણો છો કે ?**

ભારતની રાજમુદ્રા સારનાથના અશોકસ્તંભના આધારે તૈયાર કરવામાં આવી છે. સારનાથના મૂળ સ્તંભ ઉપર ચાર સિંહો છે. પ્રત્યેક સિંહોની પ્રતિમા નીચે આડી પટ્ટી ઉપર ચક્ર છે. તેમાંથી આપણને એકજ ચક્ર પૂર્ણ દેખાય છે. ચક્રની એક બાજુએ અશ્વ (ઘોડો) અને બીજી બાજુએ વૃષભ (બળદ) છે. રાજમુદ્રાની જે બાજુ દેખાતી નથી તે બાજુ ઉપર આવી જ રીતે હાથી અને સિંહ આ બે પ્રાણી પણ છે.

**મૌર્યકાલીન કલા અને સાહિત્ય :** સમ્રાટ અશોકના સમયમાં શિલ્પકલાને ઉત્તેજન મળ્યું. અશોકે ઊભા કરેલા સ્તંભ ભારતીય શિલ્પકલાના ઉત્તમ નમૂના છે. તેણે ઊભા કરેલા સ્તંભ ઉપર સિંહ, હાથી, બળદ જેવાં પ્રાણીઓનાં અતિશય ઉત્તમ શિલ્પો છે. સારનાથના અશોક સ્તંભ ઉપરનું ચક્ર ભારતના રાષ્ટ્રધ્વજ ઉપર શોભે છે. તે સ્તંભ ઉપર ચારે બાજુએ સિંહ છે. સામેથી જોતા તેમાંના ત્રણ જ આપણને દેખાય છે. આ ભારતની રાજમુદ્રા છે. તેના સમયમાં ખોદવામાં આવેલી બરાબાર ટેકરીઓ ઉપરની ગુફા પ્રસિદ્ધ છે. આ ગુફા બિહારમાં છે. ભારતની ગુફાઓમાં આ ગુફા સૌથી પ્રાચીન છે.

બરાબારમાંની ગુફાઓ



સમ્રાટ અશોકના મૃત્યુ પછી મૌર્ય સામ્રાજ્યની પડતી શરૂ થઈ ગઈ. મૌર્યકાળ પછી ભારતમાં અનેક રાજ્યો ઉદય પામ્યાં (વિકસિત થયાં). કેટલાંક સામ્રાજ્યો પણ વિકસ્યાં. મૌર્ય સામ્રાજ્ય પ્રાચીન ભારતનું સૌથી મોટું સામ્રાજ્ય હતું. મૌર્ય કાળ પછીની રાજકીય અને સાંસ્કૃતિક ઘટનાઓ આપણે હવે પછીના પાઠમાં સમજવાના છીએ.

## સ્વાધ્યાય

**૧. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.**

(૧) સત્રપો વચ્ચે લડાઈઓ શા માટે શરૂ થઈ ?

(૨) બૌદ્ધધર્મના પ્રસાર માટે અશોકે શ્રીલંકા કોને મોકલ્યા ?

(૩) મૌર્યકાળમાં ક્યા ક્યા વ્યવસાય હતા ?

(૪) સમ્રાટ અશોકે ઊભા કરેલા સ્તંભ ઉપર ક્યાં ક્યાં પ્રાણીઓનાં શિલ્પો છે ?

**૨. કહો જોઈએ.**

(૧) સત્રપ

(૨) સુદર્શન

(૩) 'દેવાનં પિયો પિયદસી'

(૪) અષ્ટપદ

**૩. યાદ કરો અને લખો.**

(૧) ચંદ્રગુપ્ત મૌર્યના સામ્રાજ્યની વ્યાપ્તિ

(૨) સમ્રાટ અશોકના સામ્રાજ્યની વ્યાપ્તિ

**૪. જોડી બનાવો.**

| 'અ' જૂથ | 'બ' જૂથ |
|---|---|
| (૧) સમ્રાટ અલેક્ઝાંડર | (અ) સેલ્યુકસ નિકેટરનો રાજદૂત |
| (૨) મેગૅસ્થિનિસ | (બ) ગ્રીકનો સમ્રાટ |
| (૩) સમ્રાટ અશોક | (ક) રોમનો સમ્રાટ |
| | (ડ) મગધનો સમ્રાટ |

**૫. તમને શું લાગે છે ?**

(૧) સિકંદરને આખરે પીછેહઠ કરવાની ફરજ પડી.

(૨) ગ્રીક રાજાના સિક્કા વૈશિષ્ટ્યપૂર્ણ હતા.

(૩) સમ્રાટ અશોકે ક્યારેય યુદ્ધ ન કરવાનો નિર્ણય લીધો.

**૬. તમારા શબ્દોમાં વર્ણન કરો.**

(૧) સમ્રાટ અશોકનાં લોકોપયોગી કાર્યો.

(૨) મૌર્યકાલીન મનોરંજન અને રમતનાં સાધનો.

**૭. આજે હ્યુ-એન-ત્સંગ જેવા પરદેશી પ્રવાસી તમને મળે તો તમે શું કરશો ?**


**ઉપક્રમ :**

(૧) તમારા પરિસરમાં લોકપ્રતિનિધિએ કરેલાં લોકોપયોગી કાર્યોની માહિતી મેળવીને સવિસ્તર લેખન કરો.

(૨) સમ્રાટ અશોકના જીવનની વધારે માહિતી મેળવીને નાટ્યીકરણ દ્વારા વર્ગમાં રજૂ કરો.

* * *

# ૮. મૌર્ય સામ્રાજ્ય પછીના રાજ્યો




૮.૧ શુંગ વંશો
૮.૨ ઈંડો-ગ્રીક રાજાઓ
૮.૩ કુશાણ રાજાઓ
૮.૪ ગુપ્ત રાજવંશો
૮.૫ વર્ધન રાજવંશો
૮.૬ ઈશાન ભારતની રાજસત્તા

## ૮.૧ શુંગ વંશો

સમ્રાટ અશોક પછી મૌર્ય સત્તાનું સામર્થ્ય ઓછું થતું ગયું. છેલ્લા મૌર્ય રાજાનું નામ બૃહદ્રથ હતું. મૌર્યોના સેનાપતિ પુષ્યમિત્ર શુંગે બળવો કરીને બૃહદ્રથની હત્યા કરી અને તે પોતે રાજા બન્યો.

## ૮.૨ ઇંડો-ગ્રીક રાજાઓ

આ સમયમાં ભારતીય ઉપખંડના વાયવ્ય પ્રદેશમાં ગ્રીક રાજાના નાનાં નાનાં રાજ્યો હતાં. તે રાજાઓ 'ઇંડો-ગ્રીક રાજાઓ' કહેવાતા. પ્રાચીન ભારતીય સિક્કાના ઇતિહાસમાં આ રાજાઓના સિક્કા અત્યંત મહત્ત્વના હતા. એક બાજુ રાજાનું ચિત્ર અને બીજી બાજુ દેવતાનું ચિત્ર આ પદ્ધતિથી સિક્કા બનાવવાની તેઓની પરંપરા હતી. તે આગળ જતાં ભારતમાં પ્રચલિત થઈ. ઇંડો-ગ્રીક રાજાઓમાં મિનૅંડર રાજા પ્રસિદ્ધ હતો. તેણે બૌદ્ધ ભિખ્ખુ નાગસેન સાથે બૌદ્ધ તત્ત્વજ્ઞાનની ચર્ચા કરી હતી. મિનૅંડર એટલે જ મિલિંદ. ભિક્ષુક નાગસેનને પૂછેલા પ્રશ્નોના ઉત્તરો દ્વારા તેણે 'મિલિંદપઞ્હ' નામના ગ્રંથની રચના કરી. 'પઞ્હ' પાલી ભાષાના આ શબ્દનો અર્થ 'પ્રશ્ન' થાય છે.




મિનૅંડરના ચાંદીના સિક્કા - બંને બાજુ

## ૮.૩ કુશાણ રાજાઓ

ભારતમાં જુદાજુદા લોકોની ટોળીઓ બહારથી સતત આવતી રહી. તેમાં મધ્ય એશિયામાંથી આવેલી 'કુશાણ' નામે ઓળખાતી ટોળીઓ હતી. ઇસવી સનના પહેલા સૈકામાં વાયવ્યના પ્રદેશોમાં અને કાશ્મીરમાં તેઓએ રાજ્ય સ્થાપ્યાં. ભારતમાં સોનાના સિક્કા બનાવવાની શરૂઆત કુશાણ રાજાઓએ કરી. સિક્કા ઉપર ગૌતમ બુદ્ધ અને જુદાજુદા ભારતીય દેવતાઓની પ્રતિમાનો ઉપયોગ કરવાની પ્રથા કુશાણ રાજાઓએ શરૂ કરી. કુશાણ રાજા કનિષ્કે સામ્રાજ્યનો વિસ્તાર કર્યો.

**સમ્રાટ કનિષ્ક :** કનિષ્કનું સામ્રાજ્ય પશ્ચિમે કાબુલથી પૂર્વે વારાણસી સુધી ફેલાયેલું હતું. કનિષ્કના સોનાના અને તાંબાના સિક્કા મળી આવ્યા છે. કનિષ્કના સમયમાં બૌદ્ધ ધર્મની ચોથી પરિષદ કાશ્મીરમાં ભરવામાં આવી હતી. કનિષ્કે કાશ્મીરમાં કનિષ્કપુર શહેર વસાવ્યું હતું. શ્રીનગર પાસે આવેલું કામ્પુર નામનું ગામ એટલે જ કનિષ્કપુર. કનિષ્કના સમયમાં અશ્વઘોષ નામનો કવિ થઈ ગયો. તેણે 'બુદ્ધ ચરિત્ર' અને 'વજ્રસૂચિ' નામના ગ્રંથો લખ્યા છે. કનિષ્કના દરબારમાં 'ચરક' પ્રસિદ્ધ વૈદ હતા.

## ૮.૪ ગુપ્ત રાજવંશો

ઇસવી સનના ત્રીજા સૈકાના અંતમાં ઉત્તર ભારતમાં ગુપ્ત રાજવંશની સત્તા શરૂ થઈ. સાધારણ



કનિષ્કના સોનાના સિક્કા - બંને બાજુ



**તમે જાણો છો કે ?**


કનિષ્કના સોનાના સિક્કા : આ સિક્કા સમ્રાટ કનિષ્કે બનાવ્યા હતા. આ સિક્કાની દર્શની ભાગ ઉપર ગ્રીક લિપિમાં લખ્યું હતું કે, 'શાઓ નાનો શાઓ કનેષ્કી કોશાનો'. આનો અર્થ થાય છે કે, 'રાજાધિરાજ કનિષ્ક કુશાણ'. સિક્કાની પાછળની બાજુએ ગૌતમ બુદ્ધની પ્રતિમા છે અને બાજુમાં ગ્રીક લિપિમાં 'બોદ્દો' એટલે કે 'બુદ્ધ' લખ્યું છે.

રીતે ત્રણ સૈકા ગુપ્ત વંશ સત્તા પર હતો. ગુપ્ત રાજવંશના સંસ્થાપકનું નામ 'શ્રીગુપ્ત' હતું. સમુદ્રગુપ્ત અને બીજો ચંદ્રગુપ્ત ગુપ્તવંશના વિશેષ ઉલ્લેખનીય રાજાઓ હતા.

**સમુદ્રગુપ્ત :** પહેલો ચંદ્રગુપ્ત એ ગુપ્ત રાજાની કારકિર્દીમાં ગુપ્તોના રાજ્યવિસ્તારની શરૂઆત થઈ. તેના પુત્ર સમુદ્રગુપ્તે આસપાસના રાજાઓને હરાવીને તેમનો વિસ્તાર પડાવી પોતાનું સામ્રાજ્ય વધારે વિકસાવ્યું. તેની કારકિર્દીમાં ગુપ્ત સત્તા આસામથી પંજાબ સુધી ફેલાઈ હતી. તામિલનાડુના કાંચી સુધીનો પૂર્વ કિનારાપટ્ટીનો પ્રદેશ પણ તેણે જીત્યો હતો. સમુદ્રગુપ્તે મેળવેલી જીતને લીધે તેની સત્તાનો દબદબો ચારેબાજુ વધ્યો હતો. તેથી વાયવ્યના રાજા, તેમજ શ્રીલંકાના રાજાએ પણ તેની સાથે મૈત્રીના કરાર કર્યાં. સમુદ્રગુપ્તના પરાક્રમ અને તેણે મેળવેલી જીતનું વર્ણન પ્રયાગના સ્તંભલેખમાં સવિસ્તર આપેલું છે. આ લેખ 'પ્રયાગપ્રશસ્તિ' તરીકે ઓળખાય છે. તેને 'અલ્હાબાદ પ્રશસ્તિ' પણ કહેવાય છે. સમુદ્રગુપ્ત વીણાવાદનમાં નિપુણ હતો. તેણે જુદાજુદા પ્રકારની પ્રતિમાવાળા સિક્કા બહાર પાડ્યા હતા. તેમાંના એક પ્રકારમાં તે પોતે વીણા વગાડતો દેખાય છે. તેના પર 'સમુદ્રગુપ્ત' નામ લખેલું છે.

**બીજો ચંદ્રગુપ્ત :** બીજો ચંદ્રગુપ્ત સમુદ્રગુપ્તનો પુત્ર હતો. તેણે ગુપ્તોનું સામ્રાજ્ય વાયવ્ય તરફ વધાર્યું. તેણે માળવા, ગુજરાત અને સૌરાષ્ટ્ર જીતી લીધાં હતાં. બીજા ચંદ્રગુપ્તે તેની પુત્રી પ્રભાવતીના વિવાહ વાકાટક વંશના બીજા રુદ્રસેન સાથે કરાવી આપ્યા. આવી રીતે દક્ષિણ તરફની શક્તિશાળી વાકાટક સત્તા સાથે સંબંધ જોડ્યો. દિલ્હી પાસેના મહેરૌલીમાં એક લોહસ્તંભ ઊભો છે. તે લગભગ દોઢ હજાર વર્ષોથી પણ વધારે જૂનો છે. છતાં તેને કાટ લાગ્યો નથી. પ્રાચીન ભારતીયોએ તંત્રજ્ઞાનમાં કરેલી પ્રગતિનું આ એક પ્રતીક છે. આ લોહસ્તંભ ઉપરના લેખમાં 'ચંદ્ર' નામના રાજાનો ઉલ્લેખ છે. તે ઉલ્લેખના આધારે આ લોહસ્તંભ બીજા ચંદ્રગુપ્તના સમયનો છે, તેવું માનવામાં આવે છે.

બીજા ચંદ્રગુપ્તના સમયમાં 'ફાહિયાન' બૌદ્ધ ભિખ્ખુ ચીનમાંથી ભારતમાં આવ્યો હતો. તેણે તેના ભારતના પ્રવાસનું વર્ણન લખ્યું છે. તેમાં ગુપ્ત સામ્રાજ્યની ઉત્કૃષ્ટ રાજ્યવ્યવસ્થાની માહિતી મળે છે.



સમુદ્રગુપ્તના સોનાના સિક્કા - બંને બાજુ

**તમે જાણો છો કે ?**

ચીની પ્રવાસી ફાહિયાન બીજા ચંદ્રગુપ્તના સમયમાં ભારતમાં આવ્યો હતો. પોતાના પ્રવાસવર્ણનમાં તેણે ગુપ્ત સમયના સમાજજીવનનું વર્ણન કર્યું છે. તે કહે છે, કે ભારતનાં શહેરો મોટા અને સમૃદ્ધ હતાં. પ્રવાસીઓ માટે આ શહેરોમાં અનેક અતિથિગૃહો છે. અનેક ધર્માર્થ સંસ્થાઓ પણ છે. શહેરમાં હોસ્પિટલો છે. ત્યાં ગરીબોને વૈદ્યકીય સેવા વિનામૂલ્યે મળે છે. વિહાર અને મંદિરો ભવ્ય છે. લોકોને વ્યવસાય પસંદ કરવાનું પૂર્ણ સ્વાતંત્ર્ય છે. ક્યાંય પણ જવા લોકોને બંધી નથી. સરકારી અધિકારીઓને અને સૈનિકોને નિયમિત પગાર અપાય છે. ત્યાંના લોકો દારૂ પીતા નથી, હિંસા કરતાં નથી. ગુપ્ત રાજવહીવટનું પ્રશાસન યોગ્ય રીતે ચલાવાય છે.

## ૮.૫ વર્ધન રાજવંશો

ગુપ્ત સામ્રાજ્યનું સામર્થ્ય ઓછું થવા લાગ્યા પછી ઉત્તર ભારતમાં અનેક રાજ્યો પ્રકાશમાં આવ્યાં. વર્ધન રાજવંશનું રાજ્ય તેમાંનું એક હતું. દિલ્હી પાસેના થાણેસરમાં પ્રભાકરવર્ધન નામનો રાજા રાજ્ય કરતો હતો. તેના સમયમાં વર્ધન વંશ પ્રભાવશાલી બન્યો. હર્ષવર્ધન તેનો પુત્ર હતો. હર્ષવર્ધને વર્ધન સામ્રાજ્યનો વિસ્તાર કર્યો. તેની કારકિર્દીમાં વર્ધન સામ્રાજ્યનો વિસ્તાર ઉત્તરમાં નેપાળ, દક્ષિણે નર્મદા નદી, પૂર્વે આસામ અને પશ્ચિમે ગુજરાત સુધી થયો હતો. કામરૂપ એટલે પ્રાચીન આસામ. ત્યાંના રાજા ભાસ્કરવર્મન સાથે તેનો મૈત્રીભર્યો સંબંધ હતો. હર્ષવર્ધને પોતાનો રાજદૂત ચીની દરબારમાં મોકલ્યો હતો. હર્ષવર્ધને ચીનના સમ્રાટ સાથે મૈત્રીસંબંધ સ્થાપ્યો હતો. તેણે તેની રાજધાની કનૌજમાં સ્થાપી હતી. તેની કારકિર્દી દરમ્યાન વેપારમાં જાહોજલાલી આવી. રાજ્યની આવકનો ખૂબ મોટો હિસ્સો તે પ્રજાના કલ્યાણ માટે વાપરતો હતો. દર પાંચ વર્ષે તે પોતાની બધી સંપત્તિ પ્રજાને દાન કરી દેતો.

હર્ષવર્ધનના દરબારના રાજકવિ બાણભટ્ટે હર્ષવર્ધનના જીવન ઉપર 'હર્ષચરિત્ર' નામનો ગ્રંથ લખ્યો હતો. તેના આધારે હર્ષવર્ધનની કારકિર્દીની માહિતી મળે છે. હર્ષવર્ધને બૌદ્ધ ધર્મનો સ્વીકાર કર્યો હતો. તેણે અન્ય ધર્મોને પણ ઉદાર દિલે આશ્રય આપ્યો હતો. હર્ષવર્ધને 'રત્નાવલી', 'નાગાનંદ' અને 'પ્રિયદર્શિકા' આ ત્રણ સંસ્કૃત નાટકો લખ્યાં હતાં. તેના સમયમાં હ્યુ–એન–ત્સંગ બૌદ્ધ ભિખ્ખુ ચીનથી ભારત આવ્યો હતો. તે ભારતભરમાં ફર્યો. નાલંદા વિદ્યાપીઠમાં તે બે વર્ષ રહ્યો હતો. તેણે ચીન પાછા ફર્યા પછી બૌદ્ધગ્રંથોનું ચીની ભાષામાં ભાષાંતર કર્યું હતું.

## ૮.૬ ઈશાન ભારતની રાજસત્તા

ઈશાન ભારતના મણિપુર પ્રદેશની ઉલૂપી રાજકન્યાના અર્જુન સાથે થયેલા વિવાહની કથા મહાભારતમાં આવેલી છે. 'કામરૂપ' રાજ્ય ઈસવી સનના ચોથા સૈકામાં પ્રકાશમાં આવ્યું. પુષ્યવર્મન કામરૂપ રાજ્યનો સંસ્થાપક હતો. સમુદ્રગુપ્તના અલાહાબાદના સ્તંભલેખમાં તેનો ઉલ્લેખ કરેલો છે.



યુઆન-શ્વાંગ

**તમે જાણો છો કે ?**

હ્યુ–એન–ત્સંગ ભારતભરમાં ફર્યો હતો. તેણે મહારાષ્ટ્રના લોકો વિશે ખૂબ ગૌરવપૂર્ણ ઉદ્‌ગાર કાઢ્યા છે, તે કહે છે, ''મહારાષ્ટ્રના લોકો સ્વમાની છે. કોઈએ કરેલા ઉપકારો તે હંમેશાં યાદ રાખે છે, પરંતુ જો કોઈ તેમનું અપમાન કરે તો તેઓ તેમને છોડતા નથી. મુશ્કેલીમાં સપડાયેલા લોકોને પોતાના પ્રાણની પરવા કર્યા વગર મદદ કરે છે. શરણે આવેલાને તેઓ નુકસાન પહોંચાડતા નથી''.



નાલંદા વિદ્યાપીઠ

કામરૂપના રાજાના અનેક કોતરેલા લેખ ઉપલબ્ધ છે. મહાભારત અને રામાયણ મહાકાવ્યોમાં કામરૂપનો ઉલ્લેખ 'પ્રાગ્જ્યોતિષ' નામથી કરેલો છે. પ્રાગ્જ્યોતિષપુર તે રાજ્યની રાજધાની હતી. પ્રાગ્જ્યોતિષપુર એટલે આજના આસામ રાજ્યનું ગુવાહાટી શહેર. 'પેરિપ્લસ ઑફ ધી એરિથ્રિયન સી' નામના પુસ્તકમાં તેનો ઉલ્લેખ 'કિર્‌હાદિયા' એટલે 'કિરાત લોકોનો પ્રદેશ' એવો કરેલો છે. કામરૂપ રાજ્યનો વિસ્તાર બ્રહ્મપુત્રા નદીનો ખીણપ્રદેશ, ભૂતાન, બંગાળનો કેટલોક ભાગ અને બિહારનો કેટલોક ભાગ આ પ્રદેશમાં થયેલો હતો. ઈશાન ભારતના 'કામરૂપ' રાજ્યમાં હ્યુ-એન-ત્સંગ ગયો હતો. તે સમયે ભાસ્કરવર્મન ત્યાંનો રાજા હતો.

આ પાઠમાં આપણે મૌર્ય પછીના સમયની ઉત્તર ભારત અને ત્યાંની જુદીજુદી રાજસત્તાઓનો પરિચય મેળવી લીધો. તેમજ તે અરસામાં ઈશાન ભારતમાં કેવી પરિસ્થિતિ હતી, તે પણ જોયું. હવે પછીના પાઠમાં આપણે તે જ અરસાની દક્ષિણ ભારતમાંની રાજસત્તાઓનો પરિચય મેળવવાના છીએ.



**તમે જાણો છો કે ?**

ભારતીય પરંપરા અનુસાર પ્રાચીન સમયે કાશ્મીરનું નામ 'કશ્યપપુર' હતું. ગ્રીક ઇતિહાસકારોએ તેનો ઉલ્લેખ કૅસ્પૅપિરૉસ, 'કૅસ્પેટિરૉક' અને કૅસ્પેરિયા આવો કરેલો છે. મહાભારતના સમયમાં કામ્બોજ વંશના રાજા ત્યાં રાજ્ય કરતા હોવાનો ઉલ્લેખ આવે છે. સમ્રાટ અશોકના સમયમાં કાશ્મીર મૌર્ય સામ્રાજ્યમાં સમાવિષ્ટ થયેલું હતું. ઇસવી સનના સાતમા સૈકામાં કર્કોટ વંશનું રાજ્ય કાશ્મીરમાં હતું. કલ્હણાએ તેના રાજતરાંગિણી નામના ગ્રંથમાં તેની માહિતી આપેલી છે.

## સ્વાધ્યાય

**૧. કહો જોઈએ.**

(૧) ભારતમાં સોનાના સિક્કા બનાવવાની શરૂઆત કરનારા રાજાઓ –

(૨) કનિષ્કે કાશ્મીરમાં વસાવેલું શહેર –

(૩) વીણાવાદનમાં નિપુણ રાજા –

(૪) કામરૂપ એટલે જ –

**૨. પાઠના નકશાનું નિરીક્ષણ કરીને ગુપ્તોનાં સામ્રાજ્યમાં આધુનિક શહેરોના નામની યાદી બનાવો.**

**૩. ચર્ચા કરો અને લખો.**

(૧) સમ્રાટ કનિષ્ક


(૨) મેહરૌલીનો લોહસ્તંભ

**૪. પાઠમાં આપેલા વિવિધ ગ્રંથ અને ગ્રંથકારના નામોની યાદી બનાવો.**

**૫. ગુપ્ત રાજવંશ અને વર્ધન રાજવંશનો તુલનાત્મક તક્તો નીચેના મુદ્દાના આધારે તૈયાર કરો.**

| મુદ્દા | ગુપ્ત રાજવંશ | વર્ધન રાજવંશ |
|---|---|---|
| સંસ્થાપક | | |
| રાજ્યવિસ્તાર | | |
| કાર્ય | | |

**૬. નીચેનો શબ્દ કોયડો ઉકેલો.**




**ઊભા શબ્દો**

૨. ✶✶✶✶✶ ના પરાક્રમનું વર્ણન પ્રયાગના સ્તંભલેખમાં જોવા મળે છે.

૩. મહેરૌલી લોહસ્તંભ ઉપર ✶✶ નામના રાજાનો ઉલ્લેખ જોવા મળે છે.

૫. પુષ્યવર્મને ✶✶✶✶ નું રાજ્ય સ્થાપ્યું.

૭. ✶✶✶✶✶ ના દરબારમાં બાણભટ્ટ નામનો રાજકવિ હતો.

૮. ઇંડોગ્રીક રાજાઓમાં પ્રસિદ્ધ રાજા ✶✶✶✶.

**આડા શબ્દો**

૧. ✶✶✶✶✶✶✶ એ ગુપ્ત સામ્રાજ્ય વાયવ્ય તરફ વધાર્યું.

૪. હર્ષવર્ધનનું એક સંસ્કૃત નાટક ✶✶✶✶✶.

૬. ગુપ્ત રાજવંશનો સંસ્થાપક ✶✶✶.

૯. ✶✶✶✶ ના વિવાહ વાકાટક વંશના બીજા રૂદ્રસેન સાથે થયા.

૧૦. બીજા ચંદ્રગુપ્તના દરબારના સમયમાં ભારતમાં આવેલી બૌદ્ધ ભિખ્ખુ ✶✶✶✶

૧૧. કનિષ્કના દરબારના પ્રસિદ્ધ વૈદ ✶✶✶


**ઉપક્રમ :**

મૌર્ય સામ્રાજ્ય પછી ભારતમાં થઈ ગયેલા રાજ્યકર્તાઓ વિશે વધારે માહિતી મેળવો અને તમને ગમતા રાજ્યકર્તાની ભૂમિકાભિનય વર્ગમાં રજૂ કરો.

✻ ✻ ✻

# ૯. દક્ષિણ ભારતનાં પ્રાચીન રાજ્યો

૯.૧ ચેર, પાંડ્ય અને ચોળ રાજવંશો
૯.૨ સાતવાહન રાજવંશો
૯.૩ વાકાટક રાજવંશો
૯.૪ ચાલુક્ય રાજવંશો
૯.૫ પલ્લવ રાજવંશો
૯.૬ રાષ્ટ્રકૂટ રાજવંશો




**કરીને જુઓ.**

ભારતના રૂપરેખાવાળા નકશામાં દક્ષિણ ભારતનાં મહત્ત્વના સ્થળો બતાવો.

## ૯.૧ ચેર, પાંડ્ય અને ચોળ રાજવંશો

દક્ષિણની પ્રાચીન રાજસત્તાઓમાં ત્રણ રાજસત્તાનો ઉલ્લેખ તત્કાલીન સાહિત્યમાં આવે છે.

ચેર, પાંડ્ય અને ચોળ આ રાજસત્તાઓ હતી. આ રાજસત્તા ઈસવી સન પૂર્વેના ચોથા સૈકામાં અથવા તેનાથી પણ પહેલાથી અસ્તિત્વમાં હતી. તેનો ઉલ્લેખ રામાયણ, મહાભારતનાં મહાકાવ્યોમાં કરવામાં આવ્યો છે. તમિળ ભાષાના સંઘમ સાહિત્યમાં આ ત્રણ રાજસત્તાઓનો ઉલ્લેખ છે. મૌર્ય સમ્રાટ અશોકના લેખોમાં પણ તેનો ઉલ્લેખ છે. 'પેરિપ્લસ ઑફ ધી એરિથ્રિયન સી' પુસ્તકમાં 'મુઝિરીસ' કેરળના કિનારા ઉપરનું અત્યંત મહત્ત્વનું બંદર હોવાનું કહ્યું છે. આ બંદર ચેર રાજ્યમાં હતું. મુઝિરીસ બંદરેથી મસાલાના પદાર્થ, મોતી, મૂલ્યવાન રત્નો, વગેરે વસ્તુની ઇટલીના રોમમાં અને પશ્ચિમના અન્ય દેશોમાં નિકાસ થતી હતી. પાંડ્ય રાજ્યનો વિસ્તાર આજના તમિળનાડુમાં હતો. ત્યાંના ઉત્કૃષ્ટ કક્ષાનાં મોતીઓની ખૂબ માંગણી હતી. મદુરાઈ પાંડ્ય રાજ્યની રાજધાની હતી. પ્રાચીન ચોળોનું રાજ્ય તમિળનાડુના તિરૂચિરાપલ્લીની આસપાસના પ્રદેશમાં હતું.

### ૯.૨ સાતવાહન રાજવંશો

મૌર્ય સામ્રાજ્યના વિનાશ પછી ઉત્તર ભારત પ્રમાણે જ મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, કર્ણાટક પ્રદેશોના સ્થાનિક રાજાઓ સ્વતંત્ર થયા. તેમણે નાનાં નાનાં રાજ્યો સ્થાપ્યાં. તેમાંથી એક સાતવાહન વંશ હતો. પ્રતિષ્ઠાન એટલે જ પૈઠણ તેની રાજધાની હતી. રાજા સિમુક સાતવાહન વંશનો સંસ્થાપક હતો. પુણે જિલ્લાના જુન્નર નજીકના નાણેઘાટની ગુફામાંના કોતરેલા લેખોમાં આ વંશના મહત્ત્વની વ્યક્તિઓનાં નામો છે. કેટલાક સાતવાહન રાજાઓ તેમના નામની આગળ માતાનું નામ લગાડતા હતા. ઉદા. તરીકે ગૌતમીપુત્ર સાતકર્ણી.

સાતવાહન વંશના ગૌતમીપુત્ર સાતકર્ણી રાજા વિશેષ પ્રસિદ્ધ છે. તેમના પરાક્રમનું વર્ણન નાસિકની ગુફામાંના કોતરેલા લેખોમાં કરેલું છે. તેણે શક રાજા નહપાનનો પરાજય કર્યો. ગૌતમીપુત્રનો ઉલ્લેખ નાસિકના લેખમાં 'ત્રિસમુદ્રતોયપીતવાહન' તરીકે કરેલો છે. તોય એટલે પાણી. ઘોડા રાજાનું વાહન છે. 'જેમના ઘોડાઓએ ત્રણ સમુદ્રનું પાણી પીધું છે', એવો તેનો અર્થ થાય છે. ત્રણ સમુદ્ર એટલે અરબી સમુદ્ર, બંગાળનો ઉપસાગર અને હિંદી મહાસાગર. તેના સમયમાં સાતવાહનોનું સામ્રાજ્ય ઉત્તરે નર્મદા નદીથી દક્ષિણે તુંગભદ્રા નદી સુધી ફેલાયેલું છે.

**તમે જાણો છો કે ?**

**નામેઘાટ** : પુણે અને થાણે જિલ્લાની સીમા ઉપરનો (જુન્નર–મુરબાડ માર્ગ) ઘાટરસ્તો 'નાણેઘાટ'ના નામે ઓળખવામાં આવે છે. પાંચ કિલોમીટર લાંબો આ ઘાટ લગભગ બે હજાર વર્ષો પહેલાં સાતવાહનોની કારકિર્દીમાં તૈયાર કરવામા આવ્યો. પૂર્વે આ ઘાટ દેશ અને કોંકણ વચ્ચેના મુખ્ય વેપારી માર્ગો પૈકીનો એક હતો. વેપાર અને વાહન–વ્યવહાર માટે આ ઘાટ રસ્તો વપરાતો હતો. જમીનમાં કોતરેલી ઊંડી કૂંડી આજે પણ ત્યાં જોવા મળે છે. નાણેઘાટની ગુફામાં સાતવાહન રાજાની મૂર્તિ અને પ્રાચીન શિલાલેખ છે. સાતવાહન રાજા અને રાણીએ આપેલી ભેટનાં વર્ણનો અહીંના શિલાલેખમાં છે.

હાલ નામના સાતવાહન રાજાનો 'ગાથાસપ્તશતી' આ મહારાષ્ટ્રીય પ્રાકૃત ભાષાનો ગ્રંથ પ્રસિદ્ધ છે. આ ગ્રંથમાંથી સાતવાહન સમયના લોકજીવનની માહિતી મળે છે.

સાતવાહન સમયમાં ભારતીય વેપારમાં ખૂબ વૃદ્ધિ થઈ. મહારાષ્ટ્રના પૈઠણ, તેર, ભોકરદન, કોલ્હાપુર જેવાં સ્થળોને વેપારનાં કેંદ્રો તરીકે વિશેષ મહત્ત્વ પ્રાપ્ત થયું. આ સમયમાં અનેક કલાવસ્તુઓનું ઉત્પાદન ત્યાં થવા લાગ્યું. ભારતીય માલની

નિકાસ રોમ સુધી થતી હતી. કેટલાક સાતવાહન સિક્કા ઉપર જહાજની પ્રતિમા છે. મહારાષ્ટ્રની અજંટા, નાસિક, કાર્લા, ભાજે, કાન્હેરી, જુન્નરની ગુફાઓમાંથી કેટલીક ગુફા સાતવાહનના સમયમાં ખોદેલી છે.




**જહાજની પ્રતિમાવાળા સાતવાહન સિક્કા**



**કાર્લાનું ચૈત્યગૃહ**

## ૯.૩ વાકાટક રાજવંશો

ઈસવી સનના ત્રીજા સૈકાની શરૂઆતમાં સાતવાહનોની સત્તા નબળી પડી. ત્યારપછી ઉદય પામેલા રાજવંશોમાં વાકાટક એક શક્તિશાળી રાજવંશ હતો. વાકાટક રાજવંશના સંસ્થાપકનું નામ 'વિંધ્યશક્તિ' હતું. વિંધ્યશક્તિ પછી પહેલો પ્રવરસેન રાજા થયો. પ્રવરસેન પછી વાકાટકોનું રાજ્ય વિભાજીત થયું. તેની બે શાખા મુખ્ય હતી. પહેલી શાખાની રાજધાની નંદીવર્ધન (નાગપુર પાસે) હતી. બીજી શાખાની રાજધાની વત્સગુલ્મ એટલે હાલનું વાશિમ (જિલ્લો વાશિમ)માં હતી. વિંધ્યશક્તિના પુત્ર પહેલા પ્રવરસેને વાકાટક સામ્રાજ્યનો વિસ્તાર કર્યો. તેની કારકિર્દીમાં વાકાટકોનું સામ્રાજ્ય ઉત્તરે માળવા અને ગુજરાતના પ્રદેશથી દક્ષિણે કોલ્હાપુર સુધી ફેલાયેલું હતું. તે સમયના કોલ્હાપુરનું નામ 'કુંતલ' હતું. ગુપ્ત સમ્રાટ બીજા ચંદ્રગુપ્તની પુત્રી પ્રભાવતીના વિવાહ વાકાટકના રાજા બીજા રુદ્રસેન સાથે થયા હતાં, તેની માહિતી આપણે આ પહેલા મેળવેલી છે. વાકાટક રાજા હરિષેણનો મંત્રી વરાહદેવ હતો. તે બૌદ્ધ ધર્મનો અનુયાયી હતો. અજંટાની ૧૬મા ક્રમાંકની ગુફા તેણે ખોદાવી હતી. અજંટાની બીજી પણ કેટલીક ગુફાની ખોદાઈનું તેમજ તે ગુફાચિત્રોથી સુશોભિત કરવાનું કામ હરિષેણની કારકિર્દી દરમ્યાનમાં થયું હતું. વાકાટક રાજા



**અજંટાની એક ગુફા**

બીજા પ્રવરસેને 'માહારાષ્ટ્રી' પ્રાકૃત ભાષામાં 'સેતુબંધ' ગ્રંથની રચના કરી હતી. તેમજ કાલિદાસનું 'મેઘદૂત' કાવ્ય પણ આ જ સમયનું છે.



**અજંટાના બોધિસત્ત્વ પદ્મપાણિ**

## ૯.૪ ચાલુક્ય રાજવંશો

કર્ણાટકના ચાલુક્ય રાજવંશની સત્તા બળવાન હતી. વાકાટક પછી પ્રબળ બનેલી સત્તાઓમાં કદંબ, કલચુરી, વગેરે સત્તાઓનો સમાવેશ થાય છે. તે દરેક ઉપર ચાલુક્ય રાજાઓએ પોતાનું વર્ચસ્વ પ્રસ્થાપિત કર્યું. પહેલા પુલકેશીએ ઈસવી સનના છઠ્ઠા સૈકામાં ચાલુક્ય વંશની સ્થાપના કરી. કર્ણાટકનું બદામી તેની રાજધાની હતી. બદામીનું પ્રાચીન નામ 'વાતાપિ' હતું. ચાલુક્ય રાજા બીજા પુલકેશીએ સમ્રાટ હર્ષવર્ધનના આક્રમણને પીછેહઠ કરાવી હતી. બદામી, ઐહોળે, પટ્ટદકલનાં પ્રસિદ્ધ મંદિરો ચાલુક્ય રાજાઓની કારકિર્દી દરમ્યાન બાંધવામાં આવ્યાં હતાં.

## ૯.૫ પલ્લવ રાજવંશો

પલ્લવ રાજસત્તા દક્ષિણ ભારતની એક શક્તિશાળી રાજસત્તા હતી. તમિળનાડુનું કાંચીપુરમ તેની રાજધાની હતી. મહેન્દ્રવર્મન એક કર્તવ્યનિષ્ઠ



પટ્ટદકલનું મંદિર



મહાબલિપુરમનાં રથમંદિરો

(કરતવગાર) પલ્લવ રાજા હતો. તેણે પલ્લવ રાજ્યનો વિસ્તાર કર્યો. તે પોતે નાટ્યકાર હતો. મહેન્દ્રવર્મનના પુત્ર નરસિંહવર્મને ચાલુક્ય રાજા બીજા પુલકેશીના આક્રમણને પાછું ફરવા ફરજ પાડી. તેની કારકિર્દીમાં મહાબલિપુરમના પ્રસિદ્ધ રથમંદિરો કોતરવામાં આવ્યાં. આ રથમંદિરો અખંડ પથ્થરમાંથી કોતરેલાં છે.

પલ્લવ રાજાઓનું આરમાર (લશ્કર) શક્તિશાળી અને સુસજ્જ હતું. તેમના સમયમાં ભારતનો અગ્નિ એશિયાના દેશો સાથે નિકટનો સંબંધ હતો. દેશાંતર્ગત અને દેશ બહારના વેપારમાં સમૃદ્ધિ આવી. હ્યુ-એન-ત્સંગે કાંચીની મુલાકાત લીધી હતી. તેના રાજ્યમાં દરેક ધર્મના લોકોની સાથે સહિષ્ણુતાથી અને ન્યાયપૂર્ણ વર્તન કરવામાં આવતું, એવું તેણે કહ્યું છે.

### ૯.૬ રાષ્ટ્રકૂટ રાજવંશો

રાષ્ટ્રકૂટ રાજવંશની જાહોજલાલીના સમયમાં તેની સત્તા વિંધ્ય પર્વતથી દક્ષિણે કન્યાકુમારી સુધી ફેલાયેલી હતી. દન્તિદુર્ગ નામના રાજાએ મહારાષ્ટ્રમાં સૌ પ્રથમ તેની સત્તાની સ્થાપના કરી. કૃષ્ણ રાજા પહેલાએ વેરુળનું સુપ્રસિદ્ધ કૈલાસ મંદિર ખોદાવ્યું હતું.

અત્યાર સુધીમાં આપણે મુખ્યત્વે પ્રાચીન ભારતની જુદીજુદી રાજકીય સત્તાની માહિતી મેળવી. હવે પછીના પાઠમાં પ્રાચીન ભારતના સામાજિક અને સાંસ્કૃતિક જીવનનો તાગ મેળવીશું.



વેરુળની કૈલાસ ગુફાઓ

## તમે જાણો છો કે ?

**પેરિપ્લસ ઑફ દ એરિથ્રિયન સી :**

પેરિપ્લસ એટલે માહિતી પુસ્તક. એરિથ્રિયન સી એટલે રાતો સમુદ્ર. ગ્રીક લોકોની દૃષ્ટિએ હિંદી મહાસાગર અને ઈરાનનો અખાત રાતા સમુદ્રના જ ભાગ હતા. 'પેરિપ્લસ ઑફ ધી એરિથ્રિયન સી' એટલે 'રાતા સમુદ્રનું માહિતી પુસ્તક'. આ સામાન્ય રીતે ઇસવી સનના પહેલા સૈકાનું પુસ્તક છે. આ પુસ્તક લખનાર ખલાસી ઈજિપ્તનો રહેવાસી હતો. ભારતનો સમુદ્રકિનારો, ઈરાનનો અખાત અને ઈજિપ્ત આ ત્રણ પ્રદેશો વચ્ચે ચાલતા વેપારની માહિતી પેરિપ્લસમાંથી મળે છે. બૅરિગાઝા એટલે ભરૂચ, નાલા–સોપારા, કલ્યાણ, મુઝિરીસ, વગેરે ભારતીય બંદરોનો ઉલ્લેખ પેરિપ્લસમાં છે. મુઝિરીસ કેરળના કોચીનની નજીકનું પ્રાચીન બંદર હતું. આજે તે અસ્તિત્વમાં નથી.

## સ્વાધ્યાય

૧. **ઓળખો જોઈએ.**
   (૧) સાતવાહન રાજાઓ તેમનાં નામ આગળ કોનું નામ લગાડતા –
   (૨) કોલ્હાપુરનું પ્રાચીન કાળનું નામ –

૨. **પાઠમાં આપેલા નકશાનું નિરીક્ષણ કરીને નીચેનો તક્તો પૂર્ણ કરો.**

| પલ્લવ | કાંચી |
|---|---|
| ---- | ઐહોળ, બદામી, પટ્ટદકલ |
| સાતવાહન | ---- |

૩. **નીચેની રાજસત્તા અને રાજધાનીનું વર્ગીકરણ કરો.**
**સાતવાહન, પાંડ્ય, ચાલુક્ય, વાકાટક, પલ્લવ, મદુરાઈ, પ્રતિષ્ઠાન, કાંચીપુરમ, વાતાપિ**

| અ.ક્ર. | રાજસત્તા | રાજધાની |
|---|---|---|
| ૧. | | |
| ૨. | | |
| ૩. | | |
| ૪. | | |

૪. **પાઠમાંના કોઈપણ ત્રણ ચિત્રોનું નિરીક્ષણ કરીને તમને શી માહિતી મળે છે તે તમારા શબ્દમાં લખો.**

૫. **નીચેના દરેક પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.**
   (૧) દક્ષિણની પ્રાચીન રાજસત્તા કઈ કઈ હતી ?
   (૨) મૌર્ય સામ્રાજ્યના વિનાશ પછી કયા કયા પ્રદેશના સ્થાનિક રાજાઓ સ્વતંત્ર થયા ?

૬. **ટૂંકમાં જવાબ લખો.**
   (૧) મહેન્દ્રવર્મનની કામગીરી લખો.
   (૨) ત્રિસમુદ્રતોયપીતવાહન એટલે શું, તે સ્પષ્ટ કરો.
   (૩) મુઝિરીસ બંદરેથી કઈ કઈ વસ્તુની નિકાસ થતી હતી ?

**ઉપક્રમ :**

પાઠમાં આવતા ચિત્રોનો સંગ્રહ કરીને તેની માહિતી મેળવો અને શાળાના પ્રદર્શનમાં રજૂઆત કરો.

* * *

3EG05T

# ૧૦. પ્રાચીન ભારત : સાંસ્કૃતિક


૧૦.૧ ભાષા અને સાહિત્ય

૧૦.૨ લોકજીવન

૧૦.૩ વિજ્ઞાન

૧૦.૪ શિક્ષણનાં કેંદ્રો

૧૦.૫ સ્થાપત્ય અને કલા


## ૧૦.૧ ભાષા અને સાહિત્ય

પ્રાચીન ભારતમાં સાહિત્ય નિર્માણની અખંડ પરંપરા હતી. સંસ્કૃત, અર્ધમાગધી, પાલી અને તમિળ જેવી ભાષામાં પણ સાહિત્યનું નિર્માણ થયું. તેમાં ધાર્મિક સાહિત્ય, વ્યાકરણગ્રંથ, મહાકાવ્ય, નાટક, કથાસાહિત્ય જેવા અનેક પ્રકારના લેખનનો સમાવેશ થાય છે.

**સંઘમ સાહિત્ય :** સંઘમ એટલે વિદ્વાન સાહિત્યકારોની સભા. આ સભામાં સંકલિત થયેલું સાહિત્ય 'સંઘમ સાહિત્ય' તરીકે ઓળખવામાં આવે છે. આ તમિળ ભાષાનું સૌથી પ્રાચીન સાહિત્ય છે. આ સાહિત્યના 'સિલપ્પધિકરમ' અને 'મણિમેખલાઈ' મહાકાવ્યો પ્રસિદ્ધ છે. સંઘમ સાહિત્યમાંથી દક્ષિણ ભારતના પ્રાચીન સમયની રાજકીય અને સામાજિક જીવનની માહિતી મળે છે.

**ધાર્મિક સાહિત્ય :** આમાં આગમગ્રંથ, તિપિટક અને ભગવદ્‌ગીતા એ ગ્રંથો મહત્ત્વના છે.

'જૈન આગમગ્રંથ' અર્ધમાગધી, શૌરસેની અને માહારાષ્ટ્રી જેવી પ્રાકૃત ભાષાઓમાં લખેલા છે. વર્ધમાન મહાવીરનો ઉપદેશ આગમગ્રંથમાં સંકલિત કરવામાં આવ્યો છે. અપભ્રંશ ભાષામાં મહાપુરાણ, ચરિત્રો, કથા, વગેરે વાઙ્મય (સાહિત્ય) છે. સિદ્ધસેન દિવાકરે 'સમ્મઈસુત્ત' નામનો ન્યાયશાસ્ત્ર ઉપર પ્રાકૃત ગ્રંથ લખ્યો છે. વિમલસૂરિએ 'પઉમચરિય' પ્રાકૃત કાવ્યમાં રામકથા કહી છે. હરિભદ્રસૂરિના 'સમરાઈચ્ચકહા' અને ઉદ્યોતનસૂરિના 'કુવલયમાલાકહા' ગ્રંથ પણ વિશેષ પ્રસિદ્ધ છે.

**તમે જાણો છો કે ?**


ઉત્તર ભારતથી તે મહારાષ્ટ્ર સુધીના પ્રદેશમાં પ્રચલિત મોટા ભાગની ભાષા પ્રાકૃત અને સંસ્કૃત ભાષામાંથી વિકસિત થઈ છે એમ માનવામાં આવે છે. પ્રાકૃત શબ્દ 'પ્રકૃત' શબ્દમાંથી બનેલો છે. પ્રકૃત એટલે નૈસર્ગિક. પ્રાકૃત ભાષા લોકોના દૈનંદિન વ્યવહારની ભાષા હતી. પૈશાચી, શૌરસેની, માગધી અને માહારાષ્ટ્રી એવા ચાર જૂથોમાં પ્રાકૃત ભાષાની વિભાગણી કરવામાં આવે છે. માહારાષ્ટ્રીમાંથી મરાઠી વિકસિત થઈ. આવી રીતે પ્રાકૃત ભાષામાંથી મરાઠી જેવી આધુનિક ભાષાનો વિકાસ થવાની પ્રક્રિયામાં આ ભાષાના ગુજરાતી મૂળ સ્વરૂપમાં ફેરફાર થયો. તેને 'અપભ્રંશ ભાષા' કહેવાઈ. અપભ્રંશ ભાષામાંથી આધુનિક ભાષા વિકસિત થઈ.

તિપિટકમાં ત્રણ પિટક છે. પિટક એટલે પેટી. અહીં તેનો અર્થ 'વિભાગ' છે. તિપિટક પાલી ભાષામાં લખેલો છે. તેમાં ત્રણ જુદાજુદા પ્રકારના સાહિત્ય છે. **૧. 'સુત્તપિટક' :** આમાં ગૌતમ બુદ્ધના ઉપદેશના વચનો એકત્રિત કરવામાં આવેલાં છે. આ વચનોને સૂક્તો કહેવાય છે. **૨. 'વિનયપિટક' :** અહીં 'વિનય' શબ્દનો અર્થ 'નિયમ' છે. આમાં બૌદ્ધ સંઘના ભિખ્ખુ અને ભિખ્ખુણીએ રોજિંદા જીવનમાં કેવી રીતે વર્તવું તેના નિયમો આપેલા છે. **૩. 'અભિધમ્મપિટક' :** આમાં બૌદ્ધ ધર્મનું તત્ત્વજ્ઞાન સમજાવવામાં આવ્યું છે. તિપિટકનું સ્પષ્ટીકરણ કરનારા 'અટ્ઠકથા' (અર્થકથા) નામનો ગ્રંથ પ્રસિદ્ધ છે. જ્ઞાની સ્ત્રીઓએ પોતાના અનુભવનું વર્ણન કરતી ગાથા રચી. તે 'થેરીગાથા' ગ્રંથમાં સંકલિત કરવામાં આવી છે. તે ગાથા પાલી ભાષામાં છે.

'ભગવદ્‌ગીતા' હિંદુઓનો પવિત્ર ગ્રંથ મહાભારતનો જ એક ભાગ છે. ફળની આશા રાખ્યા વગર દરેકે પોતાનું

કર્તવ્ય બજાવવું જોઈએ, તેવું ભગવદ્‌ગીતામાં કહ્યું છે. ઈશ્વરની ભક્તિ કરવાનો માર્ગ દરેક માટે ખુલ્લો છે, તેવું પણ તેમાં કહ્યું છે.

ઈસવી સનના આઠમા સૈકામાં આદ્ય શંકરાચાર્ય થઈ ગયા. જ્ઞાન અને વૈરાગ્ય ઉપર તેમણે ભાર આપ્યો. 'ઉપનિષદો', 'બ્રહ્મસૂત્રો' અને 'ભગવદ્‌ગીતા' આ ગ્રંથો ઉપર ભાષ્યો લખીને તેનો અર્થ સ્પષ્ટ કર્યો. તેમણે ભારતની ચારે દિશામાં બદ્રિનાથ, દ્વારકા, જગન્નાથપુરી અને શૃંગેરી સ્થળે ચાર મઠોની સ્થાપના કરી છે.



**આદ્ય શંકરાચાર્ય**

અર્થશાસ્ત્ર ગ્રંથ કૌટિલ્યે લખ્યો છે. ઉત્તમ શાસનવ્યવસ્થા કેવી હોવી જોઈએ તેની સવિસ્તર ચર્ચા તેમણે આ ગ્રંથમાં કરી છે.

**વ્યાકરણગ્રંથ :** 'પાણિનિ' નામના વ્યાકરણશાસ્ત્રીએ લખેલો 'અષ્ટાધ્યાયી' સંસ્કૃત વ્યાકરણનો પ્રમાણભૂત ગ્રંથ માનવામાં આવે છે. પતંજલિએ 'મહાભાષ્ય' ગ્રંથ લખ્યો. આ ગ્રંથમાં પાણિનિના 'અષ્ટાધ્યાયી' ગ્રંથના સૂત્રોનું સ્પષ્ટીકરણ કરેલું છે.

**તમે જાણો છો કે ?**

**અર્થશાસ્ત્ર :** અર્થશાસ્ત્ર ગ્રંથ કૌટિલ્યે લખ્યો છે. આ ગ્રંથમાં રાજાનું કર્તવ્ય, મંત્રી પસંદ કરવાના માપદંડો, સંરક્ષણની વ્યવસ્થા, દુર્ગોના પ્રકાર, સૈન્યની રચના, ગુપ્ત જાસૂસોની યોજના, ખજાનાની, કાર્યાલયની વ્યવસ્થા, ન્યાય આપવાની પદ્ધતિ, ચોરીની તપાસ, શિક્ષાના પ્રકાર વગેરે પ્રશાસન વિષયક બાબતોની સૂક્ષ્મ રીતે ચર્ચા કરેલી છે.

**આર્ષ અને અભિજાત મહાકાવ્યો :** 'રામાયણ' અને 'મહાભારત' બંને પ્રાચીન ભારતનાં આર્ષ મહાકાવ્યો છે. આર્ષ એટલે ઋષિઓએ રચેલાં. 'રામાયણ' મહાકાવ્ય 'વાલ્મિકી' ઋષિએ રચ્યું છે. રામાયણની કથાના નાયક શ્રીરામ છે. 'મહાભારત' મહાકાવ્ય વ્યાસઋષિએ રચ્યું છે. કૌરવ અને પાંડવ વચ્ચેનું યુદ્ધ એ મહાભારતનો વિષય છે. આ મહાકાવ્યમાં શ્રીકૃષ્ણના ચરિત્રનું વર્ણન છે. મહાભારતમાં માનવની વિવિધ ભાવનાઓનું અને તેના પરિણામનું વ્યાપક દર્શન ઘડાય છે.

ભાષા, સાહિત્ય અને કલાની પરંપરામાં એક એવો કાલખંડ હોય છે કે પછીના સમયમાં પણ તેનું ગૌરવ અબાધિત રહે છે. આવા કાલખંડમાં નિર્માણ થયેલું સાહિત્ય, કલા વગેરેને અભિજાત તરીકે ઓળખવામાં આવે છે. અભિજાત સંસ્કૃત ભાષામાં કાલિદાસના 'રઘુવંશ' અને 'કુમારસંભવ' તેમજ ભારવીના 'કિરાતાર્જુનીય' અને માઘાના 'શિશુપાલવધ' પ્રાચીન કાલખંડનાં મહાકાવ્યો પ્રખ્યાત છે.

**નાટક :** ગાયન, વાદન અને નૃત્યના આધારે કોઈ એક કથા રજૂ કરવાની ભારતની પરંપરા ખૂબ પ્રાચીન છે. આ કલાઓની સવિસ્તર ચર્ચા ભરતમુનિએ લખેલા 'નાટ્યશાસ્ત્ર' ગ્રંથમાં કરેલી છે. આ કલાઓને સંવાદ સાથે જોડીને કરેલી રજૂઆત એટલે નાટક. પ્રાચીન સંસ્કૃત નાટકોમાં ભાસ નામના નાટ્યકારનું

'સ્વપ્નવાસવદત્ત', કાલિદાસનું 'અભિજ્ઞાન શાકુંતલ' જેવાં અનેક નાટકો સુપ્રસિદ્ધ છે.

**કથાસાહિત્ય :** પ્રાચીન સમયે ભારતમાં કથા સાહિત્યનો ઉપયોગ મનોરંજન દ્વારા શિક્ષણ આપવા માટે કરવામાં આવતો. ગુણાઢ્યનો 'પૈશાચી' નામની ભાષાનો 'બૃહત્કથા' ગ્રંથ વિખ્યાત છે. વિષ્ણુશર્મા નામના પંડિતે રચેલો 'પંચતંત્ર' ગ્રંથ કથાસાહિત્યનો ઉત્કૃષ્ટ નમૂનો છે. આ ગ્રંથનું અનેક ભાષામાં ભાષાંતર થયેલું છે. બૌદ્ધ જાતકકથા પણ પ્રખ્યાત છે.



**કરીને જુઓ.**

પંચતંત્રની એકાદ વાર્તા મેળવીને તેનું નાટ્યીકરણ કરો.

## ૧૦.૨ લોકજીવન

પ્રાચીન ભારતના સાહિત્યમાંથી તત્કાલીન લોકજીવનની માહિતી મળે છે. પ્રાચીન ભારતમાં દેશાંતર્ગત અને દૂરના દેશો સાથેના વેપારને લીધે સમૃદ્ધિની છોળો ઊડતી. સમાજ વિવિધ જાતિઓમાં વિભાજીત હતો. જુદાજુદા કારીગરોના અને વેપારીઓના સંગઠનો હતાં. તેને 'શ્રેણી' કહેતા. દરિયાઈ અને ખુશ્કીના માર્ગે વેપાર ચાલતો. ઝીણું કાપડ, હાથીદાંત, મૂલ્યવાન રત્નો, મસાલાના પદાર્થ, ઉત્કૃષ્ટ બનાવટના માટીનાં વાસણો, વગેરે ભારતીય વસ્તુઓની પરદેશમાં ખૂબ માંગણી રહેતી. ચોખા, ઘઉં, સાતુ (જવ), મસૂર મુખ્ય પાકો હતા. લોકોના ખોરાકમાં આ અનાજમાંથી બનાવેલા વિવિધ પદાર્થો, તેમજ માંસ, માછલી, દૂધ, ઘી અને ફળોનો સમાવેશ થતો. લોકો મુખ્યત્વે સુતરાઉ કપડાં પહેરતાં. તેમજ રેશમ અને ઊનનાં કપડાંનો ઉપયોગ પણ કરતાં. તે કપડાં સામાન્ય રીતે આજનાં ધોતિયાં, ઉપરણાં, ફેંટા, સાડી જેવા પ્રકારના જ હતાં. કુશાણોના સમયમાં કપડાં સીવવાની પદ્ધતિનો પરિચય ભારતીયોને થયો હતો.

## ૧૦.૩ વિજ્ઞાન

**વૈદકશાસ્ત્ર :** ભારતીય વૈદકશાસ્ત્રને 'આયુર્વેદ' કહેવામાં આવે છે. આયુર્વેદની પંરપરા ખૂબ પ્રાચીન છે. આયુર્વેદમાં રોગોનાં લક્ષણો, રોગોનું નિદાન, રોગોના ઉપચાર (ઈલાજ) જેવી બાબતોનો વિચાર કરવામાં આવ્યો છે. તેની સાથે રોગ થાય જ નહિ માટે શું કરવું જોઈએ, તેનો પણ વિચાર કરવામાં આવ્યો છે. બિંબિસારના દરબારમાં જીવક નામનો પ્રસિદ્ધ વૈદ હતો. 'ચરકસંહિતા' નામના ગ્રંથમાં વૈદકીય ચિકિત્સાશાસ્ત્ર અને ઔષધશાસ્ત્રની સવિસ્તર માહિતી આપવામાં આવેલી છે. આ ગ્રંથ ચરકે લખેલો છે. સુશ્રુત નામના શસ્ત્રક્રિયાના વિશારદે લખેલા 'સુશ્રુતસંહિતા' ગ્રંથમાં વિવિધ રોગોના નિદાન અને તેના ઉપચારની માહિતી આપેલી છે. આ ગ્રંથની વિશેષતા એટલે તેમાં જુદાંજુદાં કારણોથી થતાં જખમો, અસ્થિભંગ તેના પ્રકાર અને તેના પર થતી શસ્ત્રક્રિયાના પ્રકારોની ચર્ચા કરેલી છે. સુશ્રુતસંહિતાનું અરબી ભાષામાં ભાષાંતર થયું હતું. તેનું નામ 'કિતાબ–ઈ–સુસુદ' હતું. વાગ્ભટે વૈદકશાસ્ત્ર ઉપર અનેક ગ્રંથ લખ્યા છે. તેમાં 'અષ્ટાંગસંગ્રહ' અને 'અષ્ટાંગહૃદયસંહિતા' મુખ્ય છે. સિદ્ધ નાગાર્જુન નામના બૌદ્ધ ભિખ્ખુએ લખેલા 'રસરત્નાકર' નામના ગ્રંથમાં રસાયણો અને ધાતુ વિશેની માહિતી છે.

**ગણિત અને ખગોળશાસ્ત્ર :** પ્રાચીન ભારતીયોએ ગણિત અને ખગોળશાસ્ત્ર વિષયોનો ઊંડો અભ્યાસ કર્યો હતો. ૧થી ૯ અને '૦' (શૂન્ય) સંખ્યાનો ઉપયોગ સૌ પ્રથમ ભારતીયોએ કર્યો. એકમ, દશક જેવાં સ્થાન અનુસાર અંકોની કિંમત બદલાય છે તે પ્રાચીન ભારતીયોને જાણ હતી. આર્યભટ નામના વૈજ્ઞાનિકે 'આર્યભટીય' ગ્રંથ લખ્યો હતો. તેણે ગાણિતીક ક્રિયાનાં અનેક સૂત્રો આપેલાં છે. આર્યભટ ખગોળશાસ્ત્રી પણ હતો. પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે, એ તેણે કહ્યું. ઈસવી સનના છઠ્ઠા સૈકામાં થઈ ગયેલા વરાહમિહિરે 'પંચસિદ્ધાંતિકા' નામનો ગ્રંથ લખ્યો હતો. તેમાં ભારતીય ખગોળશાસ્ત્રીય સિદ્ધાંતોની સાથે ગ્રીક, રોમન, ઈજિપ્તની સંસ્કૃતિના

ખગોળશાસ્ત્રીય સિદ્ધાંતોનો વિચાર પણ કરેલો છે. ઈસવી સનના સાતમા સૈકામાં થઈ ગયેલા બ્રહ્મગુપ્ત નામના ગણિતજ્ઞએ લખેલા ગ્રંથનું અરબી ભાષામાં ભાષાંતર કરવામાં આવ્યું હતું.

**તમે જાણો છો કે ?**

**કણાદ :**

કણાદે 'વૈશેષિક દર્શન' નામનો ગ્રંથ લખ્યો. આ ગ્રંથમાં મુખ્યત્વે અણુ પરમાણુનો વિચાર કરેલો છે. કણાદના મતે આ વિશ્વ અસંખ્ય વસ્તુઓથી ભરેલું છે. આ વસ્તુ એટલે અણુએ લીધેલા જુદાંજુદાં સ્વરૂપો. આ સ્વરૂપો બદલાતાં રહે છે, પણ અણુ માત્ર શાશ્વત–અવિનાશી રહે છે.

### ૧૦.૪ શિક્ષણના કેંદ્રો

પ્રાચીન ભારતમાં શિક્ષણનાં અનેક પંકાયેલાં સુપ્રસિદ્ધ કેંદ્રો હતાં. ત્યાં શિક્ષણ લેવા માટે પરદેશમાંથી પણ વિદ્યાર્થીઓ આવતાં હતાં.

**તક્ષશિલા વિદ્યાપીઠ :** તક્ષશિલા એ પ્રાચીન ભારતીય વેપારી માર્ગ પરનું મહત્ત્વનું શહેર હતું. હાલમાં આ સ્થળ પાકિસ્તાનમાં છે. ત્યાંથી મળી આવેલા પુરાતત્ત્વીય પુરાવાઓના આધારે તે ઈ.સ. પૂર્વે છઠ્ઠા સૈકામાં વસેલું હશે, તેમ જણાય છે. ગૌતમ બુદ્ધના સમકાલીન જીવક નામના વૈદ તક્ષશિલા વિદ્યાપીઠમાં શીખ્યા હતા. ઈ.સ.પૂ. ચોથા સૈકામાં તક્ષશિલા વિદ્યાપીઠની કીર્તિ દૂરદૂર સુધી ફેલાયેલી હતી. મૌર્ય સામ્રાજ્યના સંસ્થાપક ચંદ્રગુપ્ત મૌર્યનું શિક્ષણ તક્ષશિલા વિદ્યાપીઠમાં જ થયું હતું. વ્યાકરણશાસ્ત્રી પાણિની, ચરક વૈદ પણ તક્ષશિલા વિદ્યાપીઠના જ વિદ્યાર્થીઓ હતા. સિકંદરની સાથે આવેલા ગ્રીક ઇતિહાસકારે પણ તક્ષશિલાનું વર્ણન કરેલું છે. ગ્રીસમાં ક્યાંય પણ આવા પ્રકારની વિદ્યાપીઠ અસ્તિત્ત્વમાં નહોતી, તેવું તેણે લખેલું છે. ચીની બૌદ્ધ ભિખ્ખુ ફાહિયાન ઈ.સ. ૪૦૦ના અરસામાં ભારતમાં આવ્યો હતો. તે સમયે તેણે તક્ષશિલા વિદ્યાપીઠની મુલાકાત લીધી હતી. આ વિદ્યાપીઠમાં વૈદિક વાઙ્મય, બૌદ્ધ તત્ત્વજ્ઞાન, અર્થશાસ્ત્ર, તર્કશાસ્ત્ર જેવા વિવિધ વિષયોનું શિક્ષણ આપવામાં આવતું.

**વારાણસી :** વરણા અને અસી જેવી ગંગાની બે ઉપનદીઓ છે. આ બે નદીઓની વચ્ચે વસેલા શહેરને વારાણસી નામ મળ્યું છે. વારાણસીમાં પ્રાચીનકાળથી વેદોનું તેમજ જૈન અને બૌદ્ધ તત્ત્વજ્ઞાનનું શિક્ષણ આપનારાં કેંદ્રો હતાં.

**વલભી :** ગુજરાતના સૌરાષ્ટ્રમાં વલભી નામનું પ્રાચીન શહેર હતું. ઈસવી સનના પાંચમાથી આઠમા સૈકામાં તે જૈન અને બૌદ્ધ તત્ત્વજ્ઞાનના શિક્ષણનું મહત્ત્વનું કેંદ્ર હતું. હ્યુ–એન–ત્સંગ અને ઈત્સિંગ નામના ચીની બૌદ્ધ ભિખ્ખુઓએ વલભીની મુલાકાત લીધી હતી.

**નાલંદા વિદ્યાપીઠ :** આજના બિહારના પટણા શહેરની નજીક પ્રાચીન નાલંદા વિદ્યાપીઠના અવશેષો છે. સમ્રાટ હર્ષવર્ધને આ વિદ્યાપીઠને ઉદાર હાથે દાન આપ્યું હતું. હ્યુ–એન–ત્સંગ અને ઈત્સિંગે કરેલા વર્ણન પ્રમાણે નાલંદા વિદ્યાપીઠમાં હજારો વિદ્યાર્થીઓને માટે રહેવાની સગવડ હતી. ત્યાંના ગ્રંથાલયમાં હજારો ગ્રંથ હતા. વિદ્યાપીઠમાં પ્રવેશ મેળવવા માટે પ્રવેશદ્વાર પાસે જ વિદ્યાર્થીઓને પરીક્ષા આપવી પડતી.




**નાલંદા મહાવિહારની મુદ્રા**

**વિક્રમશીલા વિદ્યાપીઠ :** વિક્રમશીલા વિદ્યાપીઠ આજના બિહારના ભાગલપુરની નજીક હતી. ધર્મપાલ નામના રાજાએ ઈસવી સનના આઠમા સૈકામાં તેની સ્થાપના કરી હતી. ત્યાં છ વિહાર હતાં. પ્રત્યેક વિહારનું પ્રવેશદ્વાર સ્વતંત્ર હતું.

**કાંચી :** પલ્લવ રાજસત્તાના સમયમાં (ઈ.સ. છઠ્ઠો સૈકો) આજના તમિળનાડુનું કાંચી શહેર મહત્ત્વનું શૈક્ષણિક કેન્દ્ર હતું. ત્યાં વૈદિક, જૈન તથા બૌદ્ધ ગ્રંથોનું અધ્યયન અને અધ્યાપન કરવામાં આવતું હતું.

### ૧૦.૫ સ્થાપત્ય અને કલા

મૌર્ય અને ગુપ્ત સમયમાં ભારતીય સ્થાપત્યકલાના વિકાસનો ઉત્કર્ષ થયો. સમ્રાટ અશોકે ઠેકઠેકાણે ઊભા કરાવેલા પથ્થરના સ્તંભો ભારતીય શિલ્પકલાનાં ઉત્કૃષ્ટ ઉદાહરણો છે. સાંચીના સ્તૂપ અને ઉદયગિરી ખંડગિરી, કાર્લા, નાસિક, અજંટા, વેરુળ, વગેરે સ્થળોની ગુફાઓમાંથી તે જ પરંપરા વધારેમાં વધારે વિકસિત થતી ગઈ, એવું જણાય છે. ગુપ્ત સમયમાં ભારતીય મૂર્તિકલાનો વિકાસ થયો. દક્ષિણ ભારતમાં ચાલુક્ય અને પલ્લવ રાજસત્તાના સમયમાં મંદિર સ્થાપત્યનો વિકાસ થયો. મહાબલિપુરમના મંદિરો તેની સાક્ષી પૂરે છે. પલ્લવ રાજસત્તાના સમયમાં દેવી–દેવતાઓની કાંસ્યમૂર્તિ બનાવવાની શરૂઆત થઈ હતી.



**સાંચીનો સ્તૂપ**

દિલ્હી પાસે મેહરૌલીમાં ગુપ્તકાલીન લોહસ્તંભોના આધારે પ્રાચીન ભારતીયોનું ધાતુવિજ્ઞાનનું જ્ઞાન કેટલું બધું વિકસિત હતું, તે સમજાય છે.

પ્રાચીન ભારતીય સંસ્કૃતિ અત્યંત સમૃદ્ધ અને પ્રગતિશીલ હતી, તે આપણે જોયું. હવે પછીના પાઠમાં આપણે ભારતીય સંસ્કૃતિનો વિશ્વની અન્ય સંસ્કૃતિ સાથેનો સંપર્ક અને તેની દૂરગામી અસરનો પરિચય મેળવવાના છીએ.



**નટરાજની કાંસ્યમૂર્તિ**



**મેહરૌલીનો લોહસ્તંભ**

**૧. નીચેના દરેક પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.**

(૧) પ્રાચીન ભારતની વિદ્યાપીઠોની યાદી બનાવો.

(૨) કઈ કઈ પ્રાચીન ભારતીય વસ્તુઓની પરદેશમાં માંગ હતી, તેની યાદી બનાવો.

**૨. નામ લખો.**

પ્રાચીન ભારતનાં મહાકાવ્યો ...

**૩. ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ લખો.**

(૧) રામાયણ મહાકાવ્ય ..... ઋષિએ રચ્યું છે.

(૨) ભારતીય વૈદકશાસ્ત્રને ....... કહેવામાં આવે છે.

(૩) હજારો વિદ્યાર્થીઓને રહેવાની સગવડ ........ વિદ્યાપીઠમાં હતી.

**૪. ટૂંકમાં ઉત્તર લખો.**

(૧) તિપિટક એટલે શું તે સ્પષ્ટ કરો.

(૨) ભગવદ્ગીતામાં શો સંદેશો આપેલો છે ?

(૩) આયુર્વેદમાં કઈ બાબતોનો વિચાર કરેલો છે ?

(૪) સંઘમ સાહિત્ય એટલે શું ?

3EQL7G

**૫. ચર્ચા કરો.**

મૌર્ય અને ગુપ્ત સમયના સ્થાપત્ય તથા કલા.

**૬. તમે શું કરશો ?**

(૧) આયુર્વેદિક ઉપચાર વિષે માહિતી મેળવીને તમે પોતાના રોજિંદા જીવનમાં તેનો કેવી રીતે ઉપયોગ કરશો ?

(૨) તમારા પાઠ્યપુસ્તકમાં આપેલા સાંચીના સ્તૂપનું નિરીક્ષણ કરો અને તેના વિશે વધારે માહિતી મેળવો.

**૭. નીચેના પ્રસંગે તમે શું કરશો ?**

**તમે પર્યટનમાં ગયા છો. ત્યારે તમારો મિત્ર ત્યાંના ઐતિહાસિક સ્મારક ઉપર તેનું નામ લખે છે.**

**ઉપક્રમ :**

(૧) તમારા પરિસરમાં કઈ કઈ વિશિષ્ટ ઇમારતો (વાસ્તુ) છે તે વિશેની માહિતી ઘરની વ્યક્તિઓ પાસેથી જાણી લો.

(૨) આપણી નજીકના પરિસરમાં આવેલાં ઐતિહાસિક સ્મારકોની, ઇમારતો (વાસ્તુ)ની મુલાકાત લઈને તેમાંથી કયો ઇતિહાસ તમને સમજાય છે, તેની નોંધ કરો.

* * *



નાશિકની ગુફા

# ૧૧. પ્રાચીન ભારત અને જગત

૧૧.૧ ભારત અને પશ્ચિમના દેશ
૧૧.૨ ભારત અને એશિયા ખંડના અન્ય દેશ

## ૧૧.૧ ભારત અને પશ્ચિમના દેશ

હડપ્પા સંસ્કૃતિના લોકોએ પશ્ચિમના દેશો સાથે વેપારી સંબંધ પ્રસ્થાપિત કર્યા હતા. ત્યારથી જ ભારતની બહારના જગત સાથે આર્થિક અને સાંસ્કૃતિક આપલે શરૂ થઈ હતી. બૌદ્ધ ધર્મનો પ્રસાર અફઘાનિસ્તાન અને મધ્ય એશિયાના અનેક દેશોમાં થયો હતો. ઈરાની સામ્રાજ્યના સમયમાં પણ ભારતનો પશ્ચિમના દેશો સાથે સંપર્ક વધવા માંડ્યો હતો. તે સમયના ગ્રીક ઈતિહાસકારોનું ભારત વિષેનું કુતૂહલ વધવા લાગ્યું. તેમના ભારત વિશેના લેખનમાંથી પશ્ચિમના દેશોને ભારતનો પરિચય થયો. આગળ જતાં સિકંદર જે માર્ગે આવ્યો હતો, તે માર્ગ ભારત અને પશ્ચિમના દેશો વચ્ચેના વેપાર માટે ખુલ્લો થયો. ગ્રીક મૂર્તિકલાની અસરને લીધે કુશાણ સમયમાં ભારતમાં એક નવી કલાશૈલીનો ઉદય થયો. તેને ગાંધાર કલા કહેવાય છે. ગાંધાર કલાશૈલીમાં મુખ્યત્વે ગૌતમ બુદ્ધની મૂર્તિઓ ઘડવામાં આવી. આ મૂર્તિ મુખ્યત્વે અફઘાનિસ્તાનના ગાંધાર પ્રદેશમાંથી મળી આવી છે, માટે તે શૈલીને 'ગાંધાર શૈલી' કહેવામાં આવે છે. આ શૈલીની મૂર્તિઓના ચહેરાનો દેખાવ ગ્રીક ચહેરાના દેખાવ સાથે મળતો આવે છે. ભારતના શરૂઆતના સિક્કા પણ ગ્રીક સિક્કા પ્રમાણે જ બનાવાયા હતા.




પૅરિસના સંગ્રહાલયમાં ગૌતમ બુદ્ધની મૂર્તિ – ગાંધાર શૈલી




અફઘાનિસ્તાનના હડ્ડામાં આવેલા સ્તૂપ ઉપરનું ગાંધાર શૈલીનું શિલ્પ. ગ્રીક લોકોના પોશાક, ઍમ્ફોરા (એક પ્રકારનો કુંભ) અને વાદ્યો.

ઈસવી સનના પહેલા–બીજા સૈકાના સમયમાં ભારત અને રોમ વચ્ચેનો વેપાર પૂરજોશમાં ચાલતો હતો. આ વેપારમાં દક્ષિણ ભારતના બંદરોનું પણ મોટું યોગદાન હતું. મહારાષ્ટ્રના કોલ્હાપુરના ખોદકામમાં કાંસાની પણ કેટલીક વસ્તુઓ મળી આવી છે. તે રોમન બનાવટની છે. તમિળનાડુના અરિકામેડુમાં



રોમન સમ્રાટ ઑગસ્ટસના અરિકામેડુમાંથી મળી આવેલા સોનાના સિક્કા

થયેલા ખોદકામમાંથી પણ રોમન બનાવટની અનેક વસ્તુઓ મળી આવી છે. બંને સ્થળે ભારત અને રોમ




વચ્ચેના વેપારનાં મહત્ત્વનાં કેંદ્રો હતાં. આવા અનેક વેપારી કેંદ્રોનો ઉલ્લેખ તત્કાલીન સાહિત્યમાં જોવા મળે છે. આ વેપારમાં ઈજિપ્તનું એલેક્ઝાંડ્રિયા નામનું બંદર મહત્ત્વનું હતું. ભારતીય માલ અરબ વેપારીઓ ઍલેક્ઝાંડ્રિયા સુધી લઈ જતા. ત્યાંથી તે યુરોપના દેશોમાં મોકલવામાં આવતો. અરબી લોકોએ ભારતીય માલની સાથે ભારતીય તત્ત્વજ્ઞાન અને વિજ્ઞાન પણ યુરોપ સુધી પહોંચાડ્યું. ગણિતમાંની 'શૂન્ય'ની સંકલ્પના ભારતે સંપૂર્ણ જગતને આપેલી એક મોટી ભેટ છે. અરબી લોકોએ આ સંકલ્પનાનો પરિચય યુરોપને કરાવ્યો.

### ૧૧. ૨ ભારત અને એશિયા ખંડના અન્ય દેશ

એશિયાના અનેક દેશોમાં પ્રાચીન ભારતીય સંસ્કૃતિનો વિશેષ પ્રભાવ હતો.



સિગિરિયા ગુફામાંનુ ભીંતચિત્ર

**શ્રીલંકા :** બૌદ્ધ ધર્મનો પ્રસાર કરવા માટે સમ્રાટ અશોકે તેના પુત્ર મહેન્દ્ર અને પુત્રી સંઘમિત્રાને શ્રીલંકા મોકલ્યા હતાં. તે બંનેના નામનો ઉલ્લેખ નમહાવંસથ નામના શ્રીલંકાના બૌદ્ધ ગ્રંથમાં કરેલો છે. સંઘમિત્રા પોતાની સાથે બોધિવૃક્ષની ડાળી લઈ ગઈ હતી. શ્રીલંકાના અનુરાધાપુરનું બોધિવૃક્ષ એ જ ડાળીમાંથી વૃદ્ધિ પામ્યું હતું. તેવું ત્યાંની પરંપરા પ્રમાણે માનવામાં આવે છે.

શ્રીલંકાનાં મોતી અને અન્ય મૂલ્યવાન વસ્તુઓની ભારતમાં મોટા પ્રમાણમાં માંગ હતી. ત્યાંના સિગિરિયામાં ઈસવી સનના પાંચમા સૈકામાં કશ્યપ નામના રાજાએ ગુફા કોતરાવી હતી. તે ગુફાના ભીંતચિત્રોની શૈલી અજંટાની ચિત્રશૈલી સાથે સામ્ય ધરાવે છે. શ્રીલંકાના નમહાવંસથ અને નદીપવંસથ નામના ગ્રંથ ભારત તથા શ્રીલંકા વચ્ચેના પરસ્પર સંબંધોની માહિતી આપે છે. આ ગ્રંથ પાલી ભાષામાં લખેલા છે.

**ચીન અને અન્ય દેશ :** પ્રાચીન કાળથી ભારત તથા ચીન વચ્ચે વેપારી અને સાંસ્કૃતિક સંબંધ પ્રસ્થાપિત હતા. સમ્રાટ હર્ષવર્ધને ચીનના દરબારમાં રાજદૂત મોકલ્યો હતો. ચીનમાં તૈયાર થતાં રેશમી કાપડનું ભારતમાં 'ચીનાંશુક' નામ હતું. ચીનાંશુકની ભારતમાં મોટી માગ હતી. પ્રાચીન ભારતના વેપારીઓ આ ચીનાંશુક પશ્ચિમના દેશોમાં મોકલતા હતા. આ વેપાર ખુશ્કીના માર્ગે થતો હતો તે માર્ગને નરેશમ માર્ગથ પણ કહેવાય છે. ભારતના કેટલાંક પ્રાચીન સ્થળો આ રેશમ માર્ગ સાથે જોડાયેલાં હતાં. તેમાં મહારાષ્ટ્રના મુંબઈ નજીકનું નાલા-સોપારા એક હતું. ભારતમાં આવેલા ફાહિયાન અને હ્યુ-એન-ત્સંગ જેવા બૌદ્ધ ભિખ્ખુ પણ રેશમ માર્ગે જ ભારતમાં આવ્યા હતા.

ઈસવી સનના પહેલા સૈકાના ચીની સમ્રાટ નમિંગથના આમંત્રણથી ધર્મરક્ષક અને કશ્યપમાતંગ નામના બૌદ્ધ ભિખ્ખુ ચીનમાં ગયા હતા. તેમણે અનેક ભારતીય બૌદ્ધ ગ્રંથોનું ચીની ભાષામાં રૂપાંતર કર્યું. ત્યારપછી ચીનમાં બૌદ્ધ ધર્મના પ્રસારને વેગ મળ્યો. બૌદ્ધ ધર્મ જાપાન, કોરિયા, વિયેટનામ જેવા દેશોમાં પણ પહોંચ્યો હતો.

**અગ્નિ એશિયાના દેશ :** કંબોડિયા દેશના નફુનાનપ નામના પ્રાચીન રાજ્યની સ્થાપના ઈસવી સનના પહેલા સૈકામાં થઈ હતી. ચીની પરંપરાના આધારે કૌંડિણ્ય નામના ભારતીયે તેની સ્થાપના કરી, તેવી માહિતી મળે છે. ફુનાનના લોકોને સંસ્કૃત ભાષાનું જ્ઞાન હતું. તે સમયનો એક કોતરેલો શિલાલેખ ઉપલબ્ધ છે. તે સંસ્કૃતમાં છે. અગ્નિ એશિયાના અન્ય દેશોમાં પણ ભારતીય વંશના લોકોના નાના રાજ્યો ઉદય પામ્યા હતાં. આ રાજ્યોને લીધે ભારતીય સંસ્કૃતિનો પ્રસાર અગ્નિ એશિયામાં થતો રહ્યો.

અગ્નિ એશિયાના કલા અને સાંસ્કૃતિક જીવન ઉપર ભારતીય સંસ્કૃતિની છાપ પડેલી દેખાય છે. ઇંડોનેશિયામાં આજે પણ રામાયણ અને મહાભારતની કથાઓ આધારિત નૃત્ય-નાટકો લોકપ્રિય છે. અગ્નિ એશિયાના રાજ્યોમાં ભારતીય સંસ્કૃતિનો પ્રભાવ ઉત્તરોત્તર વધતો ગયો. પ્રાચીન કાલખંડમાં બૌદ્ધ ધર્મ મ્યાનમાર, થાઈલેંડ, ઇંડોનેશિયા, વગેરે દેશોમાં પહોંચ્યો. પછીના સમયમાં શિવ અને વિષ્ણુના મંદિરોનું પણ નિર્માણ થયું.

આ વર્ષે આપણે ઈ.સ.પૂ. ૩૦૦૦થી ઈસવી સનના આઠમા સૈકા સુધીના ભારતના ઈતિહાસનો તાગ મેળવ્યો. આગલા વર્ષે આપણે ઈસવી સનના નવમા સૈકાથી અઢારમા સૈકા સુધીનો ઈતિહાસ શીખવાના છીએ. ઈ.સ. ૯મા સૈકાથી ૧૮મા સૈકો, આ કાલખંડમાંના ઈતિહાસને 'મધ્યયુગીન ઈતિહાસ' કહેવાય છે.

## સ્વાધ્યાય

**૧. ઓળખો જોઈએ.**

(૧) રોમન બનાવટની વસ્તુ મળી આવેલી છે, તે સ્થળો.

(૨) કુશાણ સમયમાં ભારતમાં એક નવી કલાશૈલીનો ઉદય થયો તે શૈલી.

(૩) મહાવંસ અને દીપવંસ ગ્રંથોની ભાષા.

(૪) પ્રાચીન કાલખંડમાં બૌદ્ધ ધર્મનો પ્રસાર થયેલા દેશ.

**૨. વિચાર કરો અને લખો.**

(૧) અગ્નિ એશિયા ઉપર ભારતીય સંસ્કૃતિની છાપ પડેલી દેખાય છે.

(૨) ચીનમાં બૌદ્ધ ધર્મના પ્રસારને વેગ મળ્યો.

**૩. તમે શું કરશો ?**

તમારા પ્રિય શોખને વેગ મળે, તો તમે શું કરશો ?

**૪. ચિત્રવર્ણન કરો.**

પાઠમાં આપેલા અફઘાનિસ્તાનના હડ્ડામાં આવેલા સ્તૂપ ઉપરના ગાંધાર શૈલીના શિલ્પનું નિરીક્ષણ કરીને ચિત્રવર્ણન કરો.

**૫. વધારે માહિતી મેળવો.**

(૧) ગાંધાર શૈલી (૨) રેશમ માર્ગ

**૬. પાઠમાં ઉલ્લેખ કરેલા અગ્નિ એશિયાના દેશોને નકશામાં દર્શાવો.**

**ઉપક્રમ :**

તમને ગમેલી એક કલા વિશે માહિતી મેળવો અને તેની વર્ગમાં રજૂઆત કરો.

* * *

3EZH94

# નાગરિક શાસ્ત્ર

## આપણું સ્થાનિક શાસન

### અનુક્રમણિકા


| | પાઠનું નામ | પૃષ્ઠ ક્ર. |
|---|---|---|
| ૧. | આપણું સમાજજીવન | ૫૯ |
| ૨. | સમાજ વિવિધતા | ૬૨ |
| ૩. | ગ્રામીણ સ્થાનિક શાસન સંસ્થા | ૬૫ |
| ૪. | શહેરી સ્થાનિક શાસન સંસ્થા | ૭૧ |
| ૫. | જિલ્લા પ્રશાસન | ૭૭ |


### નાગરિકશાસ્ત્ર અધ્યયન નિષ્પત્તિ : ધોરણ છઠ્ઠું

| સૂચવેલી શૈક્ષણિક પ્રક્રિયા | અધ્યયન નિષ્પત્તિ |
|---|---|
| **વિદ્યાર્થીને જોડીમાં / સમૂહમાં / વ્યક્તિગત અધ્યયનની તક આપવી અને તેને નીચેની બાબતો માટે પ્રવૃત્ત કરવા**<br>• વિવિધતા, ભેદભાવ, શાસન/સરકાર, ઉદરનિર્વાહ જેવી સંકલ્પના પર આધારિત ચર્ચામાં ભાગ લેવો.<br>• કુટુંબ, શાળા, સમાજમાં લોકો સાથે થતી સારી/ખરાબ વર્તણૂંકનું નિરીક્ષણ કરવું.<br>• સમાજમાં પ્રશાસનની ભૂમિકા સમજવી, કૌટુંબિક ઘટના અને ગામ/શહેરમાં ઘટતી ઘટનામાં તફાવત સમજવો.<br>• આજુબાજુના પરિસરના/ગામના વ્યવસાયના સંદર્ભમાં વ્યક્તિ અભ્યાસ (Case study) તરીકે વર્ણવે.<br>• પાઠ્યપુસ્તક પર આધારિત અભ્યાસ–એકાદ ગ્રામપંચાયત અથવા નગરપાલિકા/મહાનગરપાલિકાના કારભારનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરવું (વિદ્યાર્થી જ્યાં રહેતો હોય તે અનુસાર). | **વિદ્યાર્થી**<br>06.73H.13 પોતાની આસપાસ જોવા મળતી વિવિધતા પ્રત્યે તટસ્થ દૃષ્ટિકોણ અપનાવે છે.<br>06.73H.14 વિવિધ પ્રકારના ભેદભાવ ઓળખે છે અને તે ભેદના સ્વરૂપ અને સ્ત્રોત ઓળખે છે.<br>06.73H.15 સમતા અને વિષમતાના વિવિધ સ્વરૂપો વચ્ચે ભેદ સ્પષ્ટ કરે છે અને સ્વસ્થતાપૂર્વક તેનો સામનો કરે છે.<br>06.73H.16 શાસનની ભૂમિકાનું વર્ણન કરે છે. મુખ્યત્વે સ્થાનિક સ્તરે.<br>06.73H.17 શાસનના ભિન્ન સ્તર ઓળખે છે. સ્થાનિક, પ્રાદેશિક, રાષ્ટ્રીય.<br>06.73H.18 ગ્રામીણ અને શહેરી સ્થાનિક શાસન સંસ્થાના આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રે કાર્યપ્રણાલીનું વિશ્લેષણ કરે છે.<br>06.73H.19 ગ્રામીણ અને શહેરી ભાગમાં ઉપલબ્ધ વ્યવસાય માટે કારણભૂત ઘટકોનું વર્ણન કરે છે.<br>06.73H.20 વ્યક્તિ, કુટુંબ અને સંસ્થા મળીને સમાજ બને છે તે સમજે છે.<br>06.73H.21 રાષ્ટ્રીય એકાત્મતા માટે સર્વધર્મસમભાવની આવશ્યકતા હોય છે તે જાણે છે.<br>06.73H.22 રાષ્ટ્રીય શાસન સંસ્થા એ લોકશાહીનો પાયા છે, તે જાણે છે.<br>06.73H.23 સાર્વજનિક સમસ્યા ઉકેલવા માટે દરેકનો સહભાગ મહત્વનો હોય છે તે સ્પષ્ટ કરે છે.<br>06.73H.24 જિલ્લા પ્રશાસનની માહિતી મેળવે છે. |

# ૧. આપણું સમાજજીવન

૧.૧ મનુષ્યને સમાજની જરૂર શા માટે લાગી ?
૧.૨ મનુષ્યમાં રહેલી સમાજશીલતા
૧.૩ આપણો વિકાસ
૧.૪ સમાજ એટલે શું ?

ધોરણ પાંચમાના પાઠ્યપુસ્તકમાં માનવીની ઉત્ક્રાંતિ કેવી રીતે થઈ તે તમે શીખ્યા. આજનું આપણું સામાજિક જીવન હજારો વર્ષોની ઉત્ક્રાંતિ દ્વારા અસ્તિત્વમાં આવ્યું છે. માનવે ભટકતા જીવનની અવસ્થામાંથી સ્થિર સમાજ જીવન તરફ ગતિ કરી પ્રગતિ કરી છે.



બીજા ૫૦ વર્ષ પછીનો સમાજ કેવો હશે તે બાબત ચર્ચા કરો.

## ૧.૧ મનુષ્યને સમાજની જરૂર શા માટે લાગી ?

વ્યક્તિના તેમજ સમાજના વિકાસ માટે સ્થિર અને સુરક્ષિત સમૂહજીવન આવશ્યક છે. ભટકતું જીવન ગાળતાં મનુષ્યની પાસે સ્થિરતા અને સુરક્ષિતતા નહોતી. સમૂહમાં રહેવાથી સુરક્ષિતતા મળે છે તેની જાણ થયા પછી માણસ સંગઠનમાં રહી જીવવા લાગ્યો. સમાજના નિર્માણ પાછળની આ એક મુખ્ય પ્રેરણા છે. સમાજનો રોજિંદો વ્યવહાર સરળતાપૂર્વક ચાલે તે માટે માણસને નિયમોની જરૂર લાગી. તેમાંથી રૂઢિ, પરંપરા, નીતિમૂલ્યો, નિયમ અને કાયદા અસ્તિત્વમાં આવ્યા. તેને લીધે માણસનું સમાજજીવન વધારે સંગઠિત અને સ્થિર બન્યું.

## ૧.૨ મનુષ્યમાં રહેલી સમાજશીલતા

મનુષ્ય સ્વભાવથી જ સમાજશીલ છે. આપણને બધાને એકબીજા સાથે, દરેકના સહવાસમાં અને માણસોની વચ્ચે રહેવું ગમે છે. દરેકની સાથે રહેવું એ જેટલી આનંદની વાત છે, તેટલી જ તે આપણી જરૂરિયાત પણ છે.

આપણી અનેક જરૂરિયાત હોય છે. અન્ન, વસ્ત્ર, રહેઠાણ આપણી શારીરિક જરૂરિયાત છે. તે પૂર્ણ થવાથી માણસને સ્થિરતા મળે છે, પરંતુ મનુષ્ય માટે તેટલું પર્યાપ્ત નથી. આપણી કેટલીક ભાવનિક અને માનસિક જરૂરિયાત પણ હોય છે. દાખલા તરીકે, સલામતી લાગવી એ આપણી ભાવનિક જરૂરિયાત છે. આપણને આનંદ થાય તો તે બીજાની સાથે વહેંચવાનું મન થાય છે. દુઃખ લાગે તો આપણી સાથે કોઈ હોય તેવું ઇચ્છીએ છીએ. આપણા કુટુંબના લોકો, સગાંવહાલાં અને મિત્રો તેમજ સખીઓનો સહવાસ આપણને ગમે છે. તેના દ્વારા આપણી સમાજશીલતા દેખાય છે.



**બોલતા અને લખતા રહો.**

ચિત્રકલાની સ્પર્ધામાં તમને પ્રથમ ઇનામ મળ્યું છે. તે પોતાની પાસે જ રાખશો કે મિત્ર–સખીઓને બતાવશો ? તે તમને કેવો પ્રતિસાદ આપે એવી તમારી અપેક્ષા છે ? તેમના પ્રતિસાદ પછી તમને કેવું લાગ્યું ?

- ગૌરવ કરવાથી ખૂબ સારું લાગ્યું.
- સારા ચિત્રો દોરવાનો ઉત્સાહ વધ્યો.
- બીજું શું લાગ્યું તે વિશે લખો.

અન્ન, વસ્ત્ર, રહેઠાણ, શિક્ષણ અને આરોગ્ય આપણી મૂળભૂત જરૂરિયાત છે તે તમે જાણો છો. સમાજની વ્યક્તિઓના શ્રમ અને તેમની કુશળતાને લીધે વસ્તુઓ તૈયાર થાય છે. શિક્ષણ અને આરોગ્ય વિષયક સેવા–સુવિધાને લીધે આપણે સન્માનપૂર્વક જીવી શકીએ છીએ. આ દરેક બાબતો આપણને સમાજમાંથી ઉપલબ્ધ થાય છે. જુદાજુદા ઉદ્યોગો અને વ્યવસાયો દ્વારા આપણી જરૂરિયાતો પૂરી થાય છે. દાખલા તરીકે, આપણને અભ્યાસ માટે પુસ્તક જોઈએ છે. પુસ્તક માટે કાગળ જોઈએ. તેને લીધે કાગળ બનાવવાના, છપાઈ અને પુસ્તકબાંધણી વગેરે વ્યવસાય–ઉદ્યોગોનો વિકાસ થાય છે. અનેક વ્યક્તિ તેમાં ભાગીદાર બને છે. સમાજના અનેકવિધ વ્યવસાયોને લીધે આપણી જરૂરિયાત પૂરી થાય છે. તેમાંથી જ આપણામાં ક્ષમતા–કૌશલ્યોનો વિકાસ થાય છે. સમાજમાં મૂળભૂત જરૂરિયાતોની પૂર્તિ થાય છે. સુરક્ષિતતા, ગૌરવ, પ્રશંસા, આધાર, વગેરે માટે આપણે બધા એકબીજા પર આશ્રિત હોઈએ છીએ. માટે આપણું સમાજજીવન પરસ્પરાવલંબી હોય છે.



**કરીને જુઓ.**

સવારે ઊઠ્યા પછી આપણને કઈ કઈ વસ્તુની જરૂરિયાત હોય છે તેની એક યાદી બનાવો. તેમાંથી ઓછામાં ઓછી પાંચ વસ્તુ બનાવવામાં અને તમારા સુધી પહોંચાડવામાં કોનો કોનો સહભાગ હોય છે તે શોધો.

### ૧.૩ આપણો વિકાસ

પ્રત્યેક માણસમાં કુદરતી રીતે જ કેટલાંક ગુણ અને ક્ષમતા હોય છે તે સુપ્ત અવસ્થામાં હોય છે. તેનો વિકાસ સમાજને લીધે થાય છે. એકબીજા સાથે બોલવા માટે આપણે ભાષાનો આધાર લઈએ છીએ, પણ તે આપણને જન્મથી જ આવડતી નથી હોતી. આપણે તે ધીરેધીરે શીખીએ છીએ. ઘરમાં જે ભાષા બોલાતી હોય તે ભાષા આપણે શરૂઆતમાં શીખીએ છીએ. આપણા પડોશમાં જુદી ભાષા બોલનારા લોકો હશે તો તે પણ ભાષાનો આપણને પરિચય થાય છે. શાળામાં જુદીજુદી ભાષા શીખવાની તક મળે છે.

આપણી પાસે સ્વતંત્ર વિચાર કરવાની પણ ક્ષમતા હોય છે. દાખલા તરીકે, નિબંધનો વિષય વર્ગના દરેક વિદ્યાર્થીઓને સરખો જ આપેલો હોવા છતાં પણ કોઈપણ બે નિબંધ સરખા હોતા નથી. શા માટે ? કારણ દરેકના વિચારો જુદા હોય છે. આપણી ભાવનિક ક્ષમતા અને વિચારશક્તિ સમાજને લીધે વૃદ્ધિ પામે છે. વિચાર રજૂ કરવાની અને ભાવના વ્યક્ત કરવાની તક સમાજને લીધે મળે છે.

માણસની કલાના ગુણોનો વિકાસ પણ સમાજને લીધે થાય છે. ગાયક, ચિત્રકાર, વૈજ્ઞાનિક, સાહસવીર, સમાજના કાર્ય કરનારી અનેક વ્યક્તિ સમાજના પ્રોત્સાહનને લીધે અને પીઠબળને લીધે આપણામાં રહેલા ગુણોનો વિકાસ થાય છે. તેમને મળતું પ્રોત્સાહન પણ તેટલું જ મહત્ત્વનું હોય છે.

### ૧.૪ સમાજ એટલે શું ?

સમાજમાં દરેક સ્ત્રી–પુરુષ, પ્રૌઢ, વૃદ્ધ, નાના છોકરા–છોકરીનો સમાવેશ થાય છે. આપણા કુટુંબો સમાજના ઘટક હોય છે. સમાજમાં વિવિધ જૂથ, સંસ્થા, સંગઠનો હોય છે. લોકો વચ્ચેના પરસ્પર સંબંધ, પરસ્પર વ્યવહાર, તેમની સાથેની લેવડદેવડનો પણ સમાવેશ સમાજમાં થાય છે. માણસોના ઝૂંડ અથવા ટોળાં કે ભીડ એટલે સમાજ નહિ પરંતુ કેટલાંક સમાન ઉદ્દિષ્ટોની પૂર્તિ માટે જ્યારે લોકો એકત્ર થાય છે ત્યારે તેમનો સમાજ બને છે.

અન્ન, વસ્ત્ર, રહેઠાણ, સુરક્ષિતતા જેવી જરૂરિયાતો પૂરી કરવા માટે સમાજને એક કાયમ સ્વરૂપની વ્યવસ્થા ઊભી કરવી પડે છે. આવી વ્યવસ્થા વગર સમાજનો રોજિંદો વ્યવહાર થઈ શકતો નથી. સમાજનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે વ્યવસ્થા જરૂરી હોય છે. દાખલા તરીકે, ખોરાકની (અન્નની) જરૂરિયાત પૂરી કરવા માટે ખેતી કરવી જરૂરી છે. ખેતી સાથે સંબંધિત દરેક કાર્યો સફળતાપૂર્વક કરવા માટે વિવિધ સંસ્થા ઊભી કરવી પડે છે. ખેતીનાં ઓજારો બનાવવા માટે કારખાનાં, ખેડૂતોને કરજ દેવા માટે બૅંકો, ઉત્પાદિત માલ માટે બજાર જેવી મોટી વ્યવસ્થાઓ ઊભી કરવી પડે છે. આવી અનેક વ્યવસ્થાઓથી જ સમાજ સ્થિર બને છે.



**તમે જાણો છો કે ?**

જન્મગત બધા માણસો સમાન છે. માણસ તરીકે દરેકનો દરજ્જો સરખો જ છે. ભારતના સંવિધાન અનુસાર સર્વ જણ કાયદા પાસે સમાન છે. સંવિધાને આપણને તકની સમાનતાની ખાતરી આપેલી છે. શિક્ષણ, ક્ષમતા અને કૌશલ્યોનો ઉપયોગ કરીને આપણે આપણી પ્રગતિ સાધી શકીએ છીએ.

હવે પછીના પાઠમાં આપણે ભારતીય સમાજની વિવિધતાની ઓળખ કરીશું.



## સ્વાધ્યાય

**૧. ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ લખો.**

(૧) સમાજનો રોજિંદો વ્યવહાર સરળતાપૂર્વક ચાલે તે માટે માણસને ......... જરૂર લાગી.

(૨) માણસની કલાના ગુણોનો વિકાસ ........ થાય છે.

(૩) આપણી કેટલીક ભાવનિક અને ......... જરૂરિયાત પણ હોય છે.

**૨. નીચેના દરેક પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.**

(૧) આપણી મૂળભૂત જરૂરિયાતો કઈ કઈ ?

(૨) આપણને કોનો સહવાસ ગમે છે ?

(૩) સમાજને લીધે આપણને કઈ તક મળે છે ?

**૩. તમને શું લાગે છે ? બેથી ત્રણ વાક્યમાં ઉત્તર લખો.**

(૧) સમાજ કેવી રીતે બને છે ?

(૨) સમાજમાં કાયમ સ્વરૂપની વ્યવસ્થા શા માટે ઊભી કરવી જોઈએ ?

(૩) માણસનું સમાજજીવન વધારે સંગઠિત અને સ્થિર શાના લીધે બને છે ?

(૪) સમાજવ્યવસ્થા ન હોત તો કઈ મુશ્કેલી આવી હોત?

**૪. નીચેના પ્રસંગે શું કરશો ?**

(૧) તમારા મિત્ર / સખી શાલેય વસ્તુ ઘરે ભૂલી ગયા છે.

(૨) રસ્તામાં એક દૃષ્ટિહીન / દિવ્યાંગ વ્યક્તિ મળી.

**ઉપક્રમ :**

(૧) ખેતીનાં ઓજારો બનાવનારા એકાદ કારીગરની મુલાકાત લો. આ કામમાં તેને કોની કોની મદદ મળે છે તેની યાદી બનાવો.

(૨) નજીકની બૅંકની મુલાકાત લઈને તે બૅંક ક્યા ક્યા કાર્યો માટે કરજ આપે છે તેની માહિતી મેળવો.

(૩) માણસની મૂળભૂત જરૂરિયાતો અને નવી જરૂરિયાતોની યાદી બનાવો.

* * *

3F9DAR

# ૨. સમાજમાંની વિવિધતા

૨.૧ વિવિધતા જ આપણી તાકાત
૨.૨ ધર્મનિરપેક્ષતાનું તત્ત્વ
૨.૩ આપણા ચણતરઘડતરમાં સમાજનો સહભાગ
૨.૪ સમાજનું નિયમન

ભારતીય સમાજમાં અનેકવિધ ભાષા, ધર્મ, સંસ્કૃતિ, રીતિરિવાજ, પરંપરા છે. આ વિવિધતા આપણો સાંસ્કૃતિક વૈભવ છે. મરાઠી, કન્નડ, તેલુગુ, બંગાળી, હિંદી, ગુજરાતી, ઉર્દૂ જેવી અનેક ભાષા બોલનારા લોકો આપણી આસપાસ હોય છે. તેઓ જુદીજુદી પદ્ધતિથી વારતહેવાર, ઉત્સવો ઊજવે છે. તેમની પૂજા–અર્ચનાની રીતો જુદીજુદી હોય છે. આપણો દેશ વિવિધ ઐતિહાસિક વારસો ધરાવતો પ્રદેશ છે. તેમની વચ્ચે વિવિધતાની આપ–લે થતી રહે છે. આપણા દેશના આ વિવિધ સમૂહો વર્ષોનાવર્ષોથી સાથે રહેતા હોવાને લીધે તેમનામાં એકતાની ભાવના વિકસેલી છે. ભારતીય સમાજની એકતા આમાં જણાઈ આવે છે.

## ૨.૧ વિવિધતા જ આપણી તાકાત

વિવિધ સમૂહોની સાથે રહેવું એટલે સહઅસ્તિત્વ અનુભવવું. આવા સહઅસ્તિત્વને લીધે આપણી વચ્ચે સામંજસ્ય વધે છે. તેથી પરસ્પરના રીતિરિવાજો અને જીવનપદ્ધતિનો આપણને પરિચય થાય છે. આપણે એકબીજાની જીવન પદ્ધતિનો આદર કરતાં શીખીએ છીએ. બીજાઓની કેટલીક પ્રથા–પરંપરા આત્મસાત કરીએ છીએ. તેના દ્વારા સમાજમાં એકતા વધે છે. સામાજિક એકતાને લીધે આપણે અનેક નૈસર્ગિક અને સામાજિક આપત્તિઓનો સામનો કરી શકીએ છીએ.

## ૨.૨ ધર્મનિરપેક્ષતાનું તત્ત્વ

ભારતીય સમાજમાં વિવિધ ધર્મના લોકો રહે છે. તેમની વચ્ચે પરસ્પર સામંજસ્ય વધતું રહે અને દરેકને પોતપોતાની શ્રદ્ધા અનુસાર ઉપાસના (આરાધના) કરવાનું સ્વાતંત્ર્ય મળે એટલા માટે આપણા સંવિધાનમાં (બંધારણમાં) મહત્ત્વની જોગવાઈ કરવામાં આવી છે.

ભારત જગતનું એક મહત્ત્વનું ધર્મનિરપેક્ષ રાષ્ટ્ર છે. આપણા દેશમાં ભાષિક અને ધાર્મિક વિવિધતા મોટા પ્રમાણમાં છે. આ વિવિધતા નિખાલસ રીતે જાળવી રાખવા માટે આપણે ધર્મનિરપેક્ષતાનું તત્ત્વ સ્વીકાર્યું છે. તે અનુસાર,

- આપણા દેશમાં રાજ્યસંસ્થાએ કોઈપણ એક ધર્મને પ્રાધાન્ય આપ્યું નથી.
- પ્રત્યેક વ્યક્તિને પોતપોતાના અથવા પોતાની પસંદગીના ધર્મની ઉપાસના કરવાનું સ્વાતંત્ર્ય છે.
- ધર્મના આધારે વ્યક્તિ–વ્યક્તિ વચ્ચે ભેદભાવ કરી શકાતો નથી. દરેક ધર્મના લોકો સાથે રાજ્યસંસ્થા સમાન વર્તણૂક રાખે છે.
- શિક્ષણ, રોજગાર, સરકારી નોકરીની તક દરેકને ઉપલબ્ધ કરી આપવામાં આવે છે. તેમાં ધર્મના આધારે ભેદભાવ કરવામાં આવતો નથી.
- ધાર્મિક અને ભાષિક અલ્પસંખ્ય લોકોનું સંરક્ષણ કરવા માટે સંવિધાનમાં વિશેષ જોગવાઈ કરેલી છે. અલ્પસંખ્ય લોકોને પોતપોતાની ભાષિક અને સાંસ્કૃતિક ઓળખ જાળવી રાખવાનું સ્વાતંત્ર્ય છે. શિક્ષણ દ્વારા પોતપોતાના સમાજનો વિકાસ કરવાનું સ્વાતંત્ર્ય પણ તેમને છે.
- ધર્મનિરપેક્ષતાના તત્ત્વને લીધે ભારતીય સમાજમાં ધાર્મિક સામંજસ્ય જળવાઈ રહ્યું છે.

## ૨.૩ આપણા ચણતરઘડતરમાં સમાજનો સહભાગ

સમાજમાં રહીને આપણે શું શીખીએ છીએ ? ક્યા ગુણો આત્મસાત કરીએ છીએ ? આપણા ચણતરઘડતરમાં સમાજ કેવી રીતે મદદ કરે છે તે આપણે સમજી લઈએ.

સહકાર્ય : કોઈપણ સમાજ વ્યક્તિ અને સમૂહના પરસ્પર સહકાર્ય પર આધારિત હોય છે. વ્યક્તિ–વ્યક્તિ વચ્ચેના સહકાર્ય વગર સમાજનું અસ્તિત્વ શક્ય નથી. અરસપરસની મુશ્કેલી અને પ્રશ્ન હલ કરવા માટે એકબીજાને મદદ કરવી તથા આપ–લે કરવી એટલે જ સહકાર્ય. આપણા ઘરની વ્યક્તિઓ

વચ્ચે આવી વૃત્તિ ન હોય તો જેમ આપણું કુટુંબ ટકી શકતું નથી તેવું જ સમાજનું પણ છે. સહકાર્યના અભાવે આપણો વિકાસ રૂંધાય છે. રોજિંદું જીવન પણ સરળતાથી ચાલતું નથી. સહકાર્યને લીધે સમાજમાં પરસ્પરાવલંબન વધારે સ્વસ્થ રહે છે, સમાજમાંના સર્વેને સમાવી શકાય છે. બધા ઘટકોને સાથે રાખવાની તે એક પ્રક્રિયા છે.



**ચાલો, ચર્ચા કરીએ.**

આપણા સમાજના દુર્બળ (નબળા) અને વંચિત ઘટકોને તથા છોકરીઓને શિક્ષણ મેળવવા માટે અને તેમના વિકાસ માટે આપણે સહકાર્ય કરવું જોઈએ. તે માટે શાસને અત્યાર સુધીમાં કઈ કઈ યોજના શરૂ કરી છે તેની માહિતી મેળવો. આ ઘટકોના વિકાસ માટે તમે શું કરશો તેની વર્ગમાં ચર્ચા કરો. ચર્ચાના મહત્ત્વના મુદ્દા અન્ય વર્ગના વિદ્યાર્થીઓ સુધી પહોંચાડો.

**સહિષ્ણુતા અને સામંજસ્ય :** સમાજમાં જેમ સહકાર્ય હોય છે તેમજ ક્યારેક ક્યારેક મતભેદ, વાદવિવાદ અને સંઘર્ષ પણ ઉદ્‌ભવે છે. વ્યક્તિ–વ્યક્તિ વચ્ચેના વિચારો, અભિપ્રાય અને દૃષ્ટિકોણનો સુમેળ સધાય નહિ તો વાદ–વિવાદ, સંઘર્ષ ઉદ્‌ભવી શકે છે. એકબીજા પ્રત્યેના પૂર્વગ્રહ અથવા ગેરસમજ પણ સંઘર્ષનું કારણ હોઈ શકે છે. લાંબા સમય સુધી સંઘર્ષ ચાલુ રાખવો તે કોઈના જ હિતમાં હોતું નથી. સમાધાન અને સુલેહ દ્વારા વ્યક્તિ સંઘર્ષનું નિરાકરણ કરતાં શીખે છે. એકબીજાને સમજી લઈએ અને સહિષ્ણુવૃત્તિ બતાવીએ તો સંઘર્ષ દૂર થઈ શકે છે.

સામંજસ્ય દ્વારા આપણે અજાણતાં જ અનેક નવી બાબતો શીખીએ છીએ. નવા વિચારો આત્મસાત કરીએ છીએ. આપણું સામાજિક જીવન વધારે ને વધારે સમૃદ્ધ બનવામાં તેની મદદ મળે છે. આપણામાંની સહિષ્ણુતા વધે છે. સામાજિક સ્વાસ્થ્ય અને શાંતિ જાળવી રાખવા માટે આ એક સહેલી પદ્ધતિ શીખવાની તક સમાજને લીધે મળે છે.



**કરીને જુઓ.**

તમે પણ આવા અનેક સમાધાન કરતાં હશો. નીચે તમારા જ કેટલાક અનુભવો છે. તેમાં બીજા કેટલાક અનુભવો ઉમેરો.

(અ) સભાગૃહ હકડેઠઠ ભરેલું છે. જગ્યા શોધતાં એક વ્યક્તિને તમે તમારા બાંકડા ઉપર થોડી જગ્યામાં સમાવી લો છો.

(બ) તમને ગિઅરવાળી સાઈકલ જોઈએ છે. પરંતુ મોટીબહેનની ફીના પૈસા પણ ભરવાના છે. તમે તમારી જીદ છોડી દો છો.


(ક) ખેતીની વાડ ઉપરથી પાડોશી સાથે શરૂ થયેલી તમારા કુટુંબની તકરાર કોર્ટમાં ગયા વગર તમે અટકાવી દીધી. પાડોશીનો સોપાન હવે તમારો સારો મિત્ર બન્યો.

**વિવિધ ભૂમિકા બજાવવાની તક :** સમાજમાં આપણા હિસ્સામાં અનેક ભૂમિકા બજાવવાની આવે છે. એકજ વ્યક્તિ અનેક ભૂમિકા બજાવતી હોય છે. પ્રત્યેક ભૂમિકાની કેટલીક જવાબદારીઓ અને કર્તવ્યો નક્કી હોય છે. કુટુંબમાં અને બહાર આપણે આ ભૂમિકાને લીધે અનેક લોકો સાથે સંપર્કમાં રહીએ છીએ. આપણી ભૂમિકામાં અનેક વખત પરિવર્તન થતું હોય છે.



**કરીને જુઓ.**

**વિવિધ ભૂમિકા બજાવવાની તક :** આજની તમારી ભૂમિકા સ્પષ્ટ કરતું આગળના પાન પરનું ચિત્ર જુઓ. વીસ વર્ષ પછી તમારે કઈ નવી ભૂમિકા બજાવવી પડશે તેની ચર્ચા કરો.




## ૨.૪ સમાજનું નિયમન

સમાજનો વ્યવહાર સરળતાથી ચાલે તે માટે કેટલાક નિયમોની જરૂર હોય છે. પહેલાના સમયમાં સમાજનું નિયમન મોટેભાગે રૂઢિ-પરંપરા દ્વારા થતું હતું. પરંતુ આધુનિક સમાજનું નિયમન રૂઢિ-પરંપરાની સાથે કાયદાથી પણ કરવું પડે છે. રૂઢિ-પરંપરા, સંકેત વગેરે કરતાં કાયદાનું સ્વરૂપ જુદું હોય છે. આ બધી બાબતોના આધારે આપણા સમાજનું નિયમન અનેક સંસ્થા અને સંગઠન કરે છે. સ્થાનિક સ્તરની શાસનસંસ્થા પણ સમાજ નિયમનના કાર્યમાં મહત્ત્વની ભૂમિકા બજાવે છે.



## સ્વાધ્યાય

**૧. ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ લખો.**

(૧) વિવિધ સમૂહોની સાથે રહેવું એટલે ........... અનુભવવું.

(૨) ભારત જગત એક મહત્ત્વનું ............. રાષ્ટ્ર છે.

(૩) સહકાર્યને લીધે સમાજના ............. વધારે સ્વસ્થ રહે છે.

**૨. નીચેના દરેક પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.**

(૧) સહકાર્ય એટલે શું ?

(૨) ધર્મનિરપેક્ષતાનું તત્ત્વ આપણે શા માટે સ્વીકાર્યું છે?

**૩. નીચેના પ્રશ્નોના બેથી ત્રણ વાક્યોમાં ઉત્તર લખો.**

(૧) ભારતીય સમાજની એકતા શેમાં જણાઈ આવે છે ?

(૨) સમાજમાં સંઘર્ષ ક્યારે ઉદ્ભવી શકે છે ?

(૩) સહકાર્યને લીધે ક્યા ફાયદા થાય છે ?

(૪) તમારી સામે બે છોકરા ઝઘડે છે, તો તમે શું કરશો ?

(૫) તમે શાલેય મંત્રીમંડળમાં મુખ્યમંત્રી છો. તમે ક્યાં ક્યાં કાર્યો કરશો ?

**ઉપક્રમ :**

(૧) શિક્ષકની મદદથી શાળામાં સહકારી ધોરણે 'કુમાર વસ્તુ ભંડાર' ચલાવો. તે વિશે તમારો અનુભવ લખો.

(૨) શાળામાં અને વર્ગમાં તમે ક્યા ક્યા નિયમો પાળો છો, તેનો તક્તો બનાવીને વર્ગમાં લગાડો.


* * *

# ૩. ગ્રામીણ સ્થાનિક શાસન સંસ્થા

૩.૧ ગ્રામ પંચાયત
૩.૨ પંચાયત સમિતિ
૩.૩ જિલ્લા પરિષદ

સમાજનું નિયમન કરવામાં સ્થાનિક શાસન સંસ્થા મહત્ત્વની ભૂમિકા બજાવે છે. આપણા દેશમાં આ સંસ્થાની સાથે જ સંઘશાસન (કેંદ્રસરકાર) અને રાજ્યશાસન (રાજ્યસરકાર) પણ સમાજ નિયમનના કાર્યમાં સહભાગી હોય છે. સ્થાનિક શાસન સંસ્થાનું સ્થૂળ રીતે ગ્રામીણ અને શહેરી સ્થાનિક શાસન સંસ્થા એમ વર્ગીકરણ કરવામાં આવે છે. આ પાઠમાં આપણે ગ્રામીણ વિસ્તારની સ્થાનિક શાસન સંસ્થા વિશે જાણી લઈશું. ગ્રામપંચાયત, પંચાયત સમિતિ અને જિલ્લા પરિષદ જેવી ગ્રામીણ સ્થાનિક શાસન સંસ્થાને એકત્રિતપણે 'પંચાયતી રાજ્યવ્યવસ્થા' કહેવામાં આવે છે.

**તમે જાણો છો કે ?**




આપણા દેશમાં ત્રણ સ્તરેથી રાજ્યકારભાર ચાલે છે. આખા દેશનો રાજ્યકારભાર કેંદ્રસરકાર ચલાવે છે. સંરક્ષણ, પરરાષ્ટ્ર વ્યવહાર અને ચલણ વગેરે વિષય કેંદ્ર સરકારની કક્ષામાં આવે છે. બીજા સ્તરે રાજ્યસરકાર હોય છે. મહારાષ્ટ્રની રાજ્ય સરકાર કાયદો, સુવ્યવસ્થા, આરોગ્ય, શિક્ષણ સંબંધી કાયદા બનાવે છે. ત્રીજા સ્તરે સ્થાનિક શાસન સંસ્થા હોય છે. ગ્રામીણ વિસ્તારની સ્થાનિક શાસન સંસ્થાને 'પંચાયતી રાજ્યવ્યવસ્થા' કહેવાય છે.

**સ્થાનિક શાસન સંસ્થા**

| ગ્રામીણ | શહેરી |
|---|---|
| ગ્રામપંચાયત | નગર પંચાયત |
| પંચાયત સમિતિ | નગર પરિષદ |
| જિલ્લા પરિષદ | મહાનગરપાલિકા |

## ૩.૧ ગ્રામપંચયત

પ્રત્યેક ગામનો કારભાર ગ્રામપંચાયત કરે છે. પાંચસો કરતાં ઓછી લોકસંખ્યા હોય તેવા બે અથવા વધારે ગામ માટે એક ગ્રામપંચાયત હોય છે. તેને 'જૂથ ગ્રામપંચાયત' કહેવાય છે. પાણીપુરવઠો, દીવાબત્તી, જન્મ-મૃત્યુ, વિવાહની નોંધ, વગેરે કાર્યો ગ્રામપંચાયત કરે છે.

**ગ્રામપંચાયતના પદાધિકારી અને અધિકારી :**

**સરપંચ :** ચૂંટાઇ આવેલા સભ્યો પોતાનામાંથી એક સભ્યને સરપંચ અને એક સભ્યને ઉપસરપંચ તરીકે ચૂંટે છે. ગ્રામપંચાયતની ચૂંટણી દર પાંચ વર્ષે થાય છે. ગ્રામપંચાયતની સભા સરપંચની અધ્યક્ષતા હેઠળ મળે છે. ગામના વિકાસની યોજનાની પ્રત્યક્ષ અમલબજાવણીની જવાબદારી સરપંચ ઉપર હોય છે. યોગ્ય રીતે કારભાર ન કરનારા સરપંચ ઉપર ગ્રામપંચાયતના સભ્યો અવિશ્વાસનો ઠરાવ રજૂ કરી શકે છે. સરપંચ ઉપસ્થિત ન હોય ત્યારે ગ્રામપંચાયતનું કામકાજ ઉપસરપંચ સંભાળે છે.

**ગ્રામસેવક :** ગ્રામસેવક ગ્રામપંચાયતનો સચિવ હોય છે. તેની નિમણૂંક જિલ્લા પરિષદના મુખ્ય કાર્યકારી અધિકારી કરે છે. ગ્રામપંચાયતનું રોજિંદુ કામકાજ સંભાળવું, ગ્રામપંચાયતની વિકાસ યોજના ગામના લોકોને સમજાવવી વગેરે કાર્યો ગ્રામસેવક કરે છે.

**ગ્રામસભા :** ગ્રામીણ વિસ્તારમાં અથવા ગામમાં રહેતા મતદારોની સભા એટલે ગ્રામસભા. ગ્રામસભા સ્થાનિક સ્તરના લોકોનું સૌથી મહત્ત્વનું સંગઠન છે.


પ્રત્યેક આર્થિક વર્ષમાં ગ્રામસભાની ઓછામાં ઓછી છ સભા થવી ફરજિયાત છે. ગ્રામસભા બોલાવવાની જવાબદારી સરપંચની છે. પ્રત્યેક આર્થિક વર્ષની પહેલી સભામાં ગ્રામપંચાયતે રજૂ કરેલા વાર્ષિક અહેવાલ અને હિસાબ ઉપર ગ્રામસભા ચર્ચા કરે છે. ગ્રામસભાનાં સૂચનો ગ્રામપંચાયતને જણાવવામાં આવે છે.

ગ્રામપંચાયતની વિકાસ યોજનાને ગ્રામસભા મંજૂરી

આપે છે. શાસનની યોજનાઓનો લાભ લેવા કઈ વ્યક્તિ પાત્ર છે તે નક્કી કરવાનો અધિકાર ગ્રામસભાને હોય છે.

**ગ્રામસભામાં મહિલાઓનો સહભાગ :** ગ્રામસભાની બેઠક (સભા) પહેલાં ગામની મહિલાઓની સભા થાય છે. ત્યાં મહિલાઓ વધારે ખુલ્લા મને જુદાજુદા પ્રશ્નોની ચર્ચા કરે છે. પીવાનું પાણી, દારૂબંધી, રોજગાર, ઇંધણ, આરોગ્ય, વગેરે વિષયો બાબતમાં મહિલા ગ્રામસભામાં વધારે વિશ્વાસથી બોલે છે. જરૂરી પરિવર્તન કરવા માટે ઉપાયો પણ સૂચવે છે.

**ગ્રામપંચાયતના આવકનાં સાધનો :** ગામના વિકાસ માટે ગ્રામપંચાયત અનેક યોજના અને ઉપક્રમોનું આયોજન કરે છે. તે માટે ગ્રામપંચાયત પાસે પૈસા હોવા જરૂરી છે. જુદાજુદા કરો ઉઘરાવીને ગ્રામપંચાયત પૈસા ઊભા કરે છે.








## ૩.૨ પંચાયત સમિતિ

એક તાલુકાના બધાં ગામોનું એકત્રિત વિકાસજૂથ હોય છે. આ વિકાસજૂથનો કારભાર જોતી સંસ્થા એટલે પંચાયત સમિતિ. ગ્રામપંચાયત અને જિલ્લા પરિષદને જોડતી કડી પંચાયત સમિતિ છે.

**પંચાયત સમિતિના પદાધિકારી :** પંચાયત સમિતિની ચૂંટણીઓ દર પાંચ વર્ષે થાય છે. ચૂંટાઈ આવેલા પ્રતિનિધિઓ પોતાનામાંથી એકની પસંદગી સભાપતિ તરીકે અને એકની પસંદગી ઉપસભાપતિ તરીકે કરે છે. પંચાયત સમિતિની સભા બોલાવવી અને સભાનું કામકાજ ચલાવવાની જવાબદારી સભાપતિની હોય છે. સભાપતિની અનુપસ્થિતિમાં ઉપસભાપતિ કાર્ય સંભાળે છે.

પંચાયત સમિતિનાં કાર્યો :




વિકાસ જૂથમાં કયા કામો કરવા જોઈએ, તે યોજનાની રૂપરેખા પંચાયત સમિતિ તૈયાર કરે છે. દરેક મહિનામાં પંચાયત સમિતિની ઓછામાં ઓછી એક સભા થવી જરૂરી હોય છે.

પંચાયત સમિતિને જિલ્લાનીધિ (ફંડ)માંથી કેટલીક રકમ મળે છે. વિકાસ જૂથમાં કરવાની વિકાસની યોજના માટે પંચાયત સમિતિને રાજ્ય સરકાર પાસેથી પણ અનુદાન મળે છે.

### ૩.૩ જિલ્લા પરિષદ

પ્રત્યેક જિલ્લા માટે એક જિલ્લા પરિષદ હોય છે. મહારાષ્ટ્રમાં હાલમાં ૩૬ જિલ્લા છે પરંતુ જિલ્લા પરિષદ માત્ર ૩૪ છે. કારણ મુંબઈ (શહેર) જિલ્લો અને મુંબઈ ઉપનગર જિલ્લો ગ્રામીણ લોકવસ્તીનો ભાગ નથી માટે તેના માટે જિલ્લા પરિષદ નથી.

**જિલ્લા પરિષદના પદાધિકારી :** જિલ્લા પરિષદની ચૂંટણી દર પાંચ વર્ષે થાય છે. ચૂંટાયેલા પ્રતિનિધિ પોતાનામાંથી એકની પસંદગી અધ્યક્ષ અને એકની પસંદગી ઉપાધ્યક્ષ તરીકે કરે છે.

જિલ્લા પરિષદની સભાઓનું અધ્યક્ષપદ જિલ્લા પરિષદના અધ્યક્ષ પાસે હોય છે. સભાનું કામકાજ તેના નિયંત્રણ હેઠળ ચાલે છે. જિલ્લા પરિષદના આર્થિક વ્યવહારો પર અધ્યક્ષનું નિયંત્રણ હોય છે.

જિલ્લા પરિષદની નીધિમાંથી યોગ્ય ખર્ચ કરવાનો અધિકાર જિલ્લા પરિષદના અધ્યક્ષને હોય છે. અધ્યક્ષની ગેરહાજરીમાં આ દરેક કાર્યો ઉપાધ્યક્ષ સંભાળે છે.



**તમે જાણો છો કે ?**

**જિલ્લા પરિષદનો કારભાર કેવી રીતે ચાલે છે ?**


જિલ્લા પરિષદનો કારભાર વિવિધ સમિતિઓ દ્વારા ચલાવવામાં આવે છે. વિત્ત (નાણાં) સમિતિ, ખેતી સમિતિ, શિક્ષણ સમિતિ, આરોગ્ય સમિતિ, જળવ્યવસ્થાપન અને સ્વચ્છતા સમિતિ વગેરે. મહિલા અને બાળકલ્યાણ સમિતિ મહિલાના અને બાળકોના પ્રશ્નો ધ્યાનમાં લે છે.

**મુખ્ય કાર્યકારી અધિકારી :** જિલ્લા પરિષદે લીધેલા નિર્ણયોની પ્રત્યક્ષ અમલબજાવણી જિલ્લા પરિષદના મુખ્ય કાર્યકારી અધિકારી કરે છે. તેની નિમણૂંક રાજ્ય સરકાર કરે છે.


**તમે શું કરશો ?**

કલ્પના કરો, તમે જિલ્લા પરિષદના મુખ્ય કાર્યકારી અધિકારી છો. તમારા જિલ્લામાં તમે ક્યાં ક્યાં વિકાસ કાર્યોને પ્રાધાન્ય આપશો ?

## જિલ્લા પરિષદનાં કાર્યો :



શિક્ષણ વિષયક સુવિધા




આરોગ્ય વિષયક સુવિધા



પાણી પુરવઠો




બી-બિયારણનો પુરવઠો



દીવાબત્તીની સગવડ



ગામના પરિસરમાં વૃક્ષો ઉગાડવા

### શું કરશો ?

દિનેશ અને નયનાને નીચેની બાબતો મેળવવા માટે ક્યાં જવા કહેશો ?

- નાના ભાઈબહેનના રસીકરણ માટે ...........
- પિતાની સાથે ૭/૧૨ (સાત બારનો) ઉતારો લાવવા માટે ...............
- નવા ખાતરનો ઉપયોગ કરવા બાબતની માહિતી મેળવવા માટે .............
- અશુદ્ધ પાણી–પુરવઠાના વિરોધમાં ફરિયાદ કરવા માટે ................
- જન્મનો દાખલો મેળવવા માટે ..............
- આવકનો/જાતિનો દાખલો મેળવવા માટે ........

### તમે જાણો છો કે ?

૧૯૯૨માં સંવિધાનની ૭૩મી અને ૭૪મી કલમમાં સુધારો થયો. આ સુધારાએ ગ્રામીણ અને શહેરી સ્થાનિક શાસન સંસ્થાને સંવિધાનમાં સ્થાન આપ્યું. પરિસરનો વિકાસ કાર્યક્ષમ રીતે કરવા માટે તેમના અધિકારમાં વધારો કર્યો. તેમના અધિકાર હેઠળના વિષય પણ વધાર્યા. તેઓ અસરકારક કામ કરી શકે માટે તેમના આર્થિક આવકના સ્રોત વધાર્યા.

### પંચાયત રાજ્યવ્યવસ્થા - એક નજરમાં

અધ્યક્ષ ← જિલ્લા પરિષદ → મુખ્ય કાર્યકારી અધિકારી

સભાપતિ ← પંચાયત સમિતિ → જૂથ વિકાસ અધિકારી

સરપંચ ← ગ્રામપંચાયત → ગ્રામસેવક

સરપંચ ↓ મતદાન દ્વારા ચૂંટાય છે.

ગ્રામસેવક ↓ રાજ્યસરકાર દ્વારા નીમવામાં આવે છે.

### તમે જાણો છો કે ?

**ચૂંટણી કોણ લડી શકે ?**

ગ્રામપંચાયત, પંચાયત સમિતિ અને જિલ્લા પરિષદ આ ત્રણેય શાસન સંસ્થામાં ચૂંટાઈ આવ–વા માટે કેટલીક પાત્રતાની શરતો પૂરી કરવી પડે છે. દાખલા તરીકે ચૂંટણી લડનારી વ્યક્તિ ભારતની નાગરિક હોવી જોઈએ. તેની ઉંમર ૨૧ વર્ષ પૂરી થયેલી હોવી જોઈએ. સ્થાનિક મતદાર યાદીમાં તે વ્યક્તિનું નામ સમાવિષ્ટ થયેલું હોવું જોઈએ. પાત્રતાની આ શરતો શહેરી સ્થાનિક શાસન સંસ્થાને પણ લાગુ પડે છે.

## સ્થાનિક શાસન સંસ્થા - ગ્રામીણ

| ગ્રામપંચાયત | પંચાયત સમિતિ | જિલ્લા પરિષદ |
|---|---|---|
| **સભ્ય સંખ્યા** | | |
| ઓછામાં ઓછી ૭<br>વધારેમાં વધારે ૧૭ | ઓછામાં ઓછી ૧૫<br>વધુમાં વધુ ૪૫ | ઓછામાં ઓછી ૫૦<br>વધુમાં વધુ ૭૫ |
| **પદાધિકારી** | | |
| સરપંચ<br>ઉપસરપંચ | સભાપતિ<br>ઉપસભાપતિ | અધ્યક્ષ<br>ઉપાધ્યક્ષ |
| **અધિકારી** | | |
| ગ્રામસેવક | જૂથ વિકાસ અધિકારી | મુખ્ય કાર્યકારી અધિકારી |



## સ્વાધ્યાય

**૧. યોગ્ય પર્યાય સામે (✓) આવી નિશાની કરો.**

(૧) દરેક ગામનો સ્થાનિક કારભાર ....... કરે છે.

ગ્રામપંચાયત ☐ પંચાયત સમિતિ ☐ જિલ્લા પરિષદ ☐

(૨) દરેક આર્થિક વર્ષમાં ગ્રામસભાની ઓછામાં ઓછી ...... સભા થવી બંધનકારક હોય છે.

ચાર ☐ પાંચ ☐ છ ☐

(૩) હાલમાં મહારાષ્ટ્રના .......... જિલ્લા છે.

૩૪ ☐ ૩૫ ☐ ૩૬ ☐

**૨. યાદી બનાવો.**

પંચાયત સમિતિનાં કાર્યો.

**૩. તમને શું લાગે છે તે કહો.**

(૧) ગ્રામપંચાયત વિવિધ કર ઉઘરાવે છે.

(૨) મહારાષ્ટ્રના કુલ જિલ્લાની સંખ્યા કરતાં જિલ્લા પરિષદની સંખ્યા ઓછી છે.

**૪. તક્તો પૂર્ણ કરો.**

મારો તાલુકો, મારી પંચાયત સમિતિ

(૧) તાલુકાનું નામ .............

(૨) પંચાયત સમિતિના સભાપતિનું નામ .............

(૩) પંચાયત સમિતિના ઉપસભાપતિનું નામ .............

(૪) જૂથવિકાસ અધિકારીનું નામ .............

(૫) જૂથશિક્ષણ અધિકારીનું નામ .............

**૫. ટૂંકમાં માહિતી લખો.**

(૧) સરપંચ

(૨) મુખ્ય કાર્યકારી અધિકારી

**ઉપક્રમ :**

(૧) અભિરૂપ ગ્રામસભાનું આયોજન કરીને સરપંચ, સભ્ય, નાગરિક, ગ્રામસેવક આ ભૂમિકા બજાવો.

(૨) બાલસંસદની રચના સ્પષ્ટ કરતો તક્તો બનાવો અને વર્ગમાં દર્શની ભાગમાં લગાડો.

(૩) તમારા પરિસરના અથવા શહેર નજીકની જિલ્લા પરિષદની યોજનાઓની માહિતી મેળવો.

* * *

# ૪. શહેરી સ્થાનિક શાસન સંસ્થા


૪.૧ નગરપંચાયત
૪.૨ નગરપરિષદ
૪.૩ મહાનગરપાલિકા


આગળના પાઠમાં આપણે ગ્રામીણ વિસ્તારની સ્થાનિક શાસન સંસ્થાનું સ્વરૂપ જોયું. આ પાઠમાં આપણે શહેરી વિસ્તારની સ્થાનિક શાસન સંસ્થાઓનું સ્વરૂપ સમજવાના છીએ. શહેરી સ્થાનિક શાસન સંસ્થાઓમાં નગરપંચાયત, નગરપરિષદ અને મહાનગરપાલિકાનો સમાવેશ થાય છે.

આપણા દેશમાં શહેરોની સંખ્યા ખૂબ છે. શહેરો ઝડપથી વધી રહ્યાં છે. ગામડાંના અર્ધશહેરો, અર્ધશહેરોનાં શહેરો અને શહેરોના મહાનગરો થતાં જાય છે. શહેરોની આજુબાજુના ગ્રામીણ વિસ્તારનું પણ સ્વરૂપ બદલાતું જાય છે.



**ચાલો, ચર્ચા કરો.**

શહેરોને મૂંઝવતા મુખ્ય પ્રશ્નો ક્યા ક્યા છે?

દિવાળીની રજાઓમાં મજા માણવા શહેરના સગાંવહાલાંના ઘરે ગયેલી રેશમા પાછી આવ્યા પછી ત્યાંના કેટલાક પ્રસંગો વિશે વિચારવા લાગી. રેશમાની જેમ જ આ પ્રસંગો વિશે તમે વિચાર કરો અને બે પરિચ્છેદમાં તે લખો.

- રુગ્ણવાહિકા (ઍમ્બ્યુલેન્સ)ની સાયરન મોટેથી વાગતી હતી અને રસ્તો ખુલ્લો મળતો નહોતો.
- પાણીકપાતના નિર્ણયને લીધે પાણીના ટૅંકર સામે ગીરદી હતી.
- બગીચામાં નાનાં બાળકો અને વરિષ્ઠ નાગરિકો માટે સગવડો કરવામાં આવતી હતી.

**શહેરોમાંની સગવડો અને સમસ્યા**

| સગવડો | સમસ્યા |
| --- | --- |
| ૧. ઉદ્યોગ, વ્યવસાયની તક | ૧. અપૂરતાં રહેઠાણ |
| ૨. વધતા જતાં સેવાક્ષેત્ર | ૨. જગ્યાની અછત |
| ૩. મોટા પ્રમાણમાં રોજગાર | ૩. વાહનવ્યવહારની અડચણો |
| ૪. મનોરંજન, કલા, સાહિત્ય, વગેરે સગવડ ઉપલબ્ધ | ૪. કચરાના નિકાલની સમસ્યા |
| | ૫. વધતી જતી ગુનાખોરી |
| | ૬. ગલિચ્છ વસ્તીઓમાં મોટા પ્રમાણમાં લોકસંખ્યા |

## ૪.૧ નગરપંચાયત

શહેર થવાની પ્રક્રિયામાં જે ગામો હોય છે ત્યાં નગરપંચાયત હોય છે. પૂર્ણતઃ ગામડું નહિ અને શહેર પણ નહિ એવાં કેટલાંક સ્થળો આપણે જોઈએ છીએ ત્યાંની સ્થાનિક શાસન સંસ્થા એટલે નગરપંચાયત. અન્ય સ્થાનિક સંસ્થાઓ પ્રમાણે નગરપંચાયતની ચૂંટણી દર પાંચ વર્ષે થાય છે. ચૂંટાયેલા પ્રતિનિધિ પોતાનામાંથી એકની અધ્યક્ષ અને એકની ઉપાધ્યક્ષ તરીકે પંસદગી કરે છે.

✻ બધી જ સ્થાનિક શાસન સંસ્થાઓને કેટલાંક જરૂરી કાર્યો કરવાં પડે છે. તે અનુસાર નગરપંચાયતનાં આવશ્યક કામો ક્યાં હશે એવું તમને લાગે છે ?

## ૪.૨ નગરપરિષદ

નાનાં શહેરો માટે સ્થાનિક શાસન હેતુ નગરપરિષદની રચના કરવામાં આવે છે. નગરપરિષદની ચૂંટણી દર પાંચ વર્ષે થાય છે. ચૂંટાયેલા પ્રતિનિધિ નગરસેવક તરીકે કાર્ય કરે છે. તેઓ પોતાનામાંથી એક સભ્ય ને અધ્યક્ષ તરીકે ચૂંટે છે. જેને નગરાધ્યક્ષ કહેવાય છે. નગરપરિષદની સર્વ સભાઓનું અધ્યક્ષસ્થાન નગરાધ્યક્ષ શોભાવે છે. ત્યાંનાં કામકાજનું નિયમન કરે છે. નગરપરિષદના આર્થિક પ્રશાસન (વહીવટ) પર નગરાધ્યક્ષ ધ્યાન આપે છે. નગરાધ્યક્ષની ગેરહાજરીમાં ઉપનગરાધ્યક્ષ નગરપરિષદનું કામકાજ સંભાળે છે.

નગરપરિષદ માટે કેટલાંક કામો કરવાં બંધનકારક હોય છે, તે આવશ્યક (ફરજિયાત) કાર્ય તરીકે ઓળખાય છે. દાખલા તરીકે, સાર્વજનિક રસ્તાઓ ઉપર દીવાબત્તીની સગવડ કરવી, પાણીપુરવઠો, સાર્વજનિક સ્વચ્છતા અને મલનિઃસારણની વ્યવસ્થા કરવી, જન્મ–મૃત્યુ, વિવાહની નોંધ રાખવી, વગેરે.

આ ઉપરાંત નગરપરિષદ જનતાને વધારે સેવાસુવિધા મળે માટે બીજાં પણ કેટલાંક કાર્યો કરે છે. તેને 'નગરપરિષદના ઐચ્છિક (મરજિયાત) કાર્યો' કહેવાય છે. સાર્વજનિક રસ્તાઓની ગોઠવણ કરવી અને તે માટે જગ્યાનું સંપાદન કરવું એટલે તે મેળવવી, ગલિચ્છ વસતિઓમાં સુધારણા કરવી, સાર્વજનિક બાગ અને ઉદ્યાનો બનાવવાં, ઢોરો માટે સુરક્ષિત રહેઠાણ ઉપલબ્ધ કરી આપવાં, વગેરે. આ કાર્યો નગરપરિષદનાં ઐચ્છિક કાર્યો છે.




**તમે જાણો છો કે ?**

દરેક નગરપરિષદ માટે એક મુખ્યાધિકારી હોય છે. નગરપરિષદે લીધેલા નિર્ણયની તે અમલબજાવણી કરે છે. તેને મદદ કરવા માટે અનેક અધિકારી હોય છે.

✻ તમને આવા અધિકારી બનવાનું ગમશે કે? તમે આરોગ્યાધિકારી બન્યા તો ક્યાં કામો કરશો ?

**નગરપરિષદના આવકના માર્ગ**






**તમે શું કરશો ?**

૧. તમારા ઘરનો કચરો, કચરો લઈ જનારને આપતી વખતે....

૨. પાણીનો પાઈપ તૂટવાને લીધે રસ્તા ઉપર પાણી ભરાયું છે, ત્યારે ......

૩. પાણીપૂરી માટે અસ્વચ્છ પાણી વાપરવામાં આવે છે તે તમારા ધ્યાનમાં આવે છે, ત્યારે ...

૪. પુલ ઉપરથી અનેક લોકો નદીમાં વાસી ફૂલહાર ભરેલી પ્લાસ્ટિકની થેલીઓ નાંખે છે, ત્યારે ...

૫. ગીચ વસતિઓની સુધારણાનો નગરપરિષદનો કાર્યક્રમ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયો છે, પરંતુ તેમાંની એકાદ કૃતિ તમને અયોગ્ય લાગે છે, ત્યારે ...

**નગરપરિષદનો અપીલ પત્ર**

ડેંગ્યુનો ફેલાવો અટકાવવા માટે મચ્છરની ઉત્પત્તિ અટકાવો. તે માટે આટલું કરો.

૧. જૂના ટાયર, નાળિયેરની કાચલી, જૂના ખાલી ડબ્બા અગાસી ઉપર અથવા આસપાસ જમા થવા દેવા નહિ.

૨. તાવ ઊતરતો ન હોય તો તરત જ વૈદકીય મદદ લો.

૩. પરિસર સ્વચ્છ રાખો.

✻ તમારા ઘરમાં અને પરિસરમાં આ અપીલ આધારે તમે શું કરશો ?

### ૪.૩ મહાનગરપાલિકા

મોટાં શહેરોમાં નાગરિકોને વિવિધ સેવા આપનારી સ્થાનિક શાસન સંસ્થાને 'મહાનગરપાલિકા' કહેવાય છે. મહારાષ્ટ્રમાં સૌ પ્રથમ મુંબઈમાં મહાનગરપાલિકાની સ્થાપના કરવામાં આવી.

**શોધો એટલે વધુ સમજાશે ...**

આપણા મહારાષ્ટ્રમાં કેટલા શહેરોનો કારભાર મહાનગરપાલિકા સંભાળે છે?

તમારા શહેરની મહાનગરપાલિકા ક્યારે અસ્તિત્વમાં આવી ?

શહેરોની લોકસંખ્યાના પ્રમાણમાં મહાનગરપાલિકાના કુલ સદસ્યોની સંખ્યા નિશ્ચિત કરવામાં આવે છે. દર પાંચ વર્ષે મહાનગરપાલિકાની ચૂંટણીઓ થાય છે. ચૂંટાયેલા પ્રતિનિધિઓ નગરસેવક બને છે. તેઓ પોતાનામાંથી એકની મેયર અને એકની ઉપમેયર તરીકે પસંદગી કરે છે. મેયરને શહેરનો પ્રથમ નાગરિક માનવામાં આવે છે. મહાનગરપાલિકાની સભાના તેઓ અધ્યક્ષ હોય છે. મહાનગરપાલિકાની સર્વસાધારણ સભામાં શહેરના અનેક પ્રશ્નો ઉપર ચર્ચા થાય છે. શહેરના વિકાસસંબંધી અનેક મહત્ત્વના નિર્ણય ત્યાં લેવામાં આવે છે.

**મહાનગરપાલિકાની સમિતિઓ :** મહાનગરપાલિકાનો કારભાર સમિતિઓ દ્વારા ચલાવવામાં આવે છે. શિક્ષણ સમિતિ, આરોગ્ય સમિતિ, પરિવહન સમિતિ જેવી તેમાંની કેટલીક મહત્ત્વની સમિતિઓ છે.

**મહાનગરપાલિકાનું પ્રશાસન :** મહાનગરપાલિકાના આયુક્ત (કમિશનર) મહાનગરપાલિકાના પ્રશાસનના પ્રમુખ હોય છે. મહાનગરપાલિકાએ લીધેલા દરેક નિર્ણયોની તેઓ અમલબજાવણી કરે છે. દા.ત. કોઈ મહાગનરપાલિકાએ પ્લાસ્ટિકની થેલીના વપરાશ બાબતે પ્રતિબંધ નિર્ણય લીધો હોય તો તેની પ્રત્યક્ષ અમલબજાવણી મહાનગરપાલિકાના કમિશનર (આયુક્ત) કરે છે. મહાનગરપાલિકાનું વાર્ષિક અંદાજપત્રક તેઓ તૈયાર કરે છે. મહાનગરપાલિકાની સર્વસાધારણ સભાઓમાં તેઓ ઉપસ્થિત રહે છે.



**કરીને જુઓ.**

તમારા વર્ગની એક શિક્ષણ સમિતિ બનાવો. છોકરાઓ અને છોકરીઓનું સમાન પ્રતિનિધિત્વવાળી આ સમિતિએ નીચેના પ્રશ્નો ઉપર ચર્ચા કરવી અને અહેવાલ તૈયાર કરવો.

(૧) વર્ગખંડની સુવિધા

(૨) વર્ગમાં નાના પુસ્તકાલયની રચનાનો પ્રસ્તાવ

(૩) રમતસ્પર્ધાનું આયોજન



**તમે જાણો છો કે ?**

કુલ લોકસંખ્યામાં સ્ત્રીઓનું પ્રમાણ લગભગ અર્ધું છે. તેમછતાં રાજ્યકારભારમાં સ્ત્રીઓનો અભાવ જ દેખાય છે. આપણા ઘરગથ્થુ કાર્યોમાંથી સ્ત્રીઓ અન્ન, ઈંધણ, પાણી જેવા અનેક મહત્ત્વના વિષયનો રોજ અભ્યાસ કરે છે પણ આ બાબત નિર્ણય લેવામાં માત્ર તેમનું યોગદાન હોતું નથી. ઘરના પાણીની કાળજી મહિલાઓ લે છે પણ પાણીના પ્રશ્નમાં તેનો સહભાગ હોતો નથી. સ્થાનિક શાસન સંસ્થામાં પચાસ ટકા અનામત જગ્યાને કારણે આવા મહત્ત્વના પ્રશ્નો હલ કરવાની તક મહિલાઓને મળી છે.

નીચે આપેલી યાદીમાંથી મહાનગરપાલિકાના કાર્યો શોધો અને તેની એક યાદી તૈયાર કરો.

- પાણીપુરવઠો
- પોલીસ
- રેલ્વેનું સમયપત્રક નક્કી કરવું
- પર્યાવરણ રક્ષણ
- દેશની સરહદોનું રક્ષણ
- રસ્તા પરના દીવાબત્તી
- અનધિકૃત બાંધકામ ઉપર હથોડો
- જન્મ-મૃત્યુ, વિવાહ નોંધ
- અગ્નિશામક સેવા
- જોખમકારક ઇમારત વિશે સૂચના
- પ્રાથમિક શિક્ષણ
- બાંધકામોની પરવાનગી
- શહેરનો સાર્વજનિક વાહનવ્યવહાર




**મહાનગરપાલિકાની આવકના માર્ગ**

↓

- → ઘરવેરો
- → માલમત્તા વેરો
- → પાણી વેરો
- → વ્યવસાય વેરો
- → મનોરંજન કર
- → કરજની રચના
- → રાજ્ય સરકારનું અનુદાન

**આ વાંચ્યા પછી તમને શું લાગ્યું ?**

- તમારા શહેરમાં મેટ્રો શરૂ થવાની છે.
- ચોવીસ માળની ઇમારત બાંધવાની પરવાનગી મળી છે.
- પ્રત્યેક પ્રભાગમાં બગીચાઓ અને મનોરંજન કેંદ્રની નિર્મિતિ થવાની છે.
- શુદ્ધ પાણીનો ઉપયોગ બગીચામાં અને ગાડીઓ ધોવા માટે કરનારાઓ ઉપર કાર્યવાહી થવાની છે.
- ભીનો કચરો પરિસરમાં જ શોષાવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે.
- વરિષ્ઠ નાગરિકો માટે વૃદ્ધાશ્રમોની સ્થાપના કરવામાં આવશે.

**મહાનગરપાલિકાએ આવું કેમ કર્યું ?**

- મહાનગરપાલિકાએ ટેકરીઓ ઉપરનાં વૃક્ષો પાડીને બાંધકામ કરવાની પરવાનગી આપી નહિ...
- ડેંગ્યુ, સ્વાઇન ફ્લુ, કોરોના જેવા રોગો નિયંત્રણમાં રાખવા માટે અનેક ઉપાયયોજનાઓ કરી.
- અગ્નિશામક યંત્રણાને આધુનિક કરી.
- શાકભાજી બજારના વજનકાંટાની તપાસણી કરી.

**શું કરશો ?**

તમારા પરિસરની નગરપરિષદ અથવા મહાનગરપાલિકાના રુગ્ણાલયો (હૉસ્પિટલ) ક્યાં છે તે શોધો.

આ રુગ્ણાલયોમાં કઈ કઈ સુવિધાઓ છે ?

રુગ્ણાલયોમાં ઉપચાર કરાવવા માટે શું કરવું પડે છે?

### સ્થાનિક શાસન સંસ્થા - શહેરી

| નગરપંચાયત | નગરપરિષદ | મહાનગરપાલિકા |
|---|---|---|
| | **સભ્ય સંખ્યા** | |
| ઓછામાં ઓછા ૯<br>વધુમાં વધુ ૧૫ | ઓછામાં ઓછા ૧૭<br>વધુમાં વધુ ૩૮ | લોકસંખ્યાના પ્રમાણમાં કુલ સભ્યોની સંખ્યા નક્કી થાય |
| | **પદાધિકારી** | |
| અધ્યક્ષ<br>ઉપાધ્યક્ષ | નગરાધ્યક્ષ<br>ઉપનગરાધ્યક્ષ | મેયર<br>ઉપમેયર |
| | **અધિકારી** | |
| કાર્યકારી અધિકારી | મુખ્યાધિકારી | કમિશનર (આયુક્ત) |



**તમે જાણો છો કે ?**

**આરક્ષણ એટલે શું ? તે શા માટે જરૂરી છે ?**

ગ્રામપંચાયત, પંચાયત સમિતિ અને જિલ્લા પરિષદ, નગરપંચાયત, નગરપરિષદ અને મહાનગરપાલિકામાં જેટલી જગ્યા (સીટો) પ્રજાએ ચૂંટવાની હોય છે, તેમાંની કેટલીક સીટો અનુસૂચિત જાતિ, અનુસૂચિત જમાતી અને પછાતવર્ગના નાગરિકો માટે અનામત રાખેલી હોય છે. આ સીટો ઉપર તે–તે વર્ગના લોકો જ ચૂંટાઈ આવે છે. આને જ સીટોનું (જગ્યાનું) 'આરક્ષણ' કહેવાય છે. તેમજ કુલ સીટોમાંથી અર્ધી સીટો મહિલાઓ માટે અનામત હોય છે.

સમાજના વંચિત ઘટકોને અને મહિલાઓને ગામના અથવા શહેરના કારભારમાં ભાગ લેવા મળે, નિર્ણય લેવામાં સહભાગી થવા મળે માટે આરક્ષણ આવશ્યક હોય છે. લોકશાહીમાં બધાને સહભાગી થવાની તક મળે તે જરૂરી હોય છે.



## સ્વાધ્યાય

**૧. આપેલા પર્યાયોમાંથી યોગ્ય પર્યાય ઓળખો અને લખો.**

(૧) મહારાષ્ટ્રમાં સૌ પ્રથમ મહાનગરપાલિકા સ્થાપવામાં આવી તે શહેરનું નામ ...........

(નાગપુર, મુંબઈ, લાતુર)

(૨) શહેર થવાની પ્રક્રિયામાં જે ગામો હોય છે ત્યાં કામકાજ સંભાળે છે ..............

(નગરપરિષદ, મહાનગરપાલિકા, નગરપંચાયત)

(૩) નગરપરિષદના આર્થિક પ્રશાસન ઉપર ધ્યાન રાખે છે ..............
(મુખ્યાધિકારી, કાર્યકારી અધિકારી, આયુક્ત)

**૨. ટૂંકમાં ઉત્તરો લખો.**

(૧) શહેરમાં કઈ કઈ સમસ્યાઓ જોવા મળે છે ?
(૨) મહાનગરપાલિકાની વિવિધ સમિતિઓનાં નામ લખો.

**૩. નીચેના મુદ્દાના આધારે શહેરી સ્થાનિક શાસન સંસ્થા વિશે માહિતી આપતો તક્તો બનાવો.**

| મુદ્દા | નગરપંચાયત | નગરપરિષદ | મહાનગરપાલિકા |
|---|---|---|---|
| પદાધિકારી | | | |
| સભ્ય સંખ્યા | | | |
| અધિકારી | | | |

**૪. કહો જોઈએ.**

(૧) નગરપરિષદના આવશ્યક કાર્યોમાં ક્યાં ક્યાં કામોનો સમાવેશ થાય છે ?


(૨) નગરપંચાયત ક્યા સ્થળે હોય છે ?

**૫. તમારા જિલ્લામાં ક્યા ક્યા નગરપરિષદ, નગરપંચાયત અને મહાનગરપાલિકા કાર્યો સંભાળે છે તેના નામોની યાદી બનાવો.**

**ઉપક્રમ :**

(૧) સંસર્ગજન્ય રોગો ફેલાય નહિ માટે આરોગ્યની જાગૃતિ વિશે ઘોષવાક્યો (સ્લોગનો) બનાવો અને વર્ગમાં લગાડો.

(૨) તમારા પરિસરની મહાનગરપાલિકાની મુલાકાત લો. ત્યાં ક્યા ક્યા નવા ઉપક્રમો હાથ ધરવામાં આવ્યા છે તેની માહિતી મેળવો. તેમાં તમે શું યોગદાન આપી શકો છો તેના ઉપર વર્ગમાં ચર્ચા કરો.



રુગ્ણાલય (હૉસ્પિટલ)

* * *


3G21FP

# ૫. જિલ્લા પ્રશાસન

૫.૧ જિલ્લાધિકારી

૫.૨ જિલ્લા પોલીસ પ્રમુખ

૫.૩ જિલ્લા ન્યાયાલય




આવા પ્રશ્નો તમને પણ થતા હશે ને ? જિલ્લા પરિષદ પંચાયતી રાજ્યવ્યવસ્થાની એટલે જ ગ્રામીણ સ્થાનિક શાસન સંસ્થાનું એક ઘટક છે. પરંતુ આપણા મહારાષ્ટ્રમાં જિલ્લાનું પ્રશાસન જિલ્લા પરિષદની સાથે જ જિલ્લાધિકારી દ્વારા પણ કરવામાં આવે છે. કેંદ્ર સરકાર અને રાજ્ય સરકાર આ પ્રશાસનમાં સહભાગી હોય છે.

## ૫.૧ જિલ્લાધિકારી

જિલ્લા પ્રશાસનના પ્રમુખ જિલ્લાધિકારી હોય છે. તેની નિમણૂંક રાજ્યસરકાર કરે છે. જિલ્લાધિકારીને ખેતીનું મહેસૂલ ઉઘરાવવાથી તે જિલ્લામાં કાયદો અને સુવ્યવસ્થા રાખવા સુધીનાં અનેક કાર્યો કરવાં પડે છે. નીચેના તક્તાને આધારે તે આપણે સમજી લઈએ.

| જિલ્લાધિકારી | | | |
|---|---|---|---|
| ખેતી | કાયદો અને સુવ્યવસ્થા | ચૂંટણી અધિકારી | આપત્તિ વ્યવસ્થાપન |
| • ખેતી મહેસૂલ ઉઘરાવવું. | • જિલ્લામાં શાંતિ પ્રસ્થાપિત કરવી. | • ચૂંટણી યોગ્ય રીતે પાર પાડવી. | • આપત્તિના સમયે ત્વરિત નિર્ણય લઈને નુકસાન અટકાવવું. |
| • ખેતી સંબંધિત કાયદાની અમલ–બજાવણી કરવી. | • સામાજિક સ્વાસ્થ્ય અબાધિત રાખવું. | • ચૂંટણીના સંદર્ભે જરૂરી નિર્ણય લેવા. | • આપત્તિ વ્યવસ્થાપનની યંત્રણાને આદેશ આપવો. |
| • દુકાળ અને ચારાની અછત માટેની ઉપાય યોજના કરવી. | • સભાબંધી, સંચાર બંધી (કરફ્યુ) લાદવી. | • મતદાર યાદીઓ અદ્યયાવત રાખવી. | • આપત્તિગ્રસ્તોનું પુનર્વસન કરવું. |

**તમે જાણો છો કે ?**


**સામાજિક સ્વાસ્થ્ય જાળવવું શા માટે મહત્ત્વનું છે ?**

સમાજમાં રહેલા મતભેદ, ઝઘડા અને સંઘર્ષનું નિરાકરણ શાંતિના માર્ગે થવું જોઈએ, પરંતુ ક્યારેક એવું ન થતાં અશાંતિ ઉદ્‌ભવે છે. તેમાંથી હિંસક ઘટના ઘટે તો આપણા સમાજનું સ્વાસ્થ્ય બગડે છે. તેને લીધે આપણી પ્રગતિમાં મુશ્કેલી આવે છે. સાર્વજનિક માલમત્તાનું નુકસાન થાય છે. આવું ન થાય માટે જિલ્લાધિકારી પ્રયત્ન કરે છે, પણ નાગરિકોએ પણ સામાજિક સ્વાસ્થ્ય ટકાવી રાખવા માટે પ્રયત્ન કરવા જોઈએ.

**તહસીલદાર :** પ્રત્યેક તાલુકા માટે એક તહસીલદાર હોય છે. તહસીલદાર તાલુકા ન્યાયાધીશ (દંડાધિકારી) હોવાના નાતે તકરારોનું નિવારણ પણ કરે છે. તાલુકામાં શાંતિ અને સુવ્યવસ્થા રાખવાની જવાબદારી તહસીલદારની છે.

### ૫.૨ જિલ્લા પોલીસ પ્રમુખ

મહારાષ્ટ્રમાં પ્રત્યેક જિલ્લાના સ્થળે એક પોલીસ અધિક્ષક હોય છે. તે જિલ્લાના તેઓ મુખ્ય પોલીસ અધિકારી હોય છે. જિલ્લામાં શાંતિ અને સુવ્યવસ્થા જાળવવા માટે જિલ્લા પોલીસપ્રમુખ જિલ્લાધિકારીને મદદ કરે છે. શહેરમાં શાંતિ અને સુવ્યવસ્થા રાખવાની જવાબદારી પોલીસ આયુક્ત (કમિશનર) પર હોય છે.



પોલીસ અધિક્ષક પોલીસદળનું નિરીક્ષણ કરતા

**જિલ્લા પ્રશાસન**

| | |
|---|---|
| જિલ્લાધિકારી | પોલીસ અધિક્ષક |
| ઉપજિલ્લાધિકારી | પોલીસ ઉપઅધિક્ષક |
| તહસીલદાર | પોલીસ નિરીક્ષક |
| તલાટી | સહાયક પોલીસ નિરીક્ષક |
| પોલીસપાટીલ | |

### ૫.૩ જિલ્લા ન્યાયાલય

પોતાના અધિકાર ક્ષેત્રની તકરાર નિવારવી, તકરારમાં ન્યાય આપવો અને સંઘર્ષનું સમયસર નિરાકરણ કરવું જેવા કાર્ય જિલ્લાસ્તરના ન્યાયાલયને કરવાં પડે છે.

ભારતના સંવિધાને સ્વતંત્ર ન્યાયવ્યવસ્થાની જોગવાઈ કરી છે. ન્યાયવ્યવસ્થાના સર્વોચ્ચ પદે ભારતનું સર્વોચ્ચ ન્યાયાલય હોય છે. તેની નીચે કનિષ્ઠ ન્યાયાલયો હોય છે. તેમાં જિલ્લા ન્યાયાલય, તાલુકા ન્યાયાલય અને મહેસૂલ ન્યાયાલયનો સમાવેશ થાય છે.



ન્યાયાલયનું કામકાજ

જિલ્લા સ્તરનાં ન્યાયાલયને 'જિલ્લા ન્યાયાલય' કહેવાય છે. તેમાં એક મુખ્ય જિલ્લા ન્યાયાધીશ અને બીજાં કેટલાંક ન્યાયાધીશ હોય છે. જિલ્લાના જુદાજુદા પ્રકરણે (ખટલાઓ)ની સુનાવણી અને પછી અંતિમ નિર્ણય આપવાનું કામ જિલ્લા ન્યાયાલયના ન્યાયાધીશો કરે છે. તાલુકા ન્યાયાલયે આપેલા નિર્ણય વિરુદ્ધ જિલ્લા ન્યાયાલયમાં અપીલ કરી શકાય છે.

**જિલ્લા ન્યાયાલય**

- દિવાની ન્યાયાધીશ
  દિવાની ખટલા માટે
- સત્ર ન્યાયાધીશ
  - મૅજિસ્ટ્રેટ (દંડાધિકારી) પ્રથમ શ્રેણી
  - મૅજિસ્ટ્રેટ (ન્યાયાધીશ) દ્વિતીય શ્રેણી

  (ફોજદારી ખટલા માટે)

### આપત્તિ વ્યવસ્થાપન

આપણે જુદીજુદી આપત્તિઓનો સામનો કરવો પડે છે. પૂર, આગ, વાવાઝોડું, અતિવૃષ્ટિ, કરા પડવા, ધરતીકંપ, ભૂસ્ખલન જેવી કુદરતી આપત્તિની સાથે જ રમખાણો, બંધ તૂટવો, બૉંબસ્ફોટ, રોગચાળો જેવી આપત્તિનો સામનો કરવો પડે છે. આવા પ્રકારની આપત્તિને લીધે લોકોનું ખૂબ મોટા પ્રમાણમાં સ્થળાંતર થાય છે. તેમજ જાનમાલનું નુકશાન થાય છે. તેને લીધે પુનર્વસનના પ્રશ્નો પણ મહત્ત્વના બને છે. આપત્તિનો સુવ્યવસ્થિત અને વૈજ્ઞાનિક પદ્ધતિથી સામનો કરવાની પદ્ધતિને 'આપત્તિ વ્યવસ્થાપન' કહેવાય છે. આપત્તિ વ્યવસ્થાપનમાં સંપૂર્ણ જિલ્લા પ્રશાસનની યંત્રણા સંકળાયેલી હોય છે. તંત્રજ્ઞાનની પ્રગતિને લીધે અનેક આપત્તિની હવે પૂર્વસૂચના મળી શકે છે. દાખલા તરીકે, પૂરની, વાવાઝોડાની પૂર્વસૂચના (આગાહી) આપત્તિ પ્રણાલિ વિકસિત થઈ છે. આ પ્રણાલિને લીધે જોખમની સૂચના મળે છે.



**આ હંમેશા યાદ રાખો.**

આપત્તિના સમયે સતર્ક રહેવું જરૂરી છે. આપત્તિનો સામનો કરવા માટે વ્યક્તિ અને વિવિધ યંત્રણાની મદદની જરૂર હોય છે. તેની સાથે ત્વરિત સંપર્ક સાધી શકાય માટે આપણા ઘરમાં દર્શની ભાગમાં દવાખાનાં, પોલીસ, અગ્નિશામક દળ, બ્લડબેંક, વગેરેના દૂરધ્વનિ ક્રમાંક (ફોન નંબર) નોંધી રાખવા. પોતાના મિત્રોને પણ તેમ કરવા કહેવું.



**તમે જાણો છો કે ?**

મહારાષ્ટ્રમાં અનેક અધિકારીઓએ પ્રશાસનમાં સુધારણા લાવવા માટે પ્રયોગ કર્યા છે. તેમના આ પ્રયોગને લીધે નાગરિકોને મળતી સેવામાં સુધારો થયો છે. પરિણામે પ્રશાસન માટે નાગરિકોના અભિપ્રાય અનુકૂળ થવામાં મદદ મળી છે. તેથી નાગરિકોનો પ્રશાસનને મળતો પ્રતિસાદ અને તેનો શાસનમાંનો સહભાગ વધ્યો છે.

**(અ) લખીના પૅટર્ન :** પ્રશાસન કાર્યક્ષમ બને, નાગરિકોને મળતી સાર્વજનિક સેવા ખાસ દર્જાની મળે તે માટે અહમદનગર જિલ્લાના તે સમયના જિલ્લાધિકારી શ્રી. અનિલકુમાર લખીનાએ પ્રશાસનમાં અનેક સુધારણા કરી. તે 'લખીના પૅટર્ન' તરીકે ઓળખવામાં આવે છે. કાર્યપદ્ધતિનું પ્રમાણીકરણ, નિયમ સરળ ભાષામાં લોકોને સમજાય તેવી રીતે રજૂ કરવા વગેરે પ્રશાસકીય ફેરફાર કરવામાં આવ્યા. લોકોનાં કાર્યો એક જ છત હેઠળ થાય માટે તેણે એક ખિડકી (બારી) યોજના શરૂ કરી.

**(બ) દળવી પૅટર્ન :** પુણે જિલ્લાના તત્કાલીન જિલ્લાધિકારી શ્રી. ચંદ્રકાંત દળવીએ

કરેલી પ્રશાસકીય સુધારણા ‘દળવી પૅટર્ન’ તરીકે ઓળખાય છે. ટેબલ ઉપર કાગળપત્રોના અને ફાઈલોના ઢગલા ન થવા દેતા તેનો તે જ દિવસે નિકાલ કરવો અને નિર્ણય લેવામાં ઝડપ લાવવી એ આ સુધારણાનો ઉદ્દિષ્ટ હતો. આ પૅટર્ન ઝીરો પેન્ડન્સી (શૂન્ય વિલંબ) તરીકે ઓળખાય છે. આને લીધે નિર્ણયમાં લેવાતા વિલંબને ટાળી શકાયો. પ્રશાસન ઝડપી બનવામાં તેની મદદ થઈ.

**(ક) ચહાંદે પૅટર્ન :** નાસિકના તત્કાલીન વિભાગીય આયુક્ત ડૉ. સંજય ચહાંદેએ કરેલી પ્રશાસકીય સુધારણાને ‘ચહાંદે પૅટર્ન’ તરીકે ઓળખવામાં આવે છે. પ્રશાસન અને સામાન્ય જનતા વચ્ચેની ખાઈ ઓછી થાય, પ્રશાસનની લોકો પ્રત્યેની જવાબદારી વધે, વિકાસના કાર્યોને પ્રાધાન્યક્રમ જનતાના સહભાગથી નક્કી કરી શકાય તે માટે તેણે ‘ગ્રામસ્થ દિન’ યોજના શરૂ કરી. પ્રશાસકીય અધિકારી અને કર્મચારીએ નક્કી કરેલા દિવસે ગામમાં જઈને ત્યાંના લોકો સાથે સીધો સંવાદ સાધવો અને તેમની સમસ્યાને હલ કરવી તે માટે ગ્રામસ્થ દિનનું આયોજન કરવામાં આવતું.

## સ્વાધ્યાય

### ૧. એક વાક્યમાં ઉત્તર લખો.

(૧) જિલ્લા પ્રશાસનનો પ્રમુખ કોણ હોય છે ?

(૨) તહસીલદાર ઉપર કઈ જવાબદારી હોય છે ?

(૩) ન્યાયવ્યવસ્થાના શિખરે કયું ન્યાયાલય હોય છે ?

(૪) કઈ કઈ આપત્તિની પૂર્વસૂચના આપણને મળી શકે છે ?

### ૨. યોગ્ય જોડી બનાવો.

| અ જૂથ | બ જૂથ |
|---|---|
| (અ) જિલ્લાધિકારી | (૧) તાલુકા ન્યાયાધીશ |
| (આ) જિલ્લા ન્યાયાલય | (૨) કાયદો અને સુવ્યવસ્થા રાખવી |
| (ઇ) તહસીલદાર | (૩) તકરારનું નિવારણ કરવું |

### ૩. નીચેના મુદ્દાઓ ઉપર ચર્ચા કરો.

(૧) આપત્તિ વ્યવસ્થાપન

(૨) જિલ્લાધિકારીનાં કાર્યો

### ૪. તમને આમાંથી શું બનવું ગમે અને શા માટે તે કહો.

(૧) જિલ્લાધિકારી

(૨) જિલ્લા પોલીસ પ્રમુખ

(૩) ન્યાયાધીશ

### ઉપક્રમ :

(૧) તમારી નજીકની પોલીસચોકીની મુલાકાત લઈને ત્યાંના કામકાજ વિશેની માહિતી મેળવો.

(૨) વિવિધ આપત્તિ, તે વિશે લેવાની સાવધાની અને મહત્ત્વના દૂરધ્વનિ (ટેલિફોન) નંબરનો તક્તો બનાવીને વર્ગમાં દેખાય તેવી રીતે લગાડો.


(૩) નવા વર્ષ નિમિત્તે જિલ્લાધિકારી, જિલ્લા પોલીસ પ્રમુખ, જિલ્લાના મુખ્ય ન્યાયાધીશને શુભેચ્છાપત્ર મોકલો.


* * *


3GAHHC

# छत्रपती शिवाजी महाराज स्मृतिग्रंथ

- सामान्य रयतेच्या कल्याणासाठी स्थापन केलेल्या स्वराज्य स्थापनेची कथा उलगडणारे पुस्तक.
- छत्रपती शिवाजी महाराजांच्या उत्तुंग कार्य व त्यामागची तेवढीच उत्तुंग व उदात्त भूमिका वाचकांसमोर आणणारे प्रेरणादायी वाचन साहित्य.
- इतिहास वाचनासाठी पूरक असे संदर्भ पुस्तक.







- इतिहास वाचनासाठी पूरक अशी संदर्भ पुस्तके.
- निवडक लेखक, इतिहासकारांचे प्रेरणादायी लेख.

**पुस्तक मागणीसाठी www.ebalbharati.in, www.balbharati.in संकेतस्थळावर भेट द्या.**


**साहित्य पाठ्यपुस्तक मंडळाच्या विभागीय भांडारांमध्ये विक्रीसाठी उपलब्ध आहे.**

ebalbharati

विभागीय भांडारे संपर्क क्रमांक : पुणे - ☎ २५६५९४६५, कोल्हापूर- ☎ २४६८५७६, मुंबई (गोरेगाव) - ☎ २८७७१८४२, पनवेल - ☎ २७४६२६४६५, नाशिक - ☎ २३९१५११, औरंगाबाद - ☎ २३३२१७१, नागपूर - ☎ २५४७७१६/२५२३०७८, लातूर - ☎ २२०९३०, अमरावती - ☎ २५३०९६५



ગ્રામસભા




મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે.

इतिहास व नागरिकशास्त्र इ. ६ वी (गुजराती माध्यम)

₹ 37.00